આજે હોળીમાં તમારા તમામ દુઃખ અને દર્દ હોમાય જાય અને આવતીકાલની ધુળેટીના તમામ રંગો તમારૂ જીવન ખુશીઓ અને ઉમંગથી ભરી દે એવી શુભકામના...



ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૦૨ માર્ચ, ૨૦૨૬ સોમવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો

સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595

સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

◆અંક નંબર : ૨૫૨◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૦ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ ફાગણ સુદ-૧૪ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

## મોડી રાત સુધી કેન્દ્રની સીસીએસની બેઠક યોજાઈ

# મિડલ ઈસ્ટમાં મહાયુદ્ધ : મોદી સરકાર એક્શનમાં

(એજન્સી દ્વારા)નવી દીલ્હી : રાજસ્થાન, ગુજરાત, તમિલનાડુ અને પુડુચેરીની બે દિવસની મુલાકાત બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાત્રે લગભગ ૯:૩૦ વાગ્યે નવી દિલ્હી પહોંચ્યા. તેમણે સોશિયલ મીડિયા પર આ જાહેરાત કરતા યુએઈ ના રાષ્ટ્રપતિ સાથે વાત કરી. તેમણે યુએઈની સેન્ટ્રલ કમિટીની સેન્ટ્રલ કમિટીની એક બેઠક પણ બોલાવી. મોદીએ જણાવ્યું કે તેમણે તેમના ભાઈ, યુએઈ ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વાત કરી.તેમણે યુએઈ પર થયેલા હુમલાઓની સખત નિંદા કરી અને આ હુમલાઓમાં થયેલા જાનમાલના નુકસાન પર દુઃખ વ્યક્ત કર્યું. મોદીએ કહ્યું કે ભારત આ મુશ્કેલ સમયમાં યુએઈની સાથે ઉભું છે. મોદીએ યુએઈમાં રહેતા ભારતીય સમુદાયની સંભાળ રાખવા બદલ તેમનો આભાર માન્યો. મોદીએ ઈઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી. તેમણે કહ્યું કે અમે પ્રદેશમાં તણાવ ઓછો કરવા, શાંતિ, સુરક્ષા અને સ્થિરતાને સમર્થન આપીએ છીએ. તેઓએ પ્રદેશની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરી. મોદીએ વર્તમાન વિકાસ અંગે ભારતની ચિંતાઓ વ્યક્ત કરી અને નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપી. ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ અંગે, મોદીએ લડાઈનો વહેલામાં વહેલી તકે અંત લાવવાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો. ઈરાન પર યુએસ-ઈઝરાયલી હુમલાઓથી



મધ્ય પૂર્વના સંઘર્ષને ધ્યાનમાં રાખીને, પીએમ મોદીએ રવિવારે રાત્રે દિલ્હી પરત ફર્યા બાદ સુરક્ષા પર કેબિનેટ સમિતિ (સીસીએસ) ની બેઠક બોલાવી. આ બેઠક ઈરાન પર યુએસ અને ઈઝરાયલી હુમલાઓ પછી વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે બોલાવવામાં આવી હતી. ઈરાનના સુપ્રીમ લીડર, આયાતુલ્લાહ અલી ખામેનીના પણ આ હુમલામાં મોત થયા હતા. તેમના મૃત્યુ પછી, પીએમ મોદીએ મોડી રાત સુધી ચાલેલી બેઠકમાં પરિસ્થિતિની સમીક્ષા કરી.સમિતિને ૨૮ ફેબ્રુઆરીએ ઈરાનમાં થયેલા હવાઈ હુમલા અને ત્યારબાદ પરિસ્થિતિમાં થયેલા વધારા વિશે માહિતી આપવામાં આવી હતી, જેમાં અનેક ખાડી

અનુસંધાન પાના નં.૪ પર

## હવે ઈઝરાયલ-હિઝબુલ્લા વચ્ચે યુધ્ધ

**હિઝબુલ્લાહે ઈઝરાયલ ઉપર ડ્રોન-મિસાઈલ છોડતા ઈઝરાયલે કર્યો વળતો પ્રહારઃ બૈરૂતમાં ઘુસી એરસ્ટ્રાઈક : હિઝબુલ્લાહ ખામેઈનીનો બદલો લેવા વચ્ચે કુદ્યુંઃ યુધ્ધની કરી જાહેરાતઃ ઈઝરાયલે હિઝબુલ્લાહના અડડાઓનો કર્યો સફાર્યા**

(એજન્સી દ્વારા) નવી દિલ્હીઃ ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનીના મૃત્યુથી ગુસ્સે ભરાયેલા હિઝબુલ્લાહે પણ ઈઝરાયલ પર મિસાઈલો છોડવાનું શરૂ કર્યું. ત્યારબાદ ઈઝરાયલ લેબનોનની રાજધાની બેરૂતમાં પ્રવેશ્યું, જેનાથી વિનાશ થયો. અહેવાલો અનુસાર, ઈઝરાયલે બેરૂતમાં હવાઈ હુમલો કર્યો. અમેરિકા અને ઈઝરાયલ સંયુક્ત રીતે ઈરાન પર હુમલા કરી રહ્યા છે. ઈરાન ખાડી



દેશોમાં અમેરિકન ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે. આ દરમિયાન, હિઝબુલ્લાએ પણ ઈઝરાયલ સામે યુદ્ધની ઘોષણા કરી.જ્યારે હિઝબુલ્લા મિસાઈલો ઈઝરાયલમાં પડવા લાગી, ત્યારે સમગ્ર દેશમાં સાયરન વાગવા લાગ્યા. આ મિસાઈલો ખાસ કરીને ઉત્તરીય સરહદ નજીક પડી. અત્યાર સુધી, એવું નોંધાયું છે કે હિઝબુલ્લાની મિસાઈલો ખુલ્લા વિસ્તારોમાં પડી છે, જેના કારણે થોડું નુકસાન થયું છે.

હિઝબુલ્લાહ કહે છે કે તે ખુલ્લેઆમ ઈરાનને ટેકો આપ શે અને આ યુદ્ધમાં પણ ભાગ લેશે. એ નોંધવું જોઈએ કે હિઝબુલ્લાહનો ઈઝરાયલ

અનુસંધાન પાના નં.૪ પર

## પશ્ચિમ બંગાળમાં ચૂંટણીનો શંખનાદ

**બંગાળમાં ચૂંટણીનું બ્યુગલ વાગ્યું...ભાજપની ૫,૦૦૦ કિમી લાંબી પરિવર્તન યાત્રા : ૧૫ માર્ચે કોલકાતામાં પીએમ મોદી વિશાળ રેલી સંબોધશે : કેન્દ્રીય મંત્રીમંડળના સભ્યો સહિત ભાજપના અન્ય ઘણા વરિષ્ઠ કેન્દ્રીય નેતાઓ પ્રસ્તાવિત પરિવર્તન યાત્રામાં ભાગ લેવાના છે**

(એજન્સી દ્વારા) કોલકાતા : આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ.બંગાળમાં આવી રહ્યા છે. તેઓ ૧૫ માર્ચે મધ્ય કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે એક વિશાળ રેલીને સંબોધિત કરશે. આ વિશાળ રેલી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પ. બંગાળ એકમની પરિવર્તન યાત્રાના સમાપન તરીકે પણ ઓળખાશે. બંગાળમાં પરિવર્તન યાત્રા રવિવારે શરૂ થઈ. બંગાળમાં નવ સ્થળોએ નવ અલગ અલગ રેલીઓ યોજાશે.રવિવારે બંગાળમાં પરિવર્તન યાત્રા શરૂ કરવામાં આવી હતી. તે સોમવાર, ૨ માર્ચે ચાલુ રહેશે. જોકે, ૩ અને ૪ માર્ચે ડોલ યાત્રા અને ૪ માર્ચે હોળી હોવાથી કોઈ રેલી નહીં થાય. રેલીઓ ૫ માર્ચે ફરી શરૂ થશે અને રાજ્યના તમામ ૨૯૪ વિધાનસભા મતવિસ્તારોને આવરી લીધા પછી સમાપ્ત થશે.ભાજપના રાજ્ય સમિતિના સભ્યએ જણાવ્યું હતું કે આખરે, પરિવર્તન યાત્રા ૧૫ માર્ચે કોલકાતાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે વડા પ્રધાનની રેલી સાથે સત્તાવાર રીતે સમાપ્ત થશે. જોકે, વડા પ્રધાન કાર્યાલય દ્વારા સમયપત્રકમાં છેલ્લી ઘડીએ ફેરફાર કરવામાં



આવી શકે છે.આ દરમિયાન, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સોમવારે દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના રાયદીઘીમાં યોજાનારી નવ રેલીઓમાંથી એકના ઉદ્ઘાટન સમારોહમાં હાજર રહેશે. રાયદીઘી રેલી મૂળ રવિવાર માટે નક્કી કરવામાં આવી હતી

અનુસંધાન પાના નં.૪ પર

## ક્રૂડ ઓઈલના ભાવ સળગ્યા

નવી દિલ્હી : ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના હુમલાઓએ મધ્ય પૂર્વમાં એક નવી કટોકટી ઉભી કરી છે, જેના કારણે વૈશ્વિક તેલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યો છે. તેના જવાબમાં, ઈરાને દુબઈ અને અબુ ધાબી જેવા મુખ્ય પર્યટન સ્થળો, તેમજ કતાર, બહેરીન, સાઉદી અરેબિયા અને ઓમાન સહિત ખાડી દેશો પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે.આ



સંઘર્ષની સૌથી મોટી અસર ક્રૂડ ઓઈલના ભાવ પર પડી છે. બ્રેન્ટ ક્રૂડ, જે શુક્રવારે પ્રતિ બેરલ ઈ૭૨ ના સાત મહિનાના ઉચ્ચતમ સ્તરે બંધ થયું

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાન, ઈઝરાયેલ યુદ્ધઃ ગુજરાત પોલીસ તંત્રને DGP એ હાઈ એલર્ટ પર મૂકી દીધું

ગાંધીનગર : વન ડે, વન ડિસ્ટ્રિક્ટ, ઈમરજન્સી સેવાનો સમય ઘટાડો, સાયબર ક્રાઈમ હેલ્પ લાઈનના ગોલ્ડન સમયનો લોકોને ત્વરીત મદદ મળે તેવા પ્રજા ઉપયોગી પગલાંઓ પોતાના વિશાળ અનુભવ આધારે લેવડાવનાર

અનુસંધાન પાના નં.૪ પર







### કચ્છ ઉદય

## હોળી-ધુળેટીની સૌને શુભકામના

પરંપરા અને ઉત્સાહના પર્વ હોળી-ધુળેટીની કચ્છઉદય પરિવાર સૌને શુભકામના પાઠવે છે. આવતીકાલે તા. ૦૩/૦૩/૨૦૨૬ અને ૦૪/૦૩/૨૦૨૬ના ધુળેટી પર્વ નિમિત્તે કચ્છઉદય રજા પાડશે તા.૦૫/૦૩-૨૦૨૬ના રાબેતા મુજબ અંક પ્રસિદ્ધ થશે જેની સર્વેએ નોંધ લેવી..!

- વ્યવસ્થાપક
કચ્છ ઉદય

### ચૂંટણી જંગના શ્રીગણેશ

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આદિવાસી મતો નિર્ણાયક સાબિત થશે



**આદિવાસી મતોના ધ્રુવીકરણ વચ્ચે ભાજપ-કોંગ્રેસની પ્રતિષ્ઠાનો જંગ : હર્ષ સંઘવીની હાજરીથી કાર્યકરોમાં નવા જોમનો સંચાર**

**ડેડિયાપાડામાં ભાજપનું રણશિંગું અને બદલાતા રાજકીય સમીકરણો**


ગાંધીનગર :ગુજરાતમાં આગામી સમયમાં મહાનગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે, ત્યારે રાજકીય ગતિવિધિઓનું કેન્દ્ર હવે દક્ષિણ ગુજરાતનો આદિવાસી પટ્ટો બન્યું છે. ડેડિયાપાડામાં હર્ષ સંઘવીની તાજેતરની મુલાકાત માત્ર એક સરકારી કાર્યક્રમ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે આગામી ચૂંટણીઓ માટેની વ્યૂહાત્મક ગોઠવણી માનવામાં આવી રહી છે.

આ કાર્યક્રમમાં ભાજપના વરિષ્ઠ આદિવાસી નેતા અને સાંસદ મનસુખ વસાવા, પૂર્વ મંત્રી ગણપત વસાવા અને સંગઠનના મહામંત્રી પ્રશાંત કોરાટની હાજરી એ સ્પષ્ટ સંકેત આપે છે કે ભાજપ આદિવાસી વિસ્તારમાં પોતાની પકડ ઢીલી થવા દેવા માંગતું નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની બિરસા મુંડા જયંતીની મુલાકાત બાદ હર્ષ સંઘવીનું અહીં પહોંચવું એ સાતત્યપૂર્ણ પ્રચારની રણનીતિનો ભાગ છે.

બીજી તરફ, રાજકીય સમીકરણો ત્યારે બદલાયા જ્યારે પૂર્વ ધારાસભ્ય મહેશ વસાવાએ ભાજપ છોડી કોંગ્રેસનો હાથ પકડ્યો. આ ઘટનાક્રમ બાદ હવે અહીં કોંગ્રેસ દ્વારા પ્રિયંકા ગાંધીનો મોટો કાર્યક્રમ યોજવાની તૈયારીઓ ચાલી રહી છે. મહેશ વસાવાનું કોંગ્રેસમાં જોડાવા અને પ્રિયંકા ગાંધીની સંભવિત એન્ટ્રીએ ભાજપ માટે ચિંતા વધારી છે, જેનો જવાબ આપવા હર્ષ સંઘવી મેદાનમાં ઉતર્યા છે.

ચૂંટણી પહેલા ડેડિયાપાડામાં જે પ્રકારે નેતાઓની અવરજવર વધી છે, તે જોતા સ્પષ્ટ થાય છે કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં આદિવાસી મતો નિર્ણાયક સાબિત થશે. એક તરફ ભાજપ પોતાની વિકાસની રાજનીતિ અને સંગઠિત નેતાગીરીના જોરે મેદાનમાં છે, તો બીજી તરફ કોંગ્રેસ નવા જોડાણો સાથે પુનરાગમન કરવા મથી રહ્યું છે. હવે જોવાનું એ રહેશે કે ડેડિયાપાડાની જનતા કોના પક્ષમાં પોતાનો મતાધિકાર વાપરે છે.

## કુવૈતમાં અમેરિકન ફાઈટર જેટ-૧૫ ક્રેશ




**ઈરાનના હુમલામાં વિમાન ક્રેશ થયાની અટકળો : પાયલોટનો આબાદ બચાવ**

(પ્રતિનિધિ દ્વારા)

નવી દિલ્હી : મહાયુદ્ધમાં ક્ષણે ક્ષણે નવા અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. દરમ્યાન જ આજ રોજ મળતી વધુ વિગતો અનુસાર કુવૈતમાં અમેરીકન ફાયટર જેટ ૧૫ ક્રેશ થવા પામી ગયુ છે. આ હુમલામાં ઈરાનનો હાથ હોવાની વાત છે. આ ઘટનામા પાયલોટનો આબાદ બચાવ થવા પામી ગયો છે.

### તિકડમ !
– દેવેન વ્યાસ



**આપણે તો મોંઘવારીના કારણે બારેમાસ હોળી જ હોય છે !**

## મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે મોદીએ નેતન્યાહૂને ઘુમાવ્યો ફોન

નવી દિલ્હી : મધ્ય પૂર્વમાં સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ છે. ઈરાન દ્વારા યુનાઈટેડ આરબ એમિરેટ્સ પર કરવામાં આવેલા મિસાઈલ હુમલાની સખત નિંદા કર્યા બાદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાતચીત કરી છે. પીએમ મોદીએ આ હિંસા વહેલી તકે અટકાવવા અને સામાન્ય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો છે.સોમવારે વહેલી સવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર માહિતી આપતા પીએમ મોદીએ જણાવ્યું કે, તેમણે નેતન્યાહૂ સાથે પ્રાદેશિક સ્થિતિ અંગે ચર્ચા કરી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારત આ ઘટનાક્રમથી ચિંતિત છે અને શાંતિ સ્થાપવા માટે મધ્યસ્થી અને વાતચીતનો માર્ગ અપનાવવો અત્યંત મહત્ત્વનું છે.આ પહેલા રવિવારે રાત્રે પીએમ મોદીએ

અનુસંધાન પાના નં.૪ પર

## ઈરાનમાં ફસાયેલા ગુજરાતીઓની સુરક્ષા માટે ભારત સરકાર પૂરતી વ્યવસ્થા કરે : શક્તિસિંહ ગોહિલ

ગાંધીનગર : ઈરાન વિરુદ્ધ ઈઝરાયલ અમેરિકાના યુદ્ધના કારણે અનેક ગુજરાતીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ઈરાન અને ઈઝરાયલ ઉપરાંત અબુધાબી, દુબઈ, બહેરીન, કતાર અને અન્ય ગલ્ફ દેશોમાં ડ્રોન હુમલાઓ, મિસાઈલ અને હવાઈ હુમલાના સતત અહેવાલો મળ્યા કરે છે, ત્યારે અસરગ્રસ્ત વિસ્તારોમાં મોટી સંખ્યામાં ગુજરાતી સમુદાયના સભ્યો રહે છે.

ભારત સરકાર અને રાજ્ય સરકારે તેમની સલામતી, સુરક્ષા અને તેમના વ્યવસાયો અને કાર્યસ્થળોના રક્ષણ માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઈએ જો આપણા સમુદાયના સભ્યો ગુજરાતમાં પાછા ફરવા માંગતા હોય તો ભારત અને ગુજરાતના અધિકારીઓએ સુરક્ષિત ગુજરાત આવવા તેમના માટે મફત વ્યવસ્થા કરવી જોઈએ તેમ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. અમેરિકા અને અન્ય દેશોમાં જઈ રહેલા ગુજરાતીઓની ફ્લાઈટ દુબઈ, કુવૈત કે અબુધાબીમાં રોકાય તો તેઓ ત્યાં જ ફસાઈ ગયા છે. ગુજરાતના નડિયાદના પ્રિતેશભાઈ પટેલ તથા હીનાબેન પટેલના પરિવારે રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલનો સંપર્ક કર્યો અને જણાવ્યું કે



પ્રિતેશભાઈ અને હીનાબેન અમેરીકા જતા હતા, પરંતુ કુવૈત ખાતે ફસાયા છે. ઉમરા કરવા ગયેલ અનેક ગુજરાતી યાત્રિકો સાઉદી અરેબિયાના એરપોર્ટ પર ફસાયા હોવાની માહિતી મળી છે. આ યાત્રિકોનો મુશ્કેલી વર્ણવતો વિડીયો પણ મળેલ છે.

## ઈરાન સાથે યુદ્ધ ચાર અઠવાડિયા સુધી ચાલી શકે છેઃ ટ્રમ્પનો મોટો દાવો

વોશિંગ્ટન/તેહરાન : યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે તેઓ ઈરાન સાથે યુદ્ધ ચાર અઠવાડિયા સુધી ચાલવાની અપેક્ષા રાખે છે. તેમણે દાવો કર્યો હતો કે ઈરાનની જુલમી લશ્કરી કમાન્ડને તોડી પાડવામાં આવી છે. વધુમાં, વિવિધ નિવેદનોમાં, તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૪૮ ટોચના ઈરાની અધિકારીઓ માર્યા ગયા છે અને નવ યુદ્ધ જહાજો નાશ પામ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ કાર્યવાહી સમયપત્રકથી આગળ ચાલી રહી છે. યુદ્ધમાં અત્યાર સુધીમાં ત્રણ યુએસ સૈનિકો માર્યા ગયા છે. ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન યુદ્ધ માટે સંપૂર્ણ સમયરેખા પ્રદાન કરી હતી અને જણાવ્યું હતું કે તેમને વધુ જાનહાનિની અપેક્ષા છે.ડેઈલી મેઈલ સાથે વાત કરતા, યુએસ પ્રમુખે કહ્યું, આ હંમેશા ચાર અઠવાડિયાની પ્રક્રિયા રહી છે. અમને લાગતું હતું કે તેમાં ચાર અઠવાડિયા કે તેથી વધુ સમય લાગશે. તેમણે ઉમેર્યું, ઈરાન એક મોટો દેશ છે, અને તેમાં ચાર અઠવાડિયા લાગી શકે છે. ઈરાનના બદલામાં પાંચ અમેરિકી સૈનિકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. કુવૈતમાં થયેલા હુમલામાં આ બધા સૈનિકો ઘાયલ થયા હતા.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
તંત્રી સ્થાનેથી....

**ફાગણ સુદ-૧૪, તા.૦૨ માર્ચ, સોમવાર**

# હોળી–ધૂળેટી : કચ્છી પરંપરાનો લાલ ગુલાલ અને વૈશ્વિક પડકારો વચ્ચે સાંસ્કૃતિક વિરાસત



ભારતીય સંસ્કૃતિમાં પર્વોનું સ્થાન માત્ર કેલેન્ડરની તારીખો પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે સમાજને જોડવાનું કામ કરે છે. હોળી-ધૂળેટીનો તહેવાર અસત્ય પર સત્યના વિજયની સાથે સાથે પ્રકૃતિના પરિવર્તનનો પણ સંદેશ આપે છે. આજે જ્યારે વિશ્વ એક 'ગ્લોબલ વિલેજ' બની ગયું છે, ત્યારે આપણી સ્થાનિક પરંપરાઓને જાળવી રાખવી એ સમયની માંગ છે. કચ્છની ધરતી તેની ખમીર અને સંસ્કૃતિ માટે જાણીતી છે. અહીંની હોળીમાં આજે પણ પ્રાચીન પરંપરાઓની સુવાસ જોવા મળે છે.મધ્ય એશિયા અને સિંધુ સંસ્કૃતિના પ્રભાવ ધરાવતા કચ્છમાં હોળીના ગીતો અને ડફના તાલે ગવાતા ફાગણના ગીતો હજુ પણ નવી પેઢીને પોતાની જડો સાથે જોડી રાખે છે. અહીંની હોળી માત્ર રંગો પૂરતી નથી, પરંતુ પશુપાલન અને ખેતી સાથે જોડાયેલા આ પ્રદેશમાં સારા વર્ષની કામના માટે હોળીની પૂજાનું વિશેષ મહત્વ છે. હોળીની જવાળામાં આપણી ઈર્ષ્યા, અહંકાર અને નકારાત્મકતા હોમાય અને ધૂળેટીના રંગોમાં ભાઈચારો ખીલે તે જ સાચો ઉત્સવ છે. કચ્છની પરંપરાને આધુનિકતાના રંગે રંગીને આપણે આવનારી પેઢીને એક એવો વારસો આપવાનો છે જે ગર્વથી કહી શકે કે 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'. ચાલો, આ હોળીએ પરંપરાનું જતન કરીએ અને વૈશ્વિક ફલક પર આપણી સંસ્કૃતિનો ગુલાલ ફેલાવીએ.

# શ્રી વાલરામ ચાલીસા મહિમા તથા પઠન



વલસાડમાં ત્રિવેણી સંગમ સમો
સદ્‌ગુરૂ વાલરામજી શતાબ્દિ મહોત્સવ
૧૯ દિવસ બાકી

કચ્છીસંત પૂજ્ય હરિદાસજી મહારાજે મહિમાના મહત્વ અંગે ઉપદેશ આપતા જણાવ્યું હતું કે, સંત રામપ્રસાદજીએ કહ્યું, સંતો ભગવાન વાલરામ પ્રાગટ્ય શતાબ્દી ચાલી રહી છે, આપણે શ્રી વાલરામ ચાલીસાનું પાઠ કરીએ. સંત ચિન્મયદાસજી તથા નિર્મળદાસજીએ કહ્યું, હે મહાનુભાવ અમે સમય - સમય પર શ્રી કચ્છી આશ્રમ, હરિદ્વાર જઈએ છીએ, રાત્રી રોકાણનાં કારણે, ત્યાં શ્રી કૃષ્ણ મંદિરમાં ૧૦૮ બ્રાહ્મણ ભગવાન શ્રી વાલરામ ચાલીસાનાં પાઠ કરે છે, જે સાંભળી - સાંભળી મને એ ચાલીસા કંઠસ્થ થઈ ગઈ છે. તેમજ બે - ત્રણ વાલરામ ચાલીસાની પુસ્તકો પણ હું સાથે જ રાખું છું. માટે હે ભગવન હું અને નિર્મળદાસજી કંઠસ્થ ચાલીસા બોલીએ છીએ, આપશ્રી પુસ્તિકા દ્વારા પાઠ કરો, તો આપણો સમૂહ શ્રી વાલરામ ચાલીસા પાઠ થઈ જશે. આ સાંભળી સૌ રાજી થયા. આચમન આદિ કરી, આસન ગ્રહણ કરી, શ્રી વાલરામ ચાલીસાનાં એક સાથે અગિયાર પાઠો કર્યા, મન અત્યંત પ્રસન્ન થયું. રામદાસજીનાં નેત્રો આનંદ અશ્રુઓથી પૂર્ણ થયા. સંત ચિન્મથદાસજીએ કહ્યું, સંતો આપણે જ્યારે વાલરામ ચાલીસાનાં પાઠ કરી રહ્યા હતા, ત્યારે ગોમતીનંદન - વાલરામ અહીં જ પ્રસન્નતા પૂર્વક વિચરણ કરી રહ્યા હતા, મેં તેમને પ્રત્યક્ષ નિહાળ્યા, મને દર્શન થયા. સંતો કચ્છી આશ્રમ, હરિદ્વારમાં જ્યારે ભૂદેવો વાલરામ ચાલીસાનાં પાઠ કરે છે, ત્યારે ભગવાન વાલરામ આવી જ રીતે, આશ્રમમાં વિચરણ કરતા મેં પ્રત્યક્ષ નિહાળ્યા છે. સાચું કહું તો ગોમતીનંદનની કૃપાથી જ આશ્રમની સેવા પ્રવૃત્તિઓ ચાલી રહી છે. હે મહાત્મન ક્યારેક તો શ્રી વાલરામ ચાલીસાનાં પાઠ કરતાં - કરતાં, ગુલાબનાં ફૂલની સુગંધની અનુભૂતિ થાય છે, તો ક્યારેક ચંદન અને મોગરાની સુગંધની અનુભૂતિ થાય છે. ગોમતીનંદનનાં પ્રિય શિષ્યનાં કહેવા અનુસાર ગુલાબની સુગંધ ગોમતીનંદનની છે, તેમજ ચંદન - મોગરાની સુગંધ ચાગબાઈનંદન ભગવાન ઓધવરામની છે. ચાલીસાની મહિમા અનંત છે. સૌ જનને લાભ થાય માટે આ ચાલીસા ઘર-ઘર, જન-જન સુધી પહોંચાડવી જોઈએ.

# ખાવડામાં રાજસ્થાન પાર્સિંગની ગાડીમાંથી ૨૭ હજારનો દારૂ પકડાયો



ભુજ - કચ્છઉદય : ખાવડામાં રાજસ્થાન પાર્સિંગની સ્કોર્પીયો ગાડી નંબર આર.જે.૧૯ યુડી ૧૮૦૫ માં દારૂ હોવાની બાતમી આધારે ગાડી રોકાવી તપાસ કરતા દારૂ ભરવા માટે ચોરખાનું બનાવેલું હતું.

તેમાંથી દારૂની ૩૭ બોટલ કિંમત રૂા. ૨૭,૫૦૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. આ દારૂ આરઈ પાર્કમાં લઈ જવાનો હતો. ખાવડા પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ સાથો આરોપી રાજસ્થાનના ચંદારામ કરનારામની અટક કરવામાં આવી હતી.

# તપ વગરનું માનવજીવન વ્યર્થ : પ.પૂ. હરિદાસજી મહારાજ

**મુંબઈથી વલસાડ પદયાત્રાના પ્રારંભે પૂ. મહારાજશ્રીએ પાઠવ્યા આશીર્વચન**





ભુજ - કચ્છઉદય : તપ વગર જિંદગીમાં કંઈ જ મળતું નથી. તપ વગર ભૌતિક જીવનમાં રૂપિયાની પ્રાપ્તિ પણ થતી નથી અને આધ્યાત્મિક જીવનમાં જોઈએ તો બ્રહ્માજી પણ તપ વગર સૃષ્ટિની રચના નહોતા કરી શક્યા. તપ વગર ભગવાન વિષ્ણુ સૃષ્ટિનું પાલન નથી કરી શકતા અને તપ વગર ભગવાન શિવ પણ પ્રલય નથી કરી શકતા. ભગવાન ઓધવરામ મહારાજ અને ભગવાન વાલદરામજી મહારાજના તપ અને આશીર્વાદથી અત્યારે આપણને બધું સુખ મળી રહ્યું છે. વલસાડમાં ઓધવભવનના નિર્માણ પાછળ પણ ઓધવરામજી મહારાજ અને વાલરામજી મહારાજના તપનું બળ અને આશીર્વાદ રહેલા છે. આ ઉપરાંત કર્મના તપથી રૂપિયા કમાનારા ઓધવભક્તોનુ ઉદાર હાથે કરાયેલું દાન અને સહકાર રહેલા છે. ઓધવભવન વલસાડમાં પાંચ કરોડ રૂપિયા હોય કે એક કરોડ રૂપિયા કે સવા રૂપિયાનું દાન કર્યું હોય કોઈપણ દાતાનું નામ કે તકતી રાખવામાં આવી નથી. બધાએ ગુપ્ત દાન કર્યું છે. તે પણ એક મોટું તપ ગણી શકાય. વલસાડમાં તો ભવ્ય ઓધવધામ નિર્માણ પામી ચૂક્યું છે પરંતુ હવે વાપીમાં એવું જ ભવ્ય ઓધવધામ અને વાડી બનાવવા માટેના સંકલ્પ માટે મુંબઈથી વલસાડ યાત્રાનું એક તપ તરીકે આયોજન કરાયું છે અને તેમાં આટલા ઉત્સાહ અને ઉમંગથી ઓધવભક્તો જોડાયા છે તેનાથી મને આનંદ થાય છે તેવું પ્રગટ ઓધવચેતના સ્વરૂપ પૂજ્ય હરિદાસજી મહારાજે મુંબઈથી વલસાડ પદયાત્રાના પ્રારંભે તેમના આશીર્વચન આપતા જણાવ્યું હતું. પૂ. મહારાજશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જે સમાજમાં સંપ હોય ત્યાં જ સમાજના વિકાસના કામો થઈ શકે.





રવિવારે વહેલી સવારે સવા છ વાગે ઓધવ અસલ્ફા ઘાટકોપરથી પદયાત્રાના પ્રસ્થાનના પ્રારંભે પૂજ્ય હરિદાસજી મહારાજે તેમની વાણીપ્રસાદ રૂપે આશીર્વાદ આપ્યા હતા. તેમના સાનિધ્યથી વહેલી સવારનું વાતાવરણ પવિત્રને દિવ્ય અનુભવાતુ હતું. ઓધવભક્તો ખૂબ જ આનંદિત થઈ ગયા હતા.આ પછી તોતેર વર્ષની વયે પણ ખૂબ જ સ્ફૂર્તિપૂર્વક પૂજ્ય મહારાજ શ્રી પદયાત્રામાં પરંપરાગત સફેદ વસ્ત્રો ઉપર કેસરી ખેસરાખી અને જોડાયા હતા અને તેમના પાવન સાનિધ્યનો ભક્તોને અલૌકિક અને દિવ્ય લાભ આપ્યું હતો. રવિવારે વલસાડથી શરૂ થયેલી મુંબઈની રથયાત્રામાં જાણે ભગવાન ઓધવરામજી મહારાજ અને ભગવાન વાલરામજી મહારાજ પણ સૂક્ષ્મચેતના સ્વરૂપે રીતે જાણે સાથે ચાલતા હોય તેવો દિવ્ય અનુભવ પદયાત્રીઓની થયો હતો.

પૂજ્ય હરિદાસજી મહારાજની ઠેર ઠેર વંદન કરતા ભાવુક થયેલા ઓધવભક્તો જોવા મળ્યા હતા. પદયાત્રામાં કેસરી ધજાઓ અને ઓધવરામજી મહારાજની છબી હાથમાં પકડી જય ઓધવરામજી મહારાજ..... ચાલો...વલસાડ.. એવા ગગનભેદી સામુહિક ભાવનાદથી પદયાત્રામાં અત્યંત ઉર્જાનું વાતાવરણ છવાઈ ગયું હતું. પદયાત્રાનું માણેકલાલ ખાતે ઓધવપ્રેમીઓ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યાંથી થઈ પદયાત્રા ભાનુશાલી વાડી ઘાટકોપર ઈસ્ટ પહોંચી હતી ત્યાં સમાજના અગ્રણીઓએ વડીલોએ યાત્રાનું સ્વાગત કર્યું હતું અને ત્યાંથી ઘણા ઓધવપ્રેમીઓ જોડાયા હતા. આ પદયાત્રા ત્યાંથી હાઈવે પર થઈ નવ કિલોમીટરના અંતરે વિકરોલી હાઈવે પર વિશ્રામની વ્યવસ્થા કરાઈ હતી ત્યાં વિશ્રામ કર્યો હતો. આ પદયાત્રાએ ભાંડુપ મુલુંડ થઈ થાણા પટેલ સમાજ વાડી જવા પ્રસ્થાન કર્યું હતું અને પહેલી દિવસે પટેલ વાડી ખાતે પદયાત્રાએ વિરામ લીધો હતો.

આ પદયાત્રામાં ભાનુશાલી અગ્રણીઓ કનૈયાલાલ કટારીયા, તુલસીભાઈ દામા સહિતના અનેક ભાનુરત્નો પૂજ્ય હરિદાસજી મહારાજના પાવન દિવ્ય સાનિધ્ય સાથે જોડાયા હતા.

# કોડાય પોલીસે મગરને પકડયો

**ગ્રામજનો સાથે રેસ્કયુ કરી વિજયસાગર ડેમમાં છોડી દેવાયો**



માંડવી - કચ્છઉદય : તાલુકાના મદનપુરા ગામના વાડી વિસ્તારમાં મગર આવી જતા વાડીમાં કામ કરતા માણસો દ્વારા કોડાય પોલીસને જાણ કરવામાં આવી હતી. મગર માણસોની વસાહત અને રોડની નજીક હોઈ માનવ વસાહતમાં ઘૂસે તેવી શકયતાઓ હોવાથી ગ્રામજનોની મદદ મેળવી પોલીસે જરૂરી સાધન સામગ્રીનો ઉપયોગ કરી મગરને વાડી વિસ્તારમાંથી રેસ્કયુ કરી બોલેરોમાં નાખી વાડીથી ૨૦ કિ.મી. દૂર આવેલા વિજય સાગર ડેમમાં મુકી આવ્યા હતા. આ કામગીરીમાં એએસઆઈ પ્રવીણભાઈ પરમાર, હેડ કોન્સ. વિપુલભાઈ ચૌધરી, હરીભાઈ ગઢવી, કોન્સ્ટેબલ કાનજીભાઈ ગઢવી, તેમજ ગ્રામજનો સહયોગી રહ્યા હતા.

# જંગલ ખાતા દ્વારા બનાવાયેલા ચેકડેમોથી હમીરસર તળાવની આવ રૂંધાય છે

**હમીરસરપ્રેમીએ તંત્ર સામે વ્યક્ત કર્યો આક્રોશ**

ભુજ-કચ્છઉદય : હમીરસર તળાવની આવમાં જંગલખાતા દ્વારા છ ચેકડેમ બનાવી નખાતા હમીરસર તળાવની આવની ગતિ વર્ષો વર્ષ ક્રમશઃ ધીમી પડી રહી છે. તેના કારણે દિવસે દિવસે તેને ઓગનવા માટે વધારેને વધારે ઈંચ વરસાદની જરૂર પડે છે તેવું એક હમીરસર પ્રેમીએ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું.

પહેલા ઓછા ઈંચમાં ઓગની જતું હતું. જ્યારે હવે વધારે એ જ વરસાદ પડે તો જ હમીરસર તળાવ ઓગને છે. જો આ વિષયનો તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવશે અને દર વર્ષે કેટલા ઈંચ વરસાદ પછી હમીરસર તળાવ ઓગન્યુ હતું તેના આંકડા કાઢવામાં આવશે તો સ્પષ્ટ રીતે ખબર પડશે કે હમીરસર તળાવ ક્રમશઃ આગળના વર્ષો કરતા વધારે ઈંચ પછી ઓગન્યુ છે. આ વિષય પર નિષ્ણાતો અભ્યાસ કરી અને યોગ્ય રસ્તો કાઢે તે ભુજના શણગાર સમાજ હમીરસર તળાવ અને ભુજના હિતમાં હશે.

**કચ્છ ઉદય દૈનિક**

ધી રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે કચ્છ ઉદય દૈનિક પત્ર અંગેની માહિતી
ફોર્મ નં.૪
(જુઓ રૂલ નં.૮)

| | |
|---|---|
| ૧. પ્રકાશનનું સ્થળ | : કચ્છ ઉદય વોર્ડ-1B જીઆઈડીસી આદિપુર (કચ્છ) |
| ૨. તેના પ્રકાશનની સામયિકતા | : દૈનિક |
| ૩. મુદ્રકનું નામ | : ગંગારામ લાલુમલ ભાનુશાલી |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : કચ્છ ઉદય ગાંધીધામ (કચ્છ) |
| ૪. પ્રકાશકનું નામ | : ગંગારામ લાલુમલ ભાનુશાલી |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : કચ્છ ઉદય ગાંધીધામ (કચ્છ) |
| ૫. તંત્રીનું નામ | : ગંગારામ લાલુમલ ભાનુશાલી |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : કચ્છ ઉદય ગાંધીધામ (કચ્છ) |
| ૬. જે વ્યક્તિઓ આ અખબારના માલિક હોય અને કુલ થાપણના એક ટકાથી વધારે થાપણ રોકનારા ભાગીદારો અથવા શેરહોલ્ડરો હોય તેમના નામ,સરનામા | : ગંગારામ લાલુમલ ભાનુશાલી પ્લોટ નં.૨૮૭, સેકટર - ૧એ ગાંધીધામ, કચ્છ ગુજરાત |

હું ગંગારામ લાલુમલ ભાનુશાલી, આથી જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.
ગાંધીધામ, તા.૨-૩-૨૦૨૬, પ્રકાશક : ગંગારામ લાલુમલ ભાનુશાલી

# ખાવડાના આરઈ પાર્કમાંથી વધુ દોઢ લાખનો કેબલ ચોરાયો

**આદીપુરમાં દુકાનમાંથી મોબાઈલની ઉઠાંતરી**

ભુજ - કચ્છઉદય : ખાવડામાં આરઈ પાર્ક ખાતે સ્ટર્લીંગ વિલ્સન કંપની ખાતે ફેસ - ૪ માં અલગ અલગ બ્લોકમાં લગાવેલી સોલાર પ્લેટોમાંથી કેબલની ચોરી થઈ હતી. કોઈ અજાણ્યા ઈસમો દ્વારા દોઢ લાખની કિમતના કોપર વાયરની ચોરી કરવામાં આવતા એનટીપીસી કંપનીના સિક્યુરીટી સુપરવાઈઝર રમેશચંદ્ર પરમારે ગુનો દાખલ કરાવ્યો હતો. જ્યારે આદીપુરમાં મદનસિંહ સર્કલ પાસે દુકાનમાંથી કોઈ અજાણ્યા ઈસમે ગેરકાયદે રીતે પ્રવેશ કરી કાઉન્ટરની અંદર રાખેલ ૯ હજારના વીવોના મોબાઈલની ચોરી કરતા જગમાલસિંહ શેરસિંગ ભાટીએ આદીપુર પોલીસમાં ફરીયાદ દાખલ કરાવી હતી.

# ધુળેટીના પર્વ નિમિત્તે ભુજ જથ્થાબંધ બજાર આવતીકાલે બંધ રહેશે

ભુજ - કચ્છઉદય : આગામી તારીખ ૩ માર્ચના મંગળવારના ધુળેટીના પવિત્ર પર્વની ઉજવણી નિમિત્તે ભુજ જથ્થાબંધ બજાર સત્તાવાર રીતે બંધ રહેશે. આ અંગેની જાણકારી આપતા પ્રમુખ મેહુલ આર. ઠક્કરે જણાવ્યું છે કે, તહેવારના કારણે બજારમાં તમામ પ્રકારની કામગીરી સ્થગિત રાખવામાં આવી છે. વેપારી એસોસિએશન, દલાલ એસોસિએશન, ટ્રાન્સપોર્ટ એસોસિએશન તેમજ મજૂર એસોસિએશનના તમામ સભ્યોને આ રજાની નોંધ લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. બજારના તમામ વિભાગોમાં રજા હોવાથી આ દિવસે કોઈ પણ પ્રકારના આર્થિક વ્યવહારો કે માલસામાનની હેરફેર થઈ શકશે નહીં તેની તમામ સંલગ્ન સભ્યોએ નોંધ લેવાની રહેશે.

# અંજારમાં પાંચ ગાડીમાં લઈ જવાતા ૧૨ અબોલ જીવોને બચાવાયા





અંજાર - કચ્છઉદય : અંજાર વિસ્તારમાં ગેરકાયદે રીતે ક્રુરતાપૂર્વક અબોલ જીવોને લઈ જવાતા હોવાની બાતમી આધારે ગૌરક્ષકો અને પોલીસ દ્વારા કરવામાં આવેલીી કાર્યવાહીમાં ૧૨ જીવોને મુકત કરવામાં આવ્યા હતા. આ અંગે મળતી વિગતો મુજબ વરસામેડી ગામની બાજુમાં આવેલ ટોલનાકા પાસેથી અલગ અલગ પાંચ બોલેરો કેમ્પ ગાડીમાં કુલ્લ ૮ ભેંસ અને ૪ બચ્ચા લઈ જવાતા હતા.

ઘાસચારા વગર ક્રુરતાપૂર્વક પશુઓને લઈ જવામાં આવતા હતા. કોઈ આધાર પુરાવા ન હતા. જેથી અબોલ જીવોને મુકત કરાવી પાંજરાપોળ ખાતે લઈ જવાયા હતા. આ સાથે નખત્રાણાના જુમા આમદ જત, જુસબ રમજાન જત, મુસ્તફા નીહાલ જત, અલાના ગુલહસન, માલકા અમીન જત, મહેન્દ્ર આમદ જત, અલાના જુમા જત સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તેમ અંજાર પોલીસે જણાવ્યું છે.

# ભુજ, અંજાર અને સામખિયાળીમાં મારામારીના બનાવો બન્યા

ભુજ - કચ્છઉદય : જિલ્લામાં ત્રણ સ્થળોએ મારામારીના બનાવ સામે આવ્યા હતા. ભુજમાં રોયલ સિટી અંજલીનગર ખાતે બનેલી ઘટના બાબતે ફરીયાદી આફતાબ ફકીરમામદ કુરેશીએ બી ડીવીઝનમાં આરોપી કાસમ સાલેમામદ થેબા, નુરનીશા કાસમ થેબા અને આરીફ કાસમ થેબા, અયાન કાસમ થેબા સામે ગુનો દાખલ કરાવ્યો હતો. આરોપીઓએ ફરીયાદીના ઘરે આવી ગાળો આપી તલાક આપવાનું કહી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ગુનો દાખલ કરાયો છે. જયારે અંજારના ગંગાનાકા પાસે બનેલી ઘટના અંગે કાર્ગોમાં રહેતા સંજય ઉર્ફે ટાઈગર ગણપતભાઈ દેવીપુજકે નોધાવેલી ફરીયાદ પ્રમાણે આરોપી શેખટીંબોના કાસમ જુસબશા શેખ અને તેની સાથેના ત્રણ અજાણ્યા ઈસમોએ અગાઉના કેસનું મનદુઃખ રાખી ફરીયાદીને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. જેથી ગુનો દાખલ કરાયો હતો.

આ તરફ સામખિયાળીમાં જંગી રોડ પર છરી વડે હુમલાની ઘટના બની હતી. ફરીયાદી ઈલિયાસભાઈ હુસેનભાઈ રાઉમાના જણાવ્યા પ્રમાણે આરોપી દિલ નવાઝ કાસમભાઈ ખલીફા, મયુદીન અનવરભાઈ માંજોઠી, સાકીર લતીફભાઈ ખલીફા, જુનેદ માંજોઠી ખોટી શંકા રાખી ફરીયાદીને માથાના ભાગે છરી મારી ઈજા પહોચાડી ધકબુશટનો માર મારતા સામખિયાળી પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો હતો.

# બળાત્કારના ગુનામાં આરોપી પકડાયો



ગાંધીધામ - કચ્છઉદય : શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં મહિલાએ બળાત્કારની ફરિયાદ નોધાવી હતી. આરોપીએ ભોગ બનનારને જાનથી મારી નાખવાની ધમકી આપી બળાત્કાર કરી મકાન લેવાનું બહાનુ કાઢી ફરીયાદી પાસેથી એક લાખ રૂપિયા પડાવી લીધા હતા. જે મામલે ગુનો દાખલ થયા બાદ એ ડીવીઝન પોલીસે આરોપી મુળ બીહારના હાલે કાર્ગોમાં રહેતા નીતેશકુમાર રામઉચીત સુખદેવપ્રસાદને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું પીઆઈ એમ. ડી. ચૌધરીએ જણાવ્યું હતું.

# ભુજમાં આગામી ૬ માર્ચથી શ્રી હનુમંત ચરિત્ર યુવા કથાનું ભવ્ય આયોજન



**પૂ. હરિપ્રકાશદાસજી સ્વામી કથામૃતનું પાન કરાવશે**

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના આંગણે રાજગોર હરિશંકર દેવજી અજાણી ફાઉન્ડેશન-ભુજ, રાજગોર હરિશંકર દેવજી અજાણી પરિવાર તથા કાનજી મુળજી રાબડીયા (રાજકુમાર) પરિવાર દ્વારા આગામી તા. ૬ થી ૧૨ માર્ચ દરમિયાન શ્રી હનુમંત ચરિત્ર યુવા કથાનું આયોજન કરવામાં આવ્યું છે. મુંદ્રા રોડ પર આવેલા ટીન સીટી ગ્રાઉન્ડ ખાતે યોજાનારી આ કથામાં સારંગપુરધામના વક્તા પૂજ્ય હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા) પોતાની સુમધુર અને સંગીતમય શૈલીમાં હનુમાનજીના જીવન ચરિત્ર પર અમૃતવાણી રેલાવશે. કથાનો સમય દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૧:૩૦ કલાકનો રહેશે અને કથા વિરામ બાદ દરરોજ અલ્પાહાર પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે.

કથા પૂર્વે તા. ૦૫ માર્ચના રોજ સાંજે ૪ કલાકે ભવ્ય બાઈક રેલીનું આયોજન છે. ત્યારબાદ તા. ૬ માર્ચના રોજ સાંજે ૪:૩૦ કલાકે સુરમંદિર સિનેમા પાસેથી પોથી યાત્રા નીકળશે. કથા દરમિયાન તા. ૮ માર્ચના રોજ હનુમાન જન્મોત્સવ અને તા. ૧૦ માર્ચના રોજ ફલોત્સવ એટલે કે ફળોનો અન્નકૂટ ઉત્સવ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવશે. યુવા પેઢીમાં સાહસ, સંયમ અને સમર્પણના સંસ્કારોનું સિંચન થાય તેવા ઉમદા હેતુથી આયોજિત આ જ્ઞાનગંગાનો લાભ લેવા માટે નિમંત્રક અનિલ હરિશંકર ગોર અને કાનજી મુળજી રાબડીયા દ્વારા સમસ્ત ધર્મપ્રેમી જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રાપરના પોકસોના ગુનામાં ફરાર આરોપી પકડાયો



ભુજ - કચ્છઉદય : રાપર પોલીસ સ્ટેશન ખાતે નોધાયેલા પોકસોના ગુનામાં આરોપી ભચાઉ સેશન્સ કોર્ટના વોરંટમાં ફરાર હતો. આરોપી નિરોણા વિસ્તારમાં હોવાની બાતમી આધારે ખારડીયા સીમ જંગલ વિસ્તારમાંથી નિરોણા પોલીસે આરોપી બાંભણકાના નરશીભાઈ વેલાભાઈ કોલીને પકડી રાપર પોલીસને સોપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ, ભાનુશાલી પ્રિન્ટર્સ સર્વે નં. ૩૯૧, શોપ નં. ૧૦૮/૧૦૯/૧૧૦, ગીતા માર્કેટ, મહારાજા ટ્રાન્સપોર્ટની બાજુમાં, માધાપર હાઈ-વે, ભુજથી છપાવીને કચ્છ ઉદય કાર્યાલય, આનંદ ચેમ્બર, સેકન્ડ ફલોર, સ્ટેશન રોડ ભુજ - કચ્છથી પ્રસિધ્ધ કરીએ છીએ.
Editor, Printer, Publisher and Owner : Gangaram L. Bhanushali Printed at Bhanushali Printers, Survey No. 391, Shop No. 108/109/110, Geeta Market, Near Maharaja Transport, Madhapar Highway, Bhuj-Kutch and Published from Kutch Uday Karyalaya, Anand Chambers, 2nd Floor, Station Road, Bhuj-Kutch.
Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ગાંધીધામ સંકુલમાં રંગોના પર્વને મીઠાશથી વધાવવા આગોતરો થનગનાટ


ખાવડા સ્વીટ ભાઈપ્રતાપ સર્કલ



ખાવડા સ્વીટ હાઉસ - ચાવલાચોક


ખાવડા સ્વીટ



સત્યમ ફુડ્સ

## ગાંધીધામ–આદિપુરમાં હોળી–ધૂળેટીના પર્વે મીઠાઈની જમાવટ : રજવાડી ઘેવર અને વિવિધ વ્યંજનોનું આકર્ષણ : સંકુલના જાણીતા સ્વીટ માર્ટ્સમાં વિશેષ સ્ટોલ અને ખાસ વાનગીઓ તૈયાર કરાઈ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ અને આદિપુર સંકુલમાં આગામી હોળી અને ધૂળેટીના પર્વને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સંકુલની સ્વાદપ્રિય જનતા આ તહેવારને પરંપરાગત મીઠાઈઓ અને ચટપટા વ્યંજનો સાથે ઉજવી શકે તે માટે વિવિધ પ્રતિષ્ઠિત દુકાનો દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે બજારમાં શુદ્ધ દેશી ઘીના રજવાડી ઘેવર, સિંધી ઘેવર, ઘૂઘરા, નાયલોન ખમણ, પાપડી, રાજસ્થાની ઘેવર તેમજ વિવિધ ફ્લેવરના શ્રીખંડ અને અંગુર રબડી જેવી અનેકવિધ વાનગીઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. તહેવારોની મોસમમાં ગ્રાહકોને તાજી અને ગુણવત્તાયુક્ત મીઠાઈઓ મળી રહે તે હેતુથી જાણીતા વેપારીઓએ વિશેષ કાઉન્ટરો અને સ્ટોલ ઊભા કર્યા છે.આદિપુરમાં મૈત્રી રોડ પર આવેલ ખાવડા સ્વીટ સેન્ટર અને ખાવડા હાઉસ તેમજ મદનસિંહ ચોક સ્થિત ખાવડા ટોપ સ્વીટ દ્વારા હોળી નિમિત્તે અવનવી મીઠાઈઓ પીરસવામાં આવી રહી છે. તેવી જ રીતે ગાંધીધામમાં ભાઈ પ્રતાપ ચોક ખાતે આવેલ સત્યમ ફુટ્સ અને રોટરી સર્કલ પાસેના સત્યમ નમકીન ખાતે પણ તહેવારને અનુરૂપ ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત ચાવલા ચોક સ્થિત ખાવડા સ્વીટ હાઉસ અને ઝંડા ચોક વિસ્તારમાં આવેલ ન્યુ સોનલ ડેરી ફાર્મ એન્ડ સ્વીટ્સમાં પણ ગ્રાહકોની સુવિધા માટે વિવિધ વાનગીઓનો ખજાનો ઉપલબ્ધ કરાયો છે. ગાંધીધામવાસીઓ હોળી-ધૂળેટીના પર્વની મીઠાશ માણવા માટે અત્યારથી જ આતુર બન્યા છે અને બજારોમાં ખરીદીનો માહોલ જામી રહ્યો છે.


સોનલ ડેરી

# આડેસર પોલીસે ડ્રોન મારફતે નશાની ખેતી શોધવાનું શરૂ કર્યું

રાપર - કચ્છઉદય : બોર્ડર રેન્જ પોલીસે રાપર તાલુકાના ભીમાસર ભુટકીયા ગામે ૯ કરોડની નશાની ખેતી શોધી લીધા બાદ વાગડમાં સ્થાનીક પોલીસે આડેસર, લાકડીયા, ગાગોદરમાં ગાંજાના કેસ કર્યા હતા.

પોતાના વિસ્તારમાં રેન્જ પોલીસે કાર્યવાહી કરી અને સ્થાનીક એવી આડેસર પોલીસ અજાણ રહી હતી, ત્યારે હવે આડેસર પોલીસે ભીમાસર, ખેડુકા, હમીરપર, અમરાપર ગામની સરકારી પડતર ખરાબાની જમીન પર ગાંજાનું વાવેતર નથી થતું ને ? તે બાબતે ડ્રોન મારફતે તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું હતું.





## ખાવડામાં થયેલા વિસ્ફોટકના ધડાકામાં ૮ વર્ષિય બાળકનું મોત

ભુજ -કચ્છઉદય : ખાવડામાં આવેલા પ્રણવનગરમાં શનિવારે સાંજે ધડાકો થતાં ફુઆ અને ભત્રીજો ઘવાયા હતા જેમાં સારવાર દરમ્યાન આઠ વર્ષિય બાળકનું મોત થયું છે. આ બનાવમાં મુળ ભચાઉના ૨૫ વર્ષિય રામા શંભુભાઈ કોલી અને ૮ વર્ષિય ભાવેશ અરવિંદભાઈ કોલી ઘરે હતા. અને કોઈ વિસ્ફોટક જેવા પદાર્થને ફોડવા જતાં તે ફાટતાં બંનેને પગ સહિતના ભાગે ઈજાઓ થવાથી સારવાર માટે પ્રથમ ખાવડા અને ત્યાંથી ભુજ ખસેડવામાં આવ્યા હતા. ફાયરિંગ રેન્જ વિસ્તારમાંથી વણ ફુટેલો સેલ મળ્યો હતો. ભંગારની લ્હાયમાં સેલ પર હથોડા મારતા આ ઘટના બની હતી. હાલ ખાવડા પોલીસે એડી દાખલ કરી છે. આ બનાવથી અરેરાટી ફેલાઈ છે.

# ભુજમાં વધતી ટ્રાફિક સામસ્યા વિકાસની સાથે વધતી ચિંતા

ભુજ - કચ્છઉદય : શહેરમાં ભૂકંપ બાદ નોંધપાત્ર વિકાસ થયો છે. નવા રસ્તા, નવી ઈમારતો, શોપિંગ કોમ્પ્લેક્સ, બેંકો અને શોરૂમો ઊભા થયા છે. શહેરે ખરેખર વિકાસની હરણફાળ ભરી છે, તેનો ઈનકાર કરી શકાય તેમ નથી, પરંતુ વિકાસ સાથે ટ્રાફિકની ગંભીર સમસ્યા પણ ઊભી થઈ છે.

આજે ભુજમાં દરરોજ મોટા મોટા ટેલરમાં ભરીને નવી કાર અને બાઈક શોરૂમ પર આવે છે. બેંકો દ્વારા સરળ લોન ઉપલબ્ધ થતાં વાહન ખરીદવું હવે ખૂબ સહેલું બન્યું છે. અગાઉ લોન લેવીએ લોખંડના ચણા ચાવવા જેવું કામ હતું, પરંતુ હવે જાણે લોન આપવાની હોડ લાગી ગઈ હોય તેમ લાગે છે. વાહનો વધ્યા, પરંતુ રસ્તાઓ તો એ જ છે, ક્યાંક પચીસ કે, પચાસ વર્ષ જુના રસ્તાઓ છે, જેના કારણે શહેરના ઘણા માર્ગો આજે ટૂંકા પડી ગયા છે. પાર્કિંગ માટે પૂરતી જગ્યા નથી. દરેક ગલીમાં વાહનોની લાઈન લાગી રહે છે.

નવી ટેકનોલોજી સાથે વાહનોની સ્પીડ પણ વધી છે. પરિણામે રસ્તા વધુ જોખમી બન્યા છે. રોજબરોજ નાના મોટા અકસ્માતો બનતા રહે છે.





## નવા બનેલા રસ્તાઓ પર નિયમો નેવે મૂકી ટેકરા જેવા સ્પીડબ્રેકર બનાવી દેવાયા : રેડિયમ રિફલેક્ટર, સફેદપટ્ટા ન દોરાતા રાતના સમયે વાહનો પટકાય છે : વાહનોમાં તળિયું ઘસાતા થાય છે નુકસાન

ભુજ શહેરમાં તો જાણે અકસ્માતો રોજની ઘટના બની ગઈ હોય તેમ લાગે છે. દરેક અકસ્માત પાછળ એક પરિવારની વ્યથા છુપાયેલી હોય છે. કોઈનું સિંદૂર ભૂંસાય છે, કોઈ વૃદ્ધ માતા પિતાનો સહારો છીનવાઈ જાય છે, કોઈ બાળક અનાથ બની જાય છે. કેટલાંક લોકો જીવતા હોવા છતાં અંદરથી મરી જાય છે.

આ સમસ્યાના નિરાકરણ માટે ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ સતત પ્રયત્નશીલ રહ્યા છે. શહેરના વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને રિંગ રોડ અને બાયપાસ માર્ગ માટે તેઓ સતત રજૂઆતો અને પ્રયત્નો કરતા આવ્યા છે. શહેરની બહારથી પસાર થતો ટ્રાફિક સીધો બાયપાસ પર વળી જાય અને શહેરના આંતરિક માર્ગો પરનો ભાર ઓછો થાય તે દિશામાં તેમની વિચારસરણી સ્પષ્ટ દેખાય છે.

દુ:ખની વાત એ છે કે હવે લોકોમાં સંવેદના પણ ઓછી થતી જાય છે. અકસ્માતની ખબર સાંભળીએ થોડો સમય ચર્ચા કરીએ અને ફરી પોતપોતાના કામમાં લાગી જઈએ. જાણે આપણે પિંજરામાં બંધ થયેલી મુર્ગી બની ગયા હોઈએ તેવું લાગી રહ્યું છે. સમસ્યા સ્પષ્ટ છે, પરંતુ તેનો ઉકેલ પણ સંભવ છે. આયોજનબદ્ધ વિકાસ, વિશાળ રસ્તાઓ, યોગ્ય પાર્કિંગ વ્યવસ્થા અને ટ્રાફિક નિયમોનું કડક પાલન બધું સાથે મળીને જ અમલમાં મૂકવું પડશે. નાગરિકોએ પણ પોતાની જવાબદારી સમજવી પડશે.

વિકાસ ત્યારે જ સાચો ગણાય જ્યારે તે સુરક્ષા અને સુખ સાથે જોડાયેલો હોય. ભુજના વિકાસની ગાથા સાથે હવે સુરક્ષા અને સંવેદનાની નવી ગાથા લખવાની જરૂર છે. તેવું ઉમેશ આચાર્ય અને જી.કે. મુતવાએ ચિંતા વ્યક્ત કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં ભુજમાં જે-જે સ્થળોએ માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવા રસ્તા બનાવાયા ત્યાં અગાઉની જગ્યાએ સ્પીડબ્રેકર બનવાવામાં આવ્યા છે. સ્પીડબ્રેકરની અમુક મર્યાદા હોય, પરંતુ અહીં રીતસર ડામરના ટેકરા કરવામાં આવ્યા છે. તેના પર રેડિયમ રિફલેક્ટર કે સફેદપટ્ટા ન કરાતા વાહનો ભટકાય છે અને રાતના સમયે અકસ્માતો થાય છે. ઉપરાંત જે સ્થળોએ પ્લાસ્ટિકના સ્પીડબ્રેકર લગાવાયા છે તેમાંથી પ્લાસ્ટિક નીકળી જતા ખિલ્લા બહાર આવી જતા વાહનોમાં પંક્ચર થઈ રહ્યા છે. ભુજમાં જૂના રસ્તામાં ખાડાના કારણે ગાડી ખખડી જતી અને નવા રસ્તા બન્યા બાદ પણ વાહનોમાં તળિયુ ઘસાતા વાહન ચાલકોને ગેરેજના ધક્કામાંથી મુક્તિ મળી નથી.

# વર્ધમાનનગર જિનાલયની ૧૬મી વર્ષગાંઠ ઉજવાઈ

ભુજ - કચ્છઉદય : ભુજ નજીક જૈનોનાં વર્ધમાનનગર ખાતે વિમલનાથ પ્રભુજી જૈન જિનાલયની ૧૬મી વર્ષગાંઠ પ. પૂ. આ.ભ. યશોવિજયસૂરી, ગણિવર્ય રાજરત્નસાગરજી મ. સા. પ્રવર્તક મલયસાગરજી મ. સા., મુનિરાજ પ્રિયંકરસાગરજી મ. સા. આદિ શ્રમણ-શ્રમણીવૃંદ, મહાસતીજીઓ તથા ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં તપારાધનાંઓ સાથે ભવ્યાતિભવ્ય રીતે ઉજવાઈ હતી. ત્રિ-દિવસીય મહોત્સવનો સંપૂર્ણ લાભ માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઈ વોરા હસ્તે અ.સૌ. ભક્તિબેન ચિંતલભાઈ વોરા પરિવારે લીધો હતો. સવારે અઢાર અભિષેક, સતરભેદી પૂજા બાદ શ્રી વિમલનાથ પ્રભુજીનાં જિનાલયનાં શ્વેત શિખરો ઉપર શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે ધ્વજારોહણ કરવામાં આવેલ. મુખ્ય ધ્વજાનાં ચડાવાનો લાભ માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઈ વોરા જામનગર- વર્ધમાનનગર પરિવારે લીધો હતો.

કુમારપાળ મહારાજની આરતીનો લાભ વર્ધમાનનગર ઓનર્સ એસોસીએશન અને જિનાલય ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓએ લીધો હતો. રાત્રિ ભાવનામાં છ વર્ષિય બાળા પૂન્યા રોહિતભાઈ ઝવેરીએ "જૈનમ જયતિ શાસનમ્" ધ્વજ સાથે નૃત્ય રજુ કરી સૌનાં દિલ જીતી લીધા હતા. વિશાળ જનમેદની વચ્ચે સ્ટેજ ઉપર જૈન ગીત સાથે નૃત્ય કરતાં તેને તાળીઓ સાથે વધાવી લેવામાં આવેલ. તેને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ.

આ અવસરે ત્રિદિવસીય મહોત્સવનાં મુખ્યદાતા અરવિંદભાઈ વોરા,





ચિંતલભાઈ વોરા, ભક્તિબેન વોરા, કચ્છ જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશભાઈ ખંડોલ, વર્ધમાનનગર સરપંચ રોનીત શાહ, વર્ધમાનનગર પ્રમુખ રાહુલ મહેતા, મંત્રી હસમુખ વોરા, ઉપપ્રમુખ વર્ધીલાલ પારેખ, ધીરજભાઈ પારેખ, ચેતન સંઘવી, ભુજ અચલગચ્છ જૈન સંઘ પ્રમુખ મહેન્દ્રભાઈ ડી. શાહ, ભરતભાઈ બી. શાહ, તપગચ્છ જૈન સંઘના કીર્તીભાઈ શાહ, ખરતરગચ્છ જૈન સંઘના રજનીભાઈ પટવા, પ્રબોધ મુનવર, મહેન્દ્ર લોડાયા, હિરાચંદ છેડા, કેતન એચ. શાહ, કીરીટભાઈ શાહ, અતુલભાઈ શાહ, દિપક લાલન તથા શ્રાવક શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વિમલનાથ પ્રભુજીની ૧૭મી ધ્વજારોહણનો લાભ માતુશ્રી મંજુલાબેન હરીલાલ શાહ વર્ધમાનનગર પરિવારે લીધેલ છે. રાત્રે ભાવનાં દરમ્યાન વર્ધમાન શ્વેતાંમ્બર જિનાલય ટ્રસ્ટ દ્વારા ૧૦૮ આંયબીલનાં તપસ્વીઓની અનુમોદના કરવામાં આવેલ. મહોત્સવના મુખ્ય દાતા તથા ધ્વજારોહણના દાતાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. વર્ધમાનનગર મધ્યે તપગચ્છ જૈન સંઘ ભુજ દ્વારા પૂજ્ય સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ અને સંઘની આરાધના માટે દાતાશ્રી આત્માર્થી પરિવાર દ્વારા વિમલનાથ વૈયાવચ્ચ ધામનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જેને પૂ. આ. ભ. યશોવિજય સૂરીશ્વરજી મહારાજાએ પાવનકારી નિશ્રા આપેલ. પૂ. ગણિવર્ય રાજરત્નસાગરજી, પ્રવર્તક મલયસાગરજી આદિ મુનિભગવંતો, સાધ્વીજી ભગવંતો તથા મહાસતીજીઓ અને શ્રાવક-શ્રાવિકાઓએ ઉપસ્થિતિ આપી હતી.

## રોઝા–૧૨

### મૃત્યુ પછીનું જીવન

**ઈફતાર : ૬:૫૯** | **સહેરી : ૫:૫૦**

આ પ્રશ્ન વિજ્ઞાનની સીમાઓથી પર છે કે મૃત્યુ પછી પણ કોઈ જીવન છે, કારણ કે વિજ્ઞાનનો સંબંધ તો માત્ર ઈન્દ્રિય - જગતથી છે. આવી જ રીતે આ વાત પણ સાચી છે કે માણસ તો પાછલી કેટલીક સદીઓથી વિજ્ઞાનની શોધો અને વિશ્લેષણોમાં રૂચિ રાખવા લાગ્યો છે, નહી તો મૃત્યુ પછીના જીવનના વિચારથી તે ઘણા પ્રાચીન કાળથી જોડાયેલો છે. ખુદાના મોકલેલા બધા જ પયગમ્બરોએ લોકોને ખુદાની બંદગી કરવા અને મૃત્યુ પછીના જીવનમાં વિશ્વાસ રાખવાની આજ્ઞા કરી. એમણે મૃત્યુ પછીના જીવનમાં વિશ્વાસ રાખવા ઉપર એટલો ભાર આપ્યો કે આના કોઈપણ પાસામાં રતિભાર પણ શંકા જાય, તો એનાથી ખુદાનો ઈન્કાર થયો કહેવાય અને ઈમાનની બીજી બધી બાબતો નિરર્થક થઈ જાય. આ પણ એક વાસ્તવિકતા છે કે બધાં જ પયગમ્બરો મૃત્યુ પછીના જીવનમાં ખુબ જ શ્રદ્ધા રાખતા હતા. એકબીજાના હજારો વર્ષોના લાંબા ગાળા છતાંય વહી દ્વારા મળેલ આ જ્ઞાનને તેઓ એક સત્ય માનતા હતા. આપણે એ પણ જાણીએ છીએ કે આ મુદ્દા ઉપર આ પયગમ્બરોની કોમના લોકોએ એમનો વિરોધ કર્યો એટલા માટે કે તેઓ આને અશક્ય માનતા હતા. આ પ્રબળ વિરોધ છતાંય એ પયગમ્બરોને એવા લોકો મળતાં રહ્યાં જેઓ એમની દરેક વાતને સાચી માનતા હતા. પ્રશ્નએ ઉદભવે છે કે એ માનવાવાળા લોકોએ પોતાની જ કોમના લોકો દ્વારા કરવામાં આવેલા ત્રાસ અને અત્યાચાર છતાંય પોતાના બાપ - દાદાના રીતિ રિવાજ, પરંપરાઓ અને વિશ્વાસોને કેમ ન માન્યાં ? સરળ ઉત્તર છે કે એમણે સત્યને પોતાના દિલો દિમાગમાં વસાવી લીધું હતું. પ્રશ્ન એ છે કે એમણે આ સત્યના અનુભવ દ્વારા અનુભૂતિ કરી હતી ? ના આવું ન હતું, એટલા માટે કે મૃત્યુ પછીના જીવનનો અનુભૂતિપૂર્વક બોધ અસંભવ છે. સાચું તો આ છે કે ખુદાએ માણસને અનુભૂતિ પૂર્વક બોધ ઉપરાંત બુદ્ધિપૂર્વક, સંવેદનશીલ અને નૈતિક બોધ પણ આપી રાખ્યો છે. આ જ બોધ છે જે માણસને સત્ય સુધી પહોંચાડે છે. આ જ કારણ છે કે બધા જ પયગમ્બરોએ જયારે પણ ખુદા પર અને મૃત્યુ પછીના જીવન પર લોકોને ઈમાન લાવવાનું કહ્યું તો એમણે એમની બુદ્ધિ, સંવેદના અને નૈતિક બોધથી જ અપીલ કરી. ઉદાહરણ તરીકે જ્યારે મક્કાના મુશરિકોએ મૃત્યુ પછીના જીવનની સંભાવનાનો ઈન્કાર કર્યો તો કુર્આને એમના આ વિચારની નિર્બળતાને સતર્ક અને બુદ્ધિપૂર્વક દલીલોથી સ્પષ્ટ કર્યું અને કહ્યું કોણ આ હાડકાઓને જીવિત કરશે તે જર્જરીત થઈ ગયા હશે? આને કહો, એમને તે જ જીવતા કરશે જેણે પહેલાં અમને જીવતા કર્યા હતા. અને તે સર્જનનું પ્રત્યેક કામ જાણે છે તે જ જેણે તારા માટે લીલાછમ વૃક્ષોમાંથી આગ પેદા કરી અને તમે જેનાથી તમારા ચૂલા જલાવો છો. શુ જેણે આકાશો અને ધરતીને પેદા કર્યા એ કરવા માટે તાકાત ધરાવતો નથી કે આમના જેવાઓને પેદા કરી શકે ? કેમ નહીં, જ્યારે તે નિપુણ સર્જક છે. (સૂરઃ યાસીન : ૭૮-૮૧)

**-સૈયદ અલીઅસગર-ઢોરી**

**નોંધ : આ સમય ભુજ તથા માંડવી માટે છે. બાકીના શહેરો અને ગ્રામીણ વિસ્તારોએ આ સમયને સ્થાનિક સમય સાથે મેળવી લેવું. દા.ત. : નખત્રાણા ૨ મિનીટ ઉમેરવી (વધારવી), મુન્દ્રા ૨ મિનીટ બાદ કરવી (ઘટાડવી)**

# ભુજ લોહાણા મહાજન દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો


ભુજ - કચ્છઉદય : લોહાણા મહાજનના સહકારથી લાયન્સ હોસ્પિટલ ભુજ દ્વારા વિનામૂલ્યે નેત્રમણી (મોતિયા) તથા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવા માત્ર એક કેમ્પ ન હતો પણ અનેક જરૂરિયાતમંદ ભાઈ - બહેનોની આંખોમાં ફરી ઉજાસ ભરી દેવાનો એક પવિત્ર પ્રયાસ હતો. કાર્યમાં મહાજનના પ્રમુખ ડૉ. મુકેશભાઈ ચંદે, ઉપપ્રમુખ હરેશભાઈ કતિરા, મંત્રી કમલભાઈ કારીઆ, ખજાનચી હિતેશભાઈ ઠક્કર, આરોગ્ય સમિતિ ચેરમેન પલ્લવીબેન ઠક્કર, મહિલાશ્રમના પ્રમુખ ચેતનભાઈ ઠક્કર, મીતભાઈ પૂજારા, હર્ષદભાઈ (હકી) ઠક્કર, ધીરજભાઈ ઠક્કર, મૂળરાજભાઈ ઠક્કર, દિલીપભાઈ ઠક્કર, પ્રાણલાલ



ઠક્કર, જ્યોતિબેન ઠક્કર અને વિદ્યાબેન ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

નિષ્ણાત ડોક્ટરોની અનુભવી ટીમ દ્વારા ૧૬ દર્દીઓની આંખોની વિગતવાર તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૩ દર્દીઓના વિનામૂલ્યે નેત્રમણી (લેન્સ) બેસાડવાના ઓપરેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ દર્દીઓને જરૂરી દવાઓનું પણ નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. લાયન્સ હોસ્પિટલના સ્ટાફ દ્વારા સંજય ભાટી તથા સુરેશ ચંદેએ સેવા આપી હતી. કાર્યમાં ઉપસ્થિત સૌ માટે શ્રી જગદીશભાઈ (પપુભાઈ) ઠક્કર દ્વારા ચા-નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે દર મહિનાના ચોથા ગુરૂવારે નેત્રમણી કેમ્પનું નિયમિત આયોજન કરવામાં આવે છે. આ માત્ર એક કાર્યક્રમ નથી, પણ સમાજ પ્રત્યેની જવાબદારી સંવેદના અને નિસ્વાર્થ સેવાભાવનો જીવંત સંકલ્પ છે.

## સમૂહ લગ્નોત્સવમાં સહયોગ બદલ જીગર છેડાનું સન્માન કરાયું



સાર્થક મહિલા વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજિત "સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ - ૨૦૨૬"માં સહયોગ બદલ અનશનવ્રતધારી જૈન સમાજ રત્ન તારાચંદભાઈ જગશીભાઈ છેડા પરિવારવતી તેમના પુત્ર અને ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાનું મોમેન્ટો આપી અભિવાદન કરતા પ્રમુખ હંસાબેન ચાવડા, લીલાવંતીબેન ફફલ, એડ. લક્ષ્મીચંદભાઈ ફફલ, પી.એમ. મહેશ્વરીએ કર્યું હતું.

# કચ્છમાં ખાણીપીણીના એકમોમાં બળેલા તેલનો વપરાશ રોકવામાં તંત્ર વિફળ

**અમદાવાદની જેમ કચ્છના રેસ્ટોરન્ટ અને ફરસાણની ફેક્ટરીઓમાં તેલની ગુણવત્તા ચકાસવા ટીપીસી મશીન અનિવાર્ય બને તે જરૂરી : વારંવાર ઉકાળેલા તેલથી હૃદયરોગ અને કેન્સર જેવી ગંભીર બીમારીઓનું જોખમ વધતા કડક નિયમો લાવવા જનતાની અપેક્ષા**

**હોટલ અને લારીઓ પર વધેલા બળેલા તેલનો નિકાલ બાયોડિઝલ બનાવવા માટે થાય તે ઈચ્છનીય : ભુજ, ગાંધીધામ અને અંજાર જેવા મોટા શહેરોમાં ફૂડ વિભાગ દ્વારા દૈનિક ૫૦ કિલોથી વધુ તેલ વાપરતા એકમોનું લિસ્ટ બનાવી તપાસ તેજ કરવા જાગૃત નાગરિકોનું સૂચન**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લો પોતાની અનોખી ખાદ્યસંસ્કૃતિ અને ચટાકેદાર વાનગીઓ માટે જાણીતો છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી જિલ્લાના મુખ્ય શહેરો એવા ભુજ, ગાંધીધામ, અંજાર અને માંડવીમાં ખાણીપીણીની લારીઓ તેમજ નામી-અનામી રેસ્ટોરન્ટમાં વપરાતા તેલની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લેવાયેલા તાજેતરના નિર્ણયના પગલે હવે કચ્છમાં પણ ખાદ્ય સુરક્ષાના કડક નિયમો અમલી બનાવવાની જરૂરિયાત વર્તાઈ રહી છે. ખાસ કરીને જે એકમોમાં દૈનિક ૫૦ કિલો કે તેથી વધુ તેલનો વપરાશ થાય છે ત્યાં 'ટોટલ પોલાર કમ્પાઉન્ડ' એટલે કે ટીપીસી ટેસ્ટ મશીન ફરજિયાત રાખવામાં આવે તો જ લોકોના સ્વાસ્થ્ય સાથે થતી આડકતરી રમત અટકાવી શકાય તેમ છે. સામાન્ય રીતે વ્યાપારી એકમોમાં તેલનો વારંવાર ઉપયોગ કરવામાં આવતો હોય છે, જે વિજ્ઞાનની દ્રષ્ટિએ અત્યંત જોખમી છે. એક જ તેલને વાંરવાર ઉકાળવાથી તેમાં ઝેરી તત્વો પેદા થાય છે, જે હાઈ બ્લડ પ્રેશર, લિવરની બીમારી અને હાર્ટ એટેક જેવા જીવલેણ રોગોને આમંત્રણ આપે છે. કચ્છમાં પણ અનેક ફરસાણની ફેક્ટરીઓ અને મોટા રેસ્ટોરન્ટ્સમાં આ પ્રકારે બળેલા તેલનો ઉપયોગ થતો હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. અમદાવાદમાં જે રીતે વધેલા બળેલા તેલનો જથ્થો બાયોડિઝલ બનાવવા માટે સરકાર માન્ય એજન્સીઓને સોંપવો ફરજિયાત કરાયો છે, તેવું જ માળખું કચ્છ જિલ્લા વહીવટી તંત્ર અને ફૂડ વિભાગ દ્વારા ગોઠવવામાં આવે તે સમયની માંગ છે. કચ્છમાં પ્રવાસન ઉપેગ ધમધમી રહ્યો છે ત્યારે પ્રવાસીઓ અને સ્થાનિક રહેવાસીઓના સ્વાસ્થ્યની રક્ષા માટે ફૂડ વિભાગે સક્રિય થવું પડશે. મોટા એકમોમાં તેલની ગુણવત્તાના રીડિંગ નોંધવા માટે રજિસ્ટર નિભાવવાની જોગવાઈ અને મશીન દ્વારા તપાસની પદ્ધતિ અમલી બનશે તો જ અશુદ્ધિઓ પર લગામ આવશે. જિલ્લામાં તેલનો વપરાશ કરતા એકમોને અલગ તારવી તેમને આધુનિક સાધનો વસાવવા તાકીદ કરવામાં આવે અને નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કડક દંડનીય કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી કચ્છના જાગૃત નાગરિકો વ્યક્ત કરી રહ્યા છે. શુદ્ધ ખોરાક એ કચ્છની જનતાનો અધિકાર છે અને તે માટે અમદાવાદ જેવી કડક વ્યવસ્થા કચ્છમાં પણ અનિવાર્ય બની છે.

# ઈરાનના નવા લીડર અરાફીનું મોત : કહ્યું, ઇઝરાયેલને નકશામાંથી ભુંસી નાખીશુ.!



**ઈરાન દ્વારા સાઉદીમાં મોટો ડ્રોન હુમલો : તેલની અત્યાર સુધીની સૌથી મોટામાં મોટી રીફાઈનરી પર કર્યો હુમલો : અનેક કર્મીઓ ઘાયલ : ઈરાને કહ્યુ કે, ઇઝરાયેલ પર ૧૫૦૦ મિસાઈલથી હુમલા કરીશુ**

**ઇઝરાયેલ પર હવે ખૈબર મિસાઈલથી એટેક કરાશે- અમારી રણનીતીમાં કોઈ કોઈ પરિવર્તન નહી આવે : આઈઆરજીસીનો હુંકમાર**

## તુકીમાં અમેરીકન એરબેઝ પર ઈરાનનો મોટો હુમલો : ઈરાનના હુમલા બાદ કતારમાં એક પછી એક ધડાકાઓ શરૂ

**ઈરાનના તહેરાનમાં ઇજરાયેલે કર્યો છે મોટો હુમલો-પોલીસ કમાન્ડને ઉડાળી દેવાયુ : ઈરાનના મુખ્ય બ્રોડકાસ્ટ મુખ્યાલય પર પણ હુમલો**

**૨૧ ફેબ્રુઆરીએ જ થવાનો હતો ખામેનેઈ પર હુમલો : જીનેવા વાતચીત દ્વારા પેટા ઈરાનને અંધારામાં રાખી દેવાયુ હતુ**

**ઈરાન પર હુમલો આંતરાષ્ટ્રીય નિયમોનું ઉલ્ઘન, ઈરાન પર હુમલા અટકવા જોઈએ : ચીન**

(પ્રતિનિધિ દ્વારા) નવી દીલ્હી : ઈરાન-ઈઝરાયેલ યુદ્ધ ચરમસીમાએ પહોચી રહ્યુ છે. ગલ્ફમાં ચાલી રહેલા આ યુદ્ધમા આજે વધુ એક મોટા સમાચાર સામે આવવા પામી રહ્યા છે. ઈરાનમા ખામેનઈ બાદ જાહેર થયેલા સુપ્રીમ લીડર અરાફીનું પણ ઈજરાગયેલ હુમલામાં મોત થઈ જવા પામ્યુ હોવાની વાત સામે આવી રહી છે. ત્યારે હવે ઈરાન દ્વારા પણ વળતી પ્રતિક્રીયા આપી અને કહ્યુ છે કે, ઈઝરાયેલને નકશામાંથી ભુંસી નાખીશું. ઈરાને કહ્યુ છે કે ઈઝરાયેલ પર અમે ૧૫૦૦ મિસાઈલથી હુમલાઓ કરવામા આવશે. તેણે દાવો કર્યો છે કે, ઈરાજ-યુએસના ૧૦૦થી વધુ સૈનિકોના મોત થવા પામી ગયા છે.

# ભારાપર-કિડાણામાં ઉદ્યોગગૃહના પ્રદૂષણ સામે આહિર સમાજનો ઉગ્ર વિરોધ





**જિલ્લા કલેક્ટરને પાઠવાયું આવેદનપત્ર : સાત મહિના પહેલાં પ્લાન્ટ ખસેડવાની ખાતરી આપ્યા બાદ પણ કામગીરી શરૂ ન થતાં અને નવો પ્લાન્ટ ઊભો કરવાની હિલચાલ થતાં શ્રદ્ધાળુઓમાં ભારે રોષ**

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ તાલુકાના ભારાપર-કિડાણા ખાતે આવેલા પવિત્ર ગુરુદ્વાર હાજલ દાદાની જાગીર પાસે કાર્યરત એક ખાનગી ઉદ્યોગગૃહસાલ (શાહ એલોયઝ) દ્વારા ફેલાવવામાં આવતા પ્રદૂષણ મામલે સ્થાનિક આહિર સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સંતશ્રી હાજલ દાદા જાગીર સેવક ગણ દ્વારા આ મામલે જિલ્લા કલેક્ટરને ઉદ્દેશીને એક રજૂઆત કરવામાં આવી છે, જેમાં જણાવાયું છે કે શાલ એલોયઝ નામક ઉદ્યોગગૃહ દ્વારા આસપાસના વિસ્તારમાં અત્યંત હવા અને અવાજનું પ્રદૂષણ કરવામાં આવે છે, જેનાથી સ્થાનિક પર્યાવરણ અને લોકોના સ્વાસ્થ્ય પર માઠી અસર પડી રહી છે.

આ અંગે વિગત આપતાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને આહીર અગ્રણી વી.કે.હુંબલે જણાવ્યું હતું કે, આ મામલે અગાઉ પણ અનેકવાર રજૂઆતો કરવામાં આવી હતી અને આશરે સાત મહિના પહેલા થયેલી મૌખિક સમજૂતી મુજબ કંપનીએ આ પ્લાન્ટ અન્યત્ર ખસેડવાની ખાતરી આપી હતી. જોકે, આજ દિન સુધી આ દિશામાં કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. તેનાથી વિપરીત, હાલમાં આ ઉદ્યોગગૃહ દ્વારા તે જ સ્થળે નવો રોલિંગ પ્લાન્ટ ઊભો કરવાની તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી હોવાનું સામે આવ્યું છે. આ નવી હિલચાલને કારણે આહિર સમાજની ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમાન ગુરુદ્વારાની પવિત્રતા અને પ્રાચીન અસ્મિતા જોખમાઈ રહી હોવાનો ગંભીર આરોપ સેવક ગણ દ્વારા મૂકવામાં આવ્યો છે.

કચ્છ મંડળ આહીર સમાજના પ્રમુખ તેજાભાઈ કાનગડે આ બાબતે જણાવ્યું હતું કે, છેલ્લા ૨૨ વર્ષથી આ કંપની સતત પ્રદૂષણ ફેલાવી રહી છે, જેના કારણે કિડાણા, ભારાપર, અંજાર, આદિપુર અને તુણા જેવા વિસ્તારોમાં લોકોના આરોગ્ય સામે ગંભીર જોખમ ઊભું થયું છે. કંપનીના સંચાલકોને વારંવાર રજૂઆત કરવા છતાં પ્રદૂષણ ઓછું થવાને બદલે સતત વધી રહ્યું છે. ખાસ કરીને નવી કંપનીના હસ્તાંતરણ બાદ પ્રદૂષણની માત્રામાં ધરખમ વધારો થયો છે જે સહનશક્તિની બહાર છે.

આ પ્રદૂષણના પ્રશ્ને આહીર સમાજ અને ગ્રામજનોએ એકસૂત્રે નિર્ણય કર્યો છે કે આ અંગે જિલ્લા કલેક્ટરને લેખિત આવેદનપત્ર આપીને કંપનીની અનિયમિતતાઓ સામે કડક પગલાં લેવાની માંગ કરવામાં આવશે. તેજાભાઈ કાનગડે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો તંત્ર દ્વારા પ્રદૂષણ ફેલાવતી આ કંપનીને બંધ કરાવવામાં નહીં આવે, તો ગ્રામજનો ગાંધીચીંધ્યા માર્ગે ઉપવાસ આંદોલન પર ઉતરશે.

આજરોજ કલેક્ટરને પાઠવેલા પત્રમાં આહિર સમાજના અગ્રણીઓએ ચીમકી ઉચ્ચારી છે કે તેઓ આ પ્લાન્ટનો જાહેર વિરોધ કરે છે અને આ મામલે કોઈપણ પ્રકારનું સમાધાન સ્વીકારવામાં આવશે નહીં. વધુમાં, આ ઉદ્યોગગૃહ દ્વારા આસપાસની જમીન કઈ રીતે મેળવવામાં આવી છે તેની પણ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. આ વિવાદને કારણે જો આગામી સમયમાં કોઈ પણ પ્રકારની અરાજકતા ફેલાય તો તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેવી સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવી છે. આ વેળાએ ગોવિંદભાઈ કાનાભાઈ આહીર, રઘુભાઈ રાજાભાઈ આહીર, ચેતનભાઈ આહીર, ધનાભાઈ ખીમાભાઈ આહીર, લખુભાઈ નારણભાઈ આહીર વગેરે આહીર સમાજના અગ્રણીઓ ઉપરાંત આહીર સેના ગુજરાતના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ તથા સ્થાનિક રહેવાસીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ન્યાયિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ધર્મેન્દ્રસિંહ જાડેજાનુ સન્માન



ગાંધીધામ - કચ્છઉદય : ગુજરાત પોલીસના પૂર્વ કચ્છ-ગાંધીધામ વિભાગના એસપી શ્રી સાગર બાગમાર દ્વારા શ્રી ધર્મેન્દ્રસિંહ એસ. જાડેજા (અધિક જિલ્લા સરકારી વકીલ, સેશન્સ કોર્ટ, ભચાઉ) ને તેમની સરાહનીય કામગીરી બદલ આ પ્રશંસા પત્ર એનાયત કરવામાં આવ્યો છે. બાલાસર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ POCSO એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળના ગંભીર ગુનામાં અસરકારક કામગીરી કરી હતી.પોલીસ દ્વારા માત્ર ૪૩ દિવસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.ન્યાયિક પ્રક્રિયા મા શ્રી ધર્મેન્દ્રસિંહ એસ. જાડેજા દ્વારા કોર્ટમાં કરવામાં આવેલી સચોટ દલીલો, સાક્ષીઓની તપાસ અને વૈજ્ઞાનિક પુરાવાઓની રજૂઆતના આધારે કેસ મજબૂત બન્યો હતો. પરિણામે નામદાર કોર્ટે માત્ર ૨૪૦ દિવસમાં ટ્રાયલ પૂર્ણ કરી આરોપીને દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૫,૦૦૦/- નો દંડ ફટકારતો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. આ પ્રશંસા પત્ર એ વાતનું પ્રમાણ છે કે જ્યારે પોલીસ વિભાગ અને ન્યાયિક વકીલો સાથે મળીને મજબૂત પુરાવાઓ સાથે કામ કરે છે, ત્યારે સમાજમાં ન્યાયનું શાસન સ્થાપિત થાય છે અને ગુનેગારોને કડક સજા મળે છે.

## દુધના ટેન્કરમાં છૂપાવીને લવાઈ રહેલી દારૂની ૪૬૬ પેટી ઝડપાઈ

મહુવા : સ્ટેટ મોનિટરિંગ સેલે મહુવાના ભાદ્રોડ નજીક દુધના ટેક્રરમાં છૂપાવીને લઈ જવાઈ રહેલા વિદેશી દારૂના મસમોટા જથ્થાને ઝડપી લીધો છે. સ્ટેટ મોનિટરિંગ સેલે પંજાબના પટિયાલાથી ટેક્રરમાં છૂપાવીને લવાઈ રહેલી દારૂ-બિયરની કુલ ૧૬,૪૧૬ બોટલ સહિત કુલ રૂ.૧ કરોડથી વધારેના મુદ્દામાલ સાથે ડ્રાઈવને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે. પંજાબના પટિયાલાથી દુધના ટેક્રરમાં વિદેશી દારૂનો જથ્થો છૂપાવીને મહુવા તરફ આવતો હોવાની ભાવનગર જિલ્લાના મહુવા વિસ્તારમાં પેટ્રોલિંગમાં રહેલી સ્ટેટ મોનિટરિંગ સેલની એક ટીમને મળેલી બાતમીના આધારે સ્ટેટ મોનિટરિંસ સેલની ટીમે મહુવા નજીકના ભાદ્રોડ ગામ પાસે હાઈ-વે પર આવેલા બુટિયાના નાળા પાસે વૉચ ગોઠવી હતી અને બુટીયાના નાળા પાસે જીજે-૦૨-ઝેડ-૮૨૩૨ નંબરનું દુધનું ટેક્રર આવતા તેને અટકાવી તલાશી લેતા દુધના ટેક્રરમાં છૂપાવેલી ૪૬૬ પેટીઓમાંથી રૂ.૭૮,૨૦,૧૮૪ની કિંમતની વિદેશી દારૂ અને બીયરની કુલ ૧૬,૪૧૬ બોટલ સાથે ટેક્રરના ડ્રાઈવર હનુમાનરાવ માંગીલાલ બિશ્નોઈ (રહે.રાજસ્થાન)ને ટેક્રર અને મોબાઈલ સહિત કુલ રૂ. ૧.૦૩ કરોડના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. પોલીસની પુછપરછમાં દારૂનો આ જથ્થો તે પંજાબના પટિયાલાથી ભરીને લાવ્યો હતો અને ભરત દેવાસી (રહે. રાજસ્થાન) એ મોકલાવ્યો હોવાની કબૂલાત આપી હતી. હાલ પોલીસે આરોપી ડ્રાઈવરની ધરપકડ કરી આ દારૂનો જથ્થો કોને મોકલવામાં આવી રહ્યો હતો તે દિશામાં તપાસ હાથ કરી આ મામલે મહુવા ગ્રામ્ય પોલીસ મથકમાં ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.


# માધાપર મઠુલી પાસે સ્પીડ બ્રેકરના કારણે એસટી બસનો અકસ્માત : ૯ને ઈજા





ભુજ - કચ્છઉદય : ભુજથી માધાપર તરફ જતી એસટી બસને મઢુલી પાસે અકસ્માત નડયો હતો. અહીં સ્પીડ બ્રેકર બનાવવામાં આવ્યા છે. તેના પર પટ્ટા નથી. આ દરમ્યાન બસ ચાલકે અચાનક બ્રેક મારતા બસની અંદર બેઠેલા પ્રવાસીઓ સીટ અને બારીમાં ભટકાતા મુઢમાર જેવી ઈજાઓ થતા જી.કે. જનરલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અંદાજે નવ જેટલા પ્રવાસીઓને હળવી ઈજાઓ થઈ હતી. મોટા ભાગના ઈજાગ્રસ્તો નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ હોવાનું જાણવા મળ્યું છે. કોઈ જાનહાની થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભુજમાં હાલમાં રસ્તા નવીનીકરણની કામગીરી ચાલી રહી છે. જેમાં ઘણા સ્થળોએ સ્પીડ બ્રેકર બનાવ્યા છે, પરંતુ તે હદ કરતા ઉંચા અને નિયમોને નેવે મુકી બનાવાય છે. સફેદ પટ્ટા કે રેડીયમ નથી. નવા ડ્રાઈવરને આ સ્પીડ બ્રેકર દેખાય પણ નહીં આ બાબતે અવાજ ઉપાડવા છતાં તંત્ર દ્વારા ગંભીરતા લેવામાં આવી નથી. ઉપરાંત સ્મૃતિવનથી નળસર્કલ જતો રસ્તો ઢાળ વાળો હોવાથી અચાનક ગાડીઓ ગતિ પકડી લેતી હોય છે ત્યારે મઢુલી પાસે બનાવાયેલા સ્પીડ બ્રેકરથી આ બનાવ બન્યો હતો. તંત્રએ અહીં ગંભીરતા દાખવી નિયમ પ્રમાણે સ્પીડ બ્રેકર, રેડીયમ, સફેદ પટ્ટા બનાવવા જોઈએ.

# ભારત અને કેનેડા વચ્ચે મહત્વના કરાર




નવી દિલ્હી : આજ રોજ ભારત અને કેનેડા વચ્ચે મહત્વપૂર્ણ કરાર થયા છે. મોદીએ આ તબક્કે કહ્યુ છે કે, ભારત અને કેનેડા સારા મિત્રો છે. સબંધો મજબુત કરવા અનેક નિર્ણયો લીધા છે. બન્ને દેશો વચ્ચે આર્થિક ભાગીદારી વધી છે. ભારત હમેશાં શાંતીના પક્ષમાં છે. આતંકવાદ તમામ માટે પડકાર છે. દુનીયામાં તણાવ ચાલી રહ્યો છે. ભારતીયોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છીએ.

# ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ દ્વારા આગામી તા.૧૧ મેથી ૦૭ જૂન, ૨૦૨૬ સુધી ઉનાળુ વેકેશન રહેશે

**આ સમય દરમિયાન માત્ર અરજન્ટ હિયરિંગના કેસો તથા પંચ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવ્યા હોય તેવા કેસોની સુનાવણીની કામગીરી હાથ ધરવામાં આવશે**

નવીદિલ્હી : ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ દ્વારા વર્ષ ૨૦૨૬ માટે ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. ગુજરાત હાઈકોર્ટના નોટિફિકેશન અને મહેસૂલ વિભાગના નિયમોને ધ્યાને રાખીને આગામી તા. ૧૧ મે થી ૦૭ જૂન, ૨૦૨૬ દરમિયાન ઉનાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે, તેમ ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર આ વેકેશન દરમિયાન અરજન્ટ હિયરિંગના કેસો જે કામચલાઉ મનાઈ હુકમવાળા તથા જે કેસોમાં વેકેશન પહેલા બંને પક્ષકારોએ સંમતિ આપી હોય અને તે સંમતિ પંચ દ્વારા ગ્રાહ્ય રાખવામાં આવી હોય તેવા કેસો સિવાયની સુનાવણીની કોઈ કામગીરી હાથ ધરવામાં આવશે નહીં. વધુમાં,આ વેકેશન દરમિયાન ગુજરાત મહેસૂલ પંચની કચેરીના કામકાજનો સમય રજાના દિવસો સિવાય સવારે ૧૦:૩૦ કલાકથી સાંજે ૬:૧૦ કલાક સુધીનો રહેશે. આ સમય દરમિયાન અપીલ કે રિવિઝન અરજીઓ વગેરે સ્વીકારવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી અરજદારોને કોઈ મુશ્કેલી ન પડે.

## પહેલા પાનાથી...

### મિડલ ઈસ્ટમાં

દેશોમાં હુમલાઓનો સમાવેશ થાય છે. સમિતિએ આ પ્રદેશમાં મોટા ભારતીય પ્રવાસી સમુદાયની સલામતી અને સુરક્ષા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. ઝઝજી એ ભારતીય પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા નિર્ધારિત પરીક્ષાઓમાં ભાગ લઈ રહેલી મુશ્કેલીઓની પણ સમીક્ષા કરી હતી અને પ્રાદેશિક સુરક્ષા અને આર્થિક અને વાણિજ્યિક પ્રવૃત્તિઓ માટે તેના વ્યાપક પરિણામો પર વિચાર કર્યો હતો. ઝઝજી એ તમામ સંબંધિત વિભાગોને આ વિકાસથી પ્રભાવિત ભારતીય નાગરિકોને મદદ કરવા માટે જરૂરી અને શક્ય પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો. સમિતિએ દુશ્મનાવટનો વહેલો અંત લાવવા અને સંવાદ અને રાજદ્વારી પ્રવૃત્તિઓમાં પાછા ફરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.CCS રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક બાબતો પર નિર્ણય લેવા માટે બેઠક કરે છે. તે દેશની સર્વોચ્ચ સંસ્થા છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, વડા પ્રધાન પીકે મિશ્રા અને શક્તિકાંત દાસના મુખ્ય સચિવો, ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, કેબિનેટ સચિવ ટીવી સોમનાથન અને વિદેશ સચિવ વિક્રમ મિશ્રી પણ ચર્ચા માટે હાજર રહ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીએમ મોદી દ્વારા બોલાવવામાં આવેલી આ બેઠકમાં પશ્ચિમ એશિયામાં રહેતા ભારતીય નાગરિકોની સલામતી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

### હવે ઈઝરાયલ

સાથે સંઘર્ષ લાંબા સમયથી ચાલી રહ્યો છે. ઈઝરાયલે આ કટ્ટરપંથી સંગઠનને અપંગ બનાવ્યું છે. યુદ્ધવિરામ કરાર પ છી પણ, ઈઝરાયલે નિયમિતપણે હિઝબુલ્લાહને નિશાન બનાવ્યું. ઈઝરાયલી હુમલાઓમાં તેના ટોચના કમાન્ડરો માર્યા ગયા છે.

### પશ્ચિમ બંગાળમા

પરંતુ બાદમાં સોમવાર સુધી મુલતવી રાખવામાં આવી હતી. ૧૫ માર્ચે બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાનારી રેલીમાં ગૃહમંત્રી અમિત શાહ પણ હાજર રહેશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી, જ્યાં પ્રધાનમંત્રી મુખ્ય વક્તા રહેશે.

### ક્રૂડ ઓઈલના

હતું અને ૨૦૨૬ના પહેલા બે મહિનામાં લગભગ ૧૯% વધ્યું હતું, તે હવે ૧૨% વધીને $૮૦ પ્રતિ બેરલને પાર કરી ગયું છે.દરમિયાન, યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ પણ ૮% વધીને ૭૦ પ્રતિ બેરલને પાર કરી ગયું છે. ઈઝરાયલ દ્વારા ઈરાન પર ૧૨ દિવસના પ્રથમ હુમલા બાદ, ગયા વર્ષે જૂન પછી પહેલી વાર બ્રેન્ટ ક્રૂડ $૮૦ થી ઉપર વધી ગયું છે.

### ઈરાન, ઈઝરાયેલ યુદ્ધ:

રાજ્યના મુખ્ય પોલીસ વડા ડો કે. એલ એન.રાવે પોતાની કાર્યદક્ષતા અને ત્વરિત નિર્ણય લેવાની કાર્યક્ષમતાનો વધુ એક વખત રાજકોટમાં સૌરાષ્ટ્ર રિજિયનની બેઠક અંતર્ગત આપ્યો હતો.સહુ પ્રથમ સૌરાષ્ટ્ર રીજયનની બેઠક માટે રૂટિન કાર્યને અસર ન પડે તે માટે શનિ રવિ નક્કી કરેલ , વડાપ્રધાન શનિવારે સાણંદમાં ૨૨૫૧૬ કરોડના ખર્ચે આધુનિક સેમી કન્ડક્ટર પ્લાન્ટ ઉદ્ઘાટન સાથે રોડ શો યોજવાના હોવાથી સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ કરવા તથા પ્રોટોકોલ અંતર્ગત સાણંદ જવાનું થવાથી રાજકોટમાં રવિવારે કોન્ફરન્સ રાખેલ.

ખૂબ વ્યસ્ત શેડ્યુલ છતાં રાજકોટનો અને સૌરાષ્ટ્રનો બહોળો અનુભવ હોવાથી સૌરાષ્ટ્ર દરિયા કાંઠા અને રાજકોટની તમામ સમસ્યાઓથી વાકેફ હોવાથી શહેર પોલીસે શું ફેરફાર કરવા તેની જાણકારી આપી હતી, રાજકોટના પોલીસ કમિશનર બ્રજેશ ઝા દ્વારા ખૂબ પડકારરૂપ રાજકોટના ઈતિહાસના જંગલેશ્વર ડિમોલેશનની કુનેહપૂર્વક કરેલ, તે રૂબરૂ નિહાળી પોલીસ કમિશનર તથા ટીમને અભિનદન આપ્યા હતા. રાજકોટ રેન્જ ig અશોક કુમાર યાદવ દ્વારા દરિયા કાંઠા, ટાપુઓ, વિગેરે માટે લોકોને જાસૂસ જેવી તાલીમ, વિગેરે બાબતની જાણકારી અને ડ્રગ્સ વિગેરે માટે અપનાવાયેલ રણનીતિની માહિતી મેળવી હતી.અમેરિકા, ઈઝરાયલ વિગેરેની ઈરાન સામેની લડાઈમાં શનિવારે. મોડી રાતે ઈરાનના સુપ્રીમો ખામેનીનું મોત નીપજ્યું તે સંદર્ભે ગમે ત્યારે ગમે તે બની શકે તેવું પોતાના અનુભવ આધારે સારી રીતે સમજતા રાજ્યના મુખ્ય પોલીસ વડા ડો. કે. એલ એન. રાવે વ્યસ્ત શેડ્યુલ વચ્ચે રાજકોટના પોલીસ કમિશનરના કોન્ફરન્સ હોલમાંથી ગુજરાતના તમામ પોલીસ કમિશનર, રેન્જ વડા, એસપી, કોસ્ટલ વડા, એરપ ોર્ટ સિકયુરિટી સાથે તાકીદની વિડિઓ કોન્ફરન્સ યોજી હતી. આ તમામને પ્રવર્તમાન પ રિસ્થિતિમાં શું શું પગલા લેવા ? તે માટે માર્ગદર્શન આપી એલર્ટ મૂકયું છે. અત્રે એ યાદ રહે કે ઈરાન, ઈરાક વગેરેમાં વસતા ગુજરાતીઓ ચિંતાતુર બન્યા છે. ઈઝરાયેલ યુક્રેન યુદ્ધ સમયે ગુજરાતીઓને સહી સલામત બહાર કાઢયા હતા, તે આખી પેટર્નનો મુખ્ય પોલીસ વડા દ્વારા તાકીદે આખી સ્કીમ મંગાવી અભ્યાસ કર્યો હતો.

### મિડલ ઈસ્ટમાં યુદ્ધ વચ્ચે

UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે પણ વાત કરી હતી. ઈરાને UAE પર જે હુમલા કર્યા તેની ભારતે આકરા શબ્દોમાં નિંદા કરી છે. આ સંઘર્ષમાં એક ભારતીય નાગરિક પણ ઈજાગ્રસ્ત થયો હોવાના અહેવાલ છે, જોકે તેની હાલત અત્યારે ખતરાની બહાર છે.

ભારતીયોની સુરક્ષાઃ એકલા UAEમાં જ લગભગ ૩૯ લાખ ભારતીયો વસે છે. જો યુદ્ધ વધે તો આ તમામ નાગરિકોની સુરક્ષા ભારત માટે સૌથી મોટો પડકાર બની શકે છે.આર્થિક અસરઃ ભારત અને ેછઈ વચ્ચે વાર્ષિક ૧૦૦ અબજ ડોલરનો વેપાર થાય છે. યુદ્ધની અસર સીધી ભારતીય અર્થતંત્ર પર પ ડી શકે છે.

# મિલકત વેરાની વસૂલાત માટે ટેક્સ વિભાગની કડક કાર્યવાહી : ખના માર્કેટનું ગોડાઉન સીલ



ગાંધીધામ - કચ્છઉદય : મિલકત વેરાની બાકી વસૂલાત માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્સ વિભાગ દ્વારા આજે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત લાંબા સમયથી ટેક્સ ન ભરનારા આસામીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

ટેક્સ વિભાગની ટીમે આજે ખના માર્કેટ વિસ્તારમાં આવેલ ગોડાઉન નંબર ૬૦ પર આ કામગીરી કરી હતી. આ મિલકતના માલિક અગ્રવાલ રાજેશ આત્મારામ પાસે લાંબા સમયથી કુલ ૫,૫૭,૮૭૩/- (અંકે રૂપિયા પાંચ લાખ સત્તાવન હજાર આઠસો તોતેર પૂરા) જેટલી માતબર રકમનો ટેક્સ બાકી હતો. વારંવારની નોટિસ અને જાણ કરવા છતાં ટેક્સની ભરપાઈ ન થતા અંતે મિલકત સીલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ સમગ્ર ઓપરેશન ટેક્સ વિભાગના અધિકારીઓ શ્રી નિયતભાઈ ધોળકિયા અને શ્રી કનૈયાભાઈ સાધુ ની સીધી દેખરેખ હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું.

ટેક્સ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પણ બાકી વેરો ધરાવતા મિલકત ધારકો સામે આવી જ કડક કાર્યવાહી ચાલુ રહેશે. જપ્તી અને સીલિંગ જેવી કાયદાકીય પ્રક્રિયાથી બચવા માટે દરેક નાગરિકોએ સમયસર પોતાનો વેરો જમા કરાવી દેવો જોઈએ.

## ગાંધીધામમાં હોળીની તૈયારીઓ





ગાંધીધામ અંબાજી મંદિર ઓસ્લો સેક્ટર- ૪ ખાતે હોળી નિમિત્તે રાધા કૃષ્ણ મંદિરે પૂજારી લલિત મારાજ દ્વારા રંગ ઉત્સવ અને સાંજે હોલિકા દહનની કરવામાં આવશે.

## ઝંડાચોક મધ્યે હોલીકા પ્રાગ્ટયોત્સવની તડામાર તૈયારીઓ



અધર્મ પર ધર્મના વિજય અને દેવી શકિતના વીજયના ફાગળ સુદ પુનમના દીવસે ઉજવાતા હોળી પર્વની ગાંધીધામ સંકુલમાં પણ તડામાર તૈયારીઓ કરાઈ છે. શહેરના ઝંડાચોક મધ્યે પણ પાછલા પાંચ દાયકાઓથી હોલીક પ્રાગ્ટયોત્સવની અહી ધાર્મિક આસ્થાભેર ઉજવણી કરવામાં આવી રહી છે.

# વરસાણામાં ૪.૪૭ લાખના હેરોઈન સાથે રાજસ્થાની શખ્સ ઝડપાયો





**હોટલ પર દરોડો પાડી નશીલા પદાર્થનો જથ્થો જપ્ત કરાયો : મુખ્ય સપ્લાયરનું નામ ખુલ્યું**

અંજાર - કચ્છઉદય : પૂર્વ કચ્છ પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'નો ડ્રગ્સ ઇન ઈસ્ટ-કચ્છ' અભિયાન અંતર્ગત અંજાર પોલીસ મથકની ટીમે બાતમીના આધારે વરસાણા ગામ પાસે આવેલી એક હોટલ પર દરોડો પાડીને ૪.૪૭ લાખની કિંમતના હેરોઈન સાથે એક આરોપીની ધરપકડ કરી છે.

સરહદી રેન્જ આઈજી ચિરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચના હેઠળ પોલીસની ટીમ ડ્રગ્સની હેરાફેરી રોકવા માટે સતર્ક હતી. આ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર.ગોહિલ અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વરસાણા ગામના બસ સ્ટેશન પાસે આવેલી પતરાવાળી હોટલ (ઢાબા) પર નશીલા પદાર્થનું વેચાણ થઈ રહ્યું છે. પોલીસે તુરંત કાર્યવાહી કરીને હોટલ પર દરોડો પાડ્યો હતો, જ્યાં તપાસ દરમિયાન ૨૨.૩૭ ગ્રામ હેરોઈન (સ્મેક, ચીટા) મળી આવ્યું હતું. આ જથ્થાની બજાર કિંમત અંદાજે ૪.૪૭ લાખ રૂપિયા જેટલી થાય છે. પકડાયેલા આરોપીની ઓળખ પ્રકાશકુમાર હરીગારામ બિશ્નોઈ તરીકે થઈ છે, જે મૂળ રાજસ્થાનના બાડમેર જિલ્લાનો વતની છે અને હાલ વરસાણામાં આ હોટલ ચલાવે છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તે હોટલ પર આવતા ગ્રાહકોને છૂટક રીતે ડ્રગ્સ વેચતો હતો. વધુમાં આ નશીલા પદાર્થનો જથ્થો તેને રમેશભાઈ હરીરામ બિશ્નોઈ નામના શખ્સે પૂરો પાડ્યો હોવાનું સામે આવ્યું છે. અંજાર પોલીસે એન.ડી.પી.એસ. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

મહત્વનું છે કે, ભીમાસર ભુટકિયામાં રેન્જ પોલીસે ૯ કરોડની નશાની ખેતી પકડી પાડ્યા બાદ જિલ્લામાં પોલીસનો પાંચમો કેસ છે.

# સતાપર ગોવર્ધન પર્વત મધ્યે નાથબાવા સમાજના ૧૯મા સમૂહલગ્ન યોજાયા





અંજાર કચ્છઉદય : ગોવર્ધન પર્વત મધ્યે અંજાર નાથબાવા યુવક મંડળ સંચાલિત જુકતા મુકતા માતાજી નાથબાવા યુવા સંગઠન સમુહલગ્ન સમિતી દ્વારા જુકતા મુકતા માતાજી મંદિરના લાભાર્થ નાથબાવા સમાજના ૧૯મા સમુહલગ્ન યોજાયા હતા.

યુવક મંડળના પ્રમુખ બચુનાથ હીરાનાથ લખાગઢીયાના અદયક્ષ સ્થાને રામનાથ ગાભુનાથ અંજારીયા અને મંડળના હોદેદારો દ્વારા દિપ પ્રાગટય કરાયું હતું. લગ્નમાં પાંચ જોડી વર કન્યાએ પ્રભુતામાં પગલા માંડયા હતા. પરમ પૂજય ત્રિકમદાસજી મહારાજે સમુહલગ્ન સમારંભ પ્રસંગે ઉપસ્થિત રહી નવદંપતીને આશીર્વચન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

પરમ પૂજય ત્રિકમદાસજી મહારાજનું બચુનાથ હીરાનાથ લખાગઢીયા પ્રમુખ અને વેલનાથ બાબુનાથ ખીમાણી ઉપપ્રમુખ દ્વારા મોમેન્ટો અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. અંજાર ધારાસભ્ય અને ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રી ગુજરાત રાજય ત્રિકમભાઈ છાંગા, અંજાર પાલિકા પ્રમુખ વૈભવભાઈ કોડરાણી, કારોબારી ચેરમેન પાર્થભાઈ સોરઠીયા, શાશકપક્ષના નેતા નિલેશગર ગોસ્વામી, અંજાર તાલુકા ભાજપના મહામંત્રી અશ્વીનભાઈ સોરઠીયા નાથબાવા, સમાજના અગ્રણીઓએ નવદંપતિને શુભેચ્છા સાથે આશીર્વચન આપ્યા હતા.

મહેમાનો, દાતાઓનું નાથબાવા સમાજના આગેવાનો, મંડળના હોદેદારો અને સભ્યો દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. લગ્નના પ્રમાણપત્ર માટેની જરૂરી વહીવટી કાર્યવાહી સત્વરે કરવા બદલ તલાટી મહાદેવભાઈનું સન્માન કર્યું હતું. લગ્નવિધી આચાર્ય રાજુ મહારાજ અને ભુદેવોએ સંમ્પન કરાવી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખો વેલનાથ બાબુનાથ ખીમાણી, કૈલાશનાથ પ્રેમનાથ માયવારા, મહામંત્રી કિશોરનાથ સામનાથ ખીમાણી, ખજાનચી ભાણનાથ મેઘનાથ અંજારીયા, મંત્રીઓ વિનોદનાથ રામનાથ લાઈજાઈ, વિજયનાથ નારાણનાથ લખાગઢીયા, વેલનાથ કાકુનાથ ડગારાઈ, હરિનાથ વિસનજીનાથ અંજારીયા, કિશોરનાથ વાલનાથ રાડિયા, શિવનાથ દેશરનાથ રાયણવારા, સમુહ લગ્ન સમિતીના પ્રમુખ રવીનાથ એસ.એમ. બાવા અને સભ્યો કાનનાથ વેલનાથ ખીમાણી, કિશનનાથ ધર્મેન્દ્રનાથ લાઈજાઈ, વિજયનાથ રામનાથ અંજારીયા, ધનસુખનાથ હરિનાથ લાઈજાઈ, કમલનાથ સોમનાથ લાઈજાઈ, બીપીનનાથ ગોપાલનાથ અંગિયાઈ, કપીલનાથ ભચુનાથ ખીમાણી, દિપકનાથ વિનોદનાથ લાઈજાઈ, ભુપેશનાથ શાંતિનાથ લાઈજાઈ, મયુરનાથ નંદનાથ ખીમાણી, રવિન્દનાથ બચુનાથ લખાગઢીયા, રોહનનાથ ઘનશ્યામનાથ લખાગઢીયા, ભાવેશનાથ કાનનાથ, જેરામનાથ શિવનાથ ડગારાઈ, વિનોદનાથ હરિનાથ અંજારીયા, નાનજીનાથ વિસનજીનાથ અંજારીયા, બાલકનાથ વિસનજીનાથ અંજારીયા, પ્રિયનાથ બાલનાથ લખાગઢીયા, અશોકનાથ મેઘનાથ, ચંદેશનાથ શંકરનાથ અને નાથબાવા સમાજના તમામ ભાઈઓ તથા મહિલા મંડળના પ્રમુખ ગીતાબેન ઘનશ્યામનાથ લખાગઢીયા અને મહિલા મંડળની તમામ બહેનોના અથાગ પરિશ્રમ અને નિષ્ઠાથી કાય કરી સમાજના આ પ્રસંગને સફળ બનાવ્યો હતો. સંચાલન મહામંત્રી કિશોરનાથ સામનાથ ખીમાણીએ કર્યું હતું.

# રતનાલના અગ્રણી અને પરોપકારી વ્યક્તિત્વ રૂપાભાઈ છાંગાના નિધનથી સમગ્ર પંથકમાં શોક



અંજાર - કચ્છઉદય : તાલુકાના રતનાલ ગામના વતની અને કચ્છ આહીર સમાજના વરિષ્ઠ આગેવાન રૂપાભાઈ ગોપાલભાઈ છાંગા (સામરાણી), જેઓ 'રૂપાભાઈ શેઠ' તરીકે લોકપ્રિય હતા, તેમનું આકસ્મિક નિધન થતા સમગ્ર જિલ્લામાં શોકનું મોજું ફરી વળ્યું છે. સામાજિક અને સેવાકીય ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન આપનાર રૂપાભાઈના અવસાનથી આહીર સમાજે એક મજબૂત સ્તંભ ગુમાવ્યો છે. સ્વ રૂપાભાઈ છાંગા માત્ર સામાજિક અગ્રણી જ નહીં, પરંતુ કચ્છના ટ્રાન્સપોર્ટ વ્યવસાયના પણ એક ભીષ્મ પિતામહ સમાન હતા. અંજારમાં નિર્માણ પામેલા ટ્રાન્સપોર્ટ નગરના વિકાસમાં તેમનો સિંહફાળો રહ્યો હતો. આ ઉપરાંત, તેઓ એક પ્રગતિશીલ ખેડૂત તરીકે પણ ખ્યાતિ ધરાવતા હતા. ધાર્મિક ક્ષેત્રે પણ તેમની અતૂટ શ્રદ્ધા હતી, તેઓ સચ્ચિદાનંદ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી હોવાની સાથે રતનાલ સચ્ચિદાનંદ મંદિરના જીર્ણોદ્ધારમાં મુખ્ય દાતા પણ રહ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ જ થોડા સમય પૂર્વે વ્રજપ્રભા ગ્રંથરાજ જેવા ભવ્ય ધાર્મિક આયોજનો સંપન્ન થયા હતા. તેમના નિધનના સમાચાર મળતા જ રાજકીય અને સામાજિક અગ્રણીઓ દ્વારા શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. જેમાં કચ્છ આહીર મંડળના પ્રમુખ તેજાભાઈ કાનગડ, રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, પૂર્વ મંત્રી વાસણભાઈ આહીર, ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ જીવાભાઈ શેઠ, વી કે હુંબલ, વલમજીભાઈ હુંબલ, વાસણભાઈ વિશાભાઈ માતા, શિવજીભાઈ ડાંગર, રાણાભાઈ ડાંગર, બીજલભાઈ ઉંદરિયા, ગોપાલ ખેંગાર છાંગા, બાબુ ભીમા હુંબલ, મૂળજીભાઈ મયાત્રા, ધનાભાઈ ઢીલા, પ્રેમજી ઠક્કર, ભુરાભાઈ રબારી, ગોવિંદભાઈ કોઠારી, શંભુભાઈ જરૂ સહિતના મહાનુભાવોએ શોક વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત ટ્રાન્સપોર્ટ અને વેપારી સંગઠનોના હોદ્દેદારો તેમજ સામાજિક કાર્યકરોએ પણ રૂપાભાઈની સેવાકીય પ્રવૃત્તિઓને યાદ કરી તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# દહીસરામાં જનતારેડ દરમ્યાન દારૂની સાથે શિકારનો સામાન મળ્યો



ભુજ - કચ્છ ઉદય : અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિના હોદ્દેદારો દ્વારા દહીસરા તેમજ ગોડપર ગામના સ્થાનીકો સાથે દારૂના વેચાણના અડ્ડા પર જનતા રેડ કરવામાં આવી હતી. અહીં દેશી દારૂની સાથે શિકારી પ્રવૃતિમાં વપરાતા સાધનો તેમજ દારૂગોળા, બેટરી, કુહાડી વગેરે મળી આવ્યા હતા.

એક મહિના અગાઉ ભઠ્ઠીની બાજુમાં ચરતા ચરતા દારૂનો આથો ખાઈ જતા ગાયનું મોત થયું હોવા બાબતે માલધારી દ્વારા પોલીસ સ્ટેશનમાં રજુઆત કરવામાં આવી હતી. માનકુવા પોલીસે દેશી દારૂના વેચાણ સબબ સુરેશ બાબુ કોલી અને સાલે જુમા કોલી સામે ગુનો દાખલ કરી ૧૬ લીટર દારૂ અને ૬૦ લીટર આથો કબજે કર્યો હતો. જયારે શિકારના સાધનો બાબતે પોલીસમાં રજુઆત સાથે વન વિભાગનું પણ ધ્યાન દોરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# માંડવીના દરિયાઈ વિસ્તારમાં મરીન ટાસ્કફોર્સ દ્વારા ચેકીંગ કરાયું









ભુજ - કચ્છઉદય : માંડવી બીચથી ગંગાનાળ દરિયાઈ તટીય વિસ્તારમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ચેકીંગ કરવામાં આવ્યું હતું. ડીવાયએસપી આર.એમ. ચૌધરીના નેજા હેઠળ માંડવી સેકટરના મરીન કમાન્ડો દ્વારા તપાસ સાથે શંકાસ્પદ બોટ સહિતની બાબતો ચેક કરી માછીમારોને જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી.

# મુંદરા લૂંટ કેસના આરોપીઓનું રિકન્સ્ટ્રકશન કરાવાયું



મુંદરા - કચ્છઉદય : અહીંની રૂદ્રાક્ષ જ્વેલર્સમાં લૂંટ કરવાના બનાવમાં એલસીબી અને એસઓજીએ રાજસ્થાન અને યુપીમાંથી આરોપી સતીષ સોરણસિંગ શીકરવાલ તથા રાજેશ ઉર્ફે મોન્ટુ નરેશભાઈ પટેલ અને બન્નેને આશરો આપનાર યુસુફ ઉર્ફે ટલ્લો શરીફખાનને ઝડપી મુંદરા પોલીસના હવાલે કરતા પોલીસ દ્વારા ત્રણેયને કોર્ટમાં રજુ કરી સાત દિવસના રિમાન્ડ મેળવાયા હતા.

રવિવારે પોલીસ સ્ટેશનથી બારોઈ રોડ રૂદ્રાક્ષ જ્વેલર્સ સુધી આરોપીઓને પગે પગે લઈ જઈ પોલીસ દ્વારા ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરાવાયું હતું. આરોપીઓનું સરઘસ નિકળતા લોકો ઉમટ્યા હતા.

### ગાંધીધામમાં ચેટીચંદના ઉત્સવ અંગે ૪ માર્ચે જનરલ મીટિંગ અને હોળી મિલનનું આયોજન



ગાંધીધામ - કચ્છઉદય : અહીંના ઝુલેલાલ મંદિર ટ્રસ્ટ દ્વારા સિંધી સમાજના મહાઉત્સવ ચેટીચંદની આગામી તા. ૨૦ માર્ચના રોજ થનારી ઉજવણીના આયોજન માટે એક અગત્યની બેઠક બોલાવવામાં આવી છે. આ અંગે ટ્રસ્ટના પ્રમુખ દર્શનભાઈ ઈસરાણીએ એક યાદીમાં જણાવ્યું છે કે, ઉત્સવની તૈયારીઓની ચર્ચા કરવા માટે આગામી તા. ૦૪ માર્ચ, બુધવારના રોજ સાંજે ૭:૩૦ કલાકે ઝુલેલાલ મેઈન મંદિર, ગાંધીધામ ખાતે એક જનરલ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકની સાથે હોળી મિલનનો કાર્યક્રમ પણ રાખેલ છે. આ મીટિંગમાં સિંધી સમાજની તમામ સંસ્થાઓ, પંચાયતો, શાળાઓ અને સમાજના અગ્રણીઓ સહિત સમસ્ત જનતાને હાજર રહેવા ટ્રસ્ટ દ્વારા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

# ગાંધીધામ અને આદીપુરમાં પોલીસ દ્વારા ફુટમાર્ચ યોજાઈ







ગાંધીધામ - કચ્છઉદય : તહેવાર અનુસંધાને ગાંધીધામ એ ડીવીઝન પીઆઈ એમ.ડી.ચૌધરીની આગેવાનીમાં પોલીસ દ્વારા ભારતનગર, તયબા મસ્જિદ, સુંદરપુરી પાણીનો ટાંકો, શેતાન ચોક, લીલાશા, રેડક્રોસ ચાર રસ્તા, મામલતદાર રોડ, કચ્છ કલા ત્રણ રસ્તા, ગાંધી માર્કેટ, ભાઈ પ્રતાપ સર્કલ, ઝંડા ચોક, જવાહર ચોક, ચાવલા ચોક સહિતના વિસ્તારોમાં પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું. આ સિવાય આદીપુર પોલીસ દ્વારા એસી બજાર, મદનસિંહ સર્કલ, ચોસઠ બજાર, આદીસર તળાવ સહિતના વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગ સાથે ટ્રાફીકને લગતી કામગીરી કરવામાં આવી હતી.

### મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ ભુજની સામાન્ય સભા મળશે

ભુજ - કચ્છઉદય : મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ, ભુજની સામાન્ય સભા ૩ માર્ચને મંગળવારના ધુળેટીના દિવસે સાંજે ૫ કલાકે ચનાણી પાર્ટી પ્લોટ, ભુજ ખાતે મળશે. આ સામાન્ય સભામાં ગત મિનિટનું વાંચન, વાર્ષિક નાણાકીય હિસાબો, અહેવાલની રજૂઆત, અન્ય મુદ્દાઓ અને લાણા સભ્યની નોંધણી, ઘુઘરી પ્રસાદ આપવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે. સાંજે તા. ૪થી ૧૫-૩ દરમિયાન સર્વે સભ્યોએ પોતાના લાણા જ્ઞાતિની ઓફિસે રિન્યુ કરાવી લેવા પ્રમુખ હિતેશભાઈ પ્રભુદાસ ગુજરાતી, મંત્રી પરેશભાઈ ચમનલાલ ગુજરાતી અને સહમંત્રી ડો. ચેતનભાઈ બારમેડાની યાદીમાં જણાવાયું છે.

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com | મેજીસ્ટ્રીયલ શાખા | ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૧૨૭/૨૦૨૬ | **જાહેર નોટીસ** | તા. ૨૬/૦૨/૨૦૨૬

**શ્રી કોલી મનજીભાઈ રાજા** | જન્મ રજી.નં.૧૨૭/૨૦૨૬
રહે.જડસા તા.ભચાઉ-કચ્છ. ....................... અરજદાર

**વિરૂધ્ધ**

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી.અને
તલાટી સહમંત્રીશ્રી જડસા, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ ....................... સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્ર નામે આશીષ મનજીભાઈ કોલી નો જન્મ તા.૧૩-૧૨-૨૦૧૩ ના રોજ ગામ જડસા તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૫/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવુ. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર-ભચાઉ.**

**(કંપની એક્ટ, 2013 ની કલમ 374(b) અને કંપનીઝ (રજીસ્ટ્રારને અધિકૃત કરવા બાબત) નિયમો, 2014 ના નિયમ 4(1) મુજબ)**

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપની એક્ટ, 2013 ની કલમ 366 ની પેટા-કલમ (2) ના અનુસંધાનમાં, આ નોટિસના પંદર દિવસ પછી પરંતુ ત્રીસ દિવસની સમાપ્તિ પહેલાં સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સેન્ટર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નં. 6, 7, 8, સેક્ટર 5, IMT માનેસર, જિલ્લો ગુડગાંવ, હરિયાણા, પિન કોડ 122050 ને એક અરજી કરવાની દરખાસ્ત છે. આ અરજી M/s **મેડીએઈડ હેલ્થકેર એલએલપી (LLPIN: AAG-0933)**, જે એક LLP છે, તેને કંપની એક્ટ 2013 ના ભાગ XXI ના પ્રકરણ I હેઠળ શેર દ્વારા મર્યાદિત કંપની તરીકે મેડીએઈડ હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડ ના નામે નોંધણી કરવા માટે છે.

**કંપનીના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છેઃ**

- તમામ ઉપલબ્ધ માધ્યમો દ્વારા તબીબી વિજ્ઞાનની તમામ શાખાઓમાં જનતાને તબીબી રાહત પૂરી પાડવા માટે હોસ્પિટલ(ઓ) હસ્તગત કરવી, સ્થાપવી, ચલાવવી અને જાળવવી, હેલ્થ કેર સેન્ટર અને તબીબી સંભાળ સુવિધાઓ ચલાવવી, માલિકી ધરાવવી અને તેનું સંચાલન કરવું.

સૂચિત કંપનીના મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના ડ્રાફ્ટની નકલનું નિરીક્ષણ પ્લોટ નં -૩૬, સેક્ટર નં-9A, શોપ-5, ૧લો માળ, કચ્છ, ગાંધીધામ, ગુજરાત, ભારત, 370201 ખાતે કરી શકાશે.આથી નોટિસ આપવામાં આવે છે કે આ અરજી સામે વાંધો ધરાવતી કોઈપણ વ્યક્તિ પોતાનો વાંધો લેખિતમાં સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સેન્ટર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નં. 6, 7, 8, સેક્ટર 5, IMT માનેસર, જિલ્લો ગુડગાંવ, હરિયાણા, પિન કોડ 122050 ને મોકલી શકે છે. જેની એક નકલ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ (ROC), ROC ભવન, રૂપલ પાર્ક સોસાયટીની સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-380013 ને આ નોટિસના પ્રકાશનની તારીખથી એકવીસ દિવસની અંદર મોકલવાની રહેશે. તેમજ તેની એક નકલ મેડીએઈડ હેલ્થકેર એલએલપી ને પ્લોટ નં - 36, સેક્ટર નં-9A, શોપ-5, ૧લો માળ, કચ્છ, ગાંધીધામ, ગુજરાત, ભારત, 370201 સરનામે મોકલવાની રહેશે.

તારીખઃ ૨૫/૦૨/૨૦૨૬
સ્થળઃ ગાંધીધામ

**અરજદાર(ઓ) ના નામઃ**
૧. મૌલિક પ્રમોદભાઈ પટેલ
૨. શીતલ વડીલાલ ત્રેવાડિયા
૩. સાગર વિનોદરાય શુક્લા

|| શ્રી ગણેશાય નમઃ || | || શ્રી મહાકાલિકાય નમઃ ||

**શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ : ભુજ**

**સામાન્ય સભા**

સુજ્ઞ જ્ઞાતિજનો,
જય માતાજી સાથે જણાવવાનું કે, તા.૩/૩/૨૦૨૬, મંગળવાર, ધુળેટીના દિવસે સાંજે ૫.૦૦ વાગ્યે ચનાણી પાર્ટી પ્લોટ મધ્યે નીચે મુજબના એજન્ડા સાથે સામાન્ય સભાનું આયોજન કરેલ છે. માટે સર્વે જ્ઞાતિજનોએ સમયસર અચૂક હાજર રહેવું

**એજન્ડા**
(૧) ગત મિનીટનું વાંચન
(૨) વાર્ષિક નાણાકીય હિસાબો / અહેવાલ
(૩) પ્રમુખશ્રીની પરવાનગીથી
(૪) લાણેદાર સભ્ય નોંધણી / ઘુઘરી પ્રસાદ

નોંધ : તા.૦૪/૦૩/૨૦૨૬ થી ૧૫/૦૩/૨૦૨૬ દરમ્યાન સર્વે લાણેદારોએ પોતાનો લાણો જ્ઞાતિની ઓફિસે રીન્યુ કરાવી જવુ.

- **હિતેશભાઈ પ્રભુદાસભાઈ ગુજરાતી** (પ્રમુખ, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ : ભુજ)
- **પરેશભાઈ ચમનલાલ ગુજરાતી** (મંત્રી, શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ : ભુજ)

**સૌજન્ય : સોની હિંમતલાલ કાનજી બગ્ગા : ભુજ**
**સોની ભરતકુમાર હિંમતલાલ બગ્ગા (ઢોરીવાળા)**
**SNB JEWELLERS - SMB GOLD**

**શ્રી કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી, 'સરહદડેરી'**
રે.સ.ન. ૪૮૮,ગામ- ચાંદરાણી, તાલુકો અંજાર - કચ્છ.
ફોન નં. 9687655970, E-mail: purchase@sarhaddairy.coop

**ટેન્ડર નોટિસ**

શ્રી કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. 'સરહદ ડેરી' ના નીચે મુજબના માલસમાન અને સર્વિસ માટે ભાવો મંગાવવામાં આવે છે.

પેસ્ટ કંટ્રોલ સર્વિસ કોન્ટ્રાક્ટ, સ્ટેશનરી, સ્ટેશનરી પ્રિંટિંગ કામ નો કોન્ટ્રાક્ટ, ઈલેક્ટ્રિક સ્પેર મટિરિયલ, યુટિલિટિ સ્પેર મટિરિયલ, હાઉસ કીપીંગ આઈટમ, સેફ્ટી આઈટમ, સીડી આઈસીડી પ્રોજેક્ટ પેસેંજર વીહીકલ ના કોન્ટ્રાક્ટ, પીએસ બન્ની પ્રોજેક્ટ પેસેંજર વીહીકલ ના કોન્ટ્રાક્ટ, સુગર, નમક, એસએમપી પાઉડર ના કોન્ટ્રાક્ટ, સ્ટોર મટેરિયલ પરિવહન ના કોન્ટ્રાક્ટ, એમપી માટે ટેન્કર દૂધ પરિવહન, દાણ પરિવહન ના કોન્ટ્રાક્ટ, ફાયર સિલિંડર રીફિલિંગ, સિક્યુરિટી સર્વિસ કોન્ટ્રાક્ટ, રેફ્રીજેસન આઈટમ સ્પેર ટેસ્ટિંગ મટેરિયલ/કેમિકલ નો કોન્ટ્રાક્ટ, બેરિંગ મટેરિયલ માટેનો કોન્ટ્રાક્ટ, લેબર કોન્ટ્રાક્ટ, ફ્લેક્સ બેનર, સી સી ટી વી સર્વિસ અને મટેરિયલ માટેનો કોન્ટ્રાક્ટ, લેબ કેમિકલ અને ગ્લાસવેર, ફેબ્રિકેશન/વેલ્ડીંગ કામ, મોટર રેવાઈન્ડિંગ કામ માટેનો નો કોન્ટ્રાક્ટ, એલુમિનિયમ કામ નો કોન્ટ્રાક્ટ મરીન વીમો અને અન્ય વીમા, પી.એફ. સલાહકાર, આર.ટી.ઓ. સલાહકાર તરીકે કોન્ટ્રાક્ટ આપવાનો છે.

જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન ૧૦ માં ઓનલાઈન પોર્ટલ ઉપર ભાવ આપવાના રહેશે અને વેન્ડર રજીસ્ટ્રેશન કરવા માટે purchase.sarhaddairy.co.in કરી શકાશે અને વધુ વિગતો માટે ઉપરના સરનામે સંપર્ક કરવો.

**Note:** The management reserveall the right to accept or reject the application without assigning any reason thereof.

**નીરવ ગુસાઈ (GM)**

**::: જાહેર નોટિસ કમ ચેતવણી :::**

આથી હું રશ્મિ કમલેશ નવાણી (પૂર્વે અનિતા મૂલચંદ ભંભાણી), D/O સ્વઃ મૂલચંદ કોડુંમલ ભંભાણી રહે - મૂળ દુબઈ, દ્વારા આ જાહેર નોટિસ કમ ચેતવણી આપી જહેર જનતા ને જાણ કમ ચેતવણી આપવામાં આવે છે કે મિલ્કત નં. SDB-92, વોર્ડ-2/A, ડૉ. લિઓન ક્લિનિક પાછળ, મૈત્રી રોડ, સંતોષી માતા ચાર રસ્તા આદિપુર, કચ્છ ૩૭૦૨૦૫ વાળી મિલકત ( મકાન, G .F& F. F બાધકામ ) વાળા ની હું હિંદુ વારસાગત કાયદા મુજબની કાનૂની હકદાર વારસદાર છું .તેમજ આ મિલકત માં હક -હિસ્સો ધરાવું છું . જેની સર્વે જનતા ને કડક નોંધ લેવા વિનતી. ઉપરોક્ત મિલકત બાબત કોઈ પણ વ્યક્તિ એ લે-વેચ કરવી /કરાવવી નહી. મારી લેખિત મંજૂરી (NOC) વગર ઉપરોક્ત મિલકત અંગે કોઈ પણ વેચાણ, ટ્રાન્સફર, ભાડે આપવા બાબતે મને સખત વર-વાંધો અને તકરાર હોઈ આ મિલકત બાબતે સોદો કરવો/ કરાવવો નહીં. અને જો અગાઉ કોઈએ ઉપરોક્ત આ મિલકત બાબતે કોઈ પણ જાત નો નાણાકીય વ્યવહાર કે સોદો કરેલ/કરાવેલ હોય તો તે સોદો રદ બાતલ ગણાશે જેની ખાસ-કડક સુચના અને નોંધ લેવી, અન્યથા તેઓ વિરુદ્ધ કડક કાનૂની ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો જી.

તારીખ : ૨૪/૦૨/૨૦૨૬
ગાંધીધામ - કચ્છ

**રશ્મિ કમલેશ નવાણી**
સંપર્ક +971 58 248 0125 & 8058537036



**ખાતમુહૂર્ત સમારોહ**



માન.સરકારીશ્રીનાં માર્ગ-મકાન(પં.) વિભાગ હસ્તકનાં નખત્રાણા તાલુકાનાં વિવિધ અગત્યનાં માર્ગો પર નાળા-પુલીયા-પાપડીઓનું રૂપિયા ૨૭૯.૮૭ લાખનાં ખર્ચે થનાર કામોના ખાતમુહુર્ત કાર્યક્રમો યોજેલ છે જેમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**તા. ૦૪/૦૩/૨૦૨૬, બુધવારે**

(૧) નાના અંગીયા લિંક રોડ પર રૂપિયા ૧૩૯.૮૩ લાખના ખર્ચે નિર્માણ થનાર પુલના કામનું ખાતમુહુર્ત
સમય-સ્થળઃ-સવારે ૧૦:૩૦ વાગે, ભુખી નદી, મોટા અંગીયા
(૨) અમૃતફાર્મ રોડ પર રૂપિયા ૭૬.૧૩ લાખનાં ખર્ચે નિર્માણ થનાર પાપડીના કામનું ખાતમુહુર્ત
સમય-સ્થળઃ- બપોરે ૧૨:૦૦ વાગે, પાપડી પાસે, અમૃતફાર્મ
(૩) વેડહાર નદી પર રૂપિયા ૬૩.૯૧ લાખનાં ખર્ચે નિર્માણ થનાર નાળા કામનું ખાતમુહુર્ત
સમય-સ્થળઃ-બપોરે ૦૩:૦૦ વાગે, નદી પાસે, વેડહાર

**મુખ્ય મહેમાનશ્રી** **શ્રી પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા** (માન.ધારાસભ્યશ્રી, અબડાસા)

**અતિથિવિશેષશ્રીઓ**

- **શ્રીમતી ભાવનાબેન પટેલ** (માન. પ્રમુખશ્રી, નખત્રાણા તા.પંચાયત)
- **શ્રી કરશનજી બી. જાડેજા** (માન. સદસ્યશ્રી, જિ.પં. કચ્છ)
- **શ્રીમતી નયનાબેન પટેલ** (માન. સદસ્યાશ્રી, જિ.પં. કચ્છ)
- **શ્રી ઉત્પલસિંહ જાડેજા** (માન. ચેરમેનશ્રી, કા.સમિતિ તા.પં. નખત્રાણા)
- **શ્રીમતી લીલાબેન મહેશ્વરી** (માન. ચેરમેનશ્રી, સા. ન્યા., નખત્રાણા તા.પં.)
- **શ્રીમતી શારદાબેન આહીર** (માન. દંડકશ્રી, નખત્રાણા તા. પંચાયત)
- **શ્રીમતી સંધ્યાબેન પલણ** (માન. સદસ્યાશ્રી, તા.પં.નખત્રાણા)
- **શ્રીમતી હંસાબા જાડેજા** (માન. સદસ્યાશ્રી, તા.પં.નખત્રાણા)
- **શ્રી દિનેશભાઈ નાથાણી** (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)
- **શ્રી રાજેન્દ્રસિંહ બી. જાડેજા** (માન. ચેરમેનશ્રી, આરો. સમિ. જિ.પં. કચ્છ)
- **શ્રીમતી જયાબેન ચોપડા** (માન. સદસ્યાશ્રી, જિ.પં. કચ્છ)
- **શ્રીમતી દક્ષાબેન બારૂ** (માન. ઉપપ્રમુખશ્રી, નખત્રાણા તા.પંચાયત)
- **શ્રી જયસુખભાઈ પટેલ** (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)
- **શ્રીમતી સ્વાતિબેન ગોસ્વામી** (માન. નેતાશ્રી, શા. પક્ષ, નખત્રાણા તા.પં.)
- **શ્રી મહેન્દ્રસિંહ સોઢા** (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)
- **શ્રી હોતખાનભાઈ મુતવા** (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)
- **શ્રીમતી મંજુલાબેન લતા** (માન. સદસ્યાશ્રી, તા.પં.નખત્રાણા)
- **શ્રી ગોરધનભાઈ રૂડાણી** (માન. સદસ્યશ્રી, તા.પં.નખત્રાણા)

**નિમંત્રક**

**શ્રી હરિસિંહ રાઠોડ** (માન.મહામંત્રીશ્રી, નખત્રાણા તાલુકા ભાજપ) | **શ્રી ધર્મેશભાઈ કેશરાણી** (માન.પ્રમુખશ્રી, નખત્રાણા તાલુકા ભાજપ) | **શ્રી અશ્વિનભાઈ સોની** (માન.મહામંત્રીશ્રી, નખત્રાણા તાલુકા ભાજપ)

**તથા નખત્રાણા તાલુકા ભારતીય જનતા પાર્ટી પરિવાર**

# ગાંધીધામના સેક્ટર પાંચમાં માર્ગ નિર્માણની કામગીરીમાં વેઠ ઉતારાઈ





## રસ્તો ખોદી નાખતા સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ : ચાલુ કામ અધવચ્ચે અટકાવી ૧૮ તારીખથી ઠેકેદાર ગાયબ થતા લોકોની મુશ્કેલીમાં વધારો : અધૂરા કામને લીધે અવરજવર કરવી મુશ્કેલ બની

ગાંધીધામ - કચ્છઉદય : પચરંગી વસ્તી ધરાવતું ગાંધીધામ શહેર મહાનગરપાલિકા બન્યા પછી વિકાસની નવી ઊંચાઈઓને આંબવા થનગની રહ્યું છે. શહેરમાં ચોતરફ વિકાસ કામોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. પરંતુ શહેરના કેટલાક વિસ્તારોમાં કોન્ટ્રાક્ટરોની લા પરવાહીના કારણે સ્થાનિક રહેવાસીઓની હાલત કફોડી બની છે. ગાંધીધામ શહેરના સેક્ટર પાંચ વિસ્તારમાં ગીતા પાનથી રામદેવ મંદિર સુધીના મુખ્ય માર્ગના નિર્માણ કાર્યમાં વ્યાપક અનિયમિતતા અને બેદરકારી સામે આવતા સ્થાનિક રહેવાસીમાં પ્રચંડ આક્રોશ જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી પડતર આ માર્ગની કામગીરી અચાનક ગત ૧૮ તારીખથી બંધ કરવામાં આવી છે અધૂરી મુકવામાં આવેલી કામગીરી અત્યારે રહીશો માટે માથાના દુખાવા સમાન બની ગઈ છે. પ્રારંભિક તબક્કે રસ્તાની બંને બાજુએ આડેધડ ખોદકામ કરી નાખવામાં આવ્યું છે અને ત્યારબાદ માટીના મોટા ઢગલા કરી દેવાયા છે ખાડો અને માટી ના ઢગલા લોકો ના સર દર્દ બન્યા છે સ્થાનિકોના જણાવ્યા અનુસાર, માર્ગના કામમાં માત્ર લિપાપોતી કરવામાં આવી રહી છે અને કોઈ પણ પ્રકારના આયોજન વગર કામને અધૂરું છોડી દેવામાં આવ્યું છે. સૌથી વધુ ચોંકાવનારી બાબત તો એ છે કે કામ હજુ પૂર્ણ થયું નથી ત્યાં જ ઠેકેદારના માણસો બિલની પતાવટ માટે સક્રિય થઈ ગયા છે, જ્યારે બીજી તરફ સામાન્ય નાગરિકોને પોતાના ઘરની બહાર નીકળવું પણ દુષ્કર બની ગયું છે. વાહનો તો દૂરની વાત છે, પરંતુ ચાલતા જવામાં પણ અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. આ ગંભીર મુદ્દે તંત્ર દ્વારા ત્વરિત હસ્તક્ષેપ કરી ગુણવત્તાયુક્ત કામગીરી અને ખોડેલ ખાડાઓ ભરવા ને માટી ના ઢગલા ઉપાડી ને રસ્તા પર પડેલ તામમ માટી ને કચરો સાફ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી રહી છે.

# અંજાર નગરના રામેશ્વર વસ્તીમાં યોજાયેલ હિન્દુ સંમેલન સફળતાપૂર્વક સંપન્ન







અંજાર - કચ્છઉદય : રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની સ્થાપનાને ૧૦૦ પૂર્ણ થવાના અનુસંધાને અંજાર નગરના રામેશ્વર વસ્તીમાં યોજાયેલ હિન્દુ સંમેલન ભવ્યતા, ભક્તિ અને રાષ્ટ્રભાવનાથી ઓતપ્રોત વાતાવરણમાં સફળતા પૂર્વક સંપન્ન થયું. કાર્યક્રમમાં લગભગ ૨૦૦૦થી પણ વધુ સંખ્યામાં સનાતન પરિવારો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કાર્યક્રમની શરૂઆત અતિથિઓના ભવ્ય સ્વાગત અને પરંપરાગત દીપ પ્રજ્વલનથી થયું. ત્યારબાદ રામેશ્વર વસ્તી , હિન્દૂ સંમેલન ના અધ્યક્ષ ઉમિતભાઈ જાની દ્વારા અતિથિ પરિચય તથા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું .ભાગવતાચાર્ય હરીશભાઈ પંડ્યા તથા ભાગવતાચાર્ય દિનેશચંદ્ર રાવલ દ્વારા દ્રષ્ટાંત સાથે સામાજીક સમરસતા અને સંયુક્ત કુટુંબ વ્યવસ્થા અપનાવવા સંદેશ આપ્યો હતો.મુખ્ય અતિથી જીજ્ઞેશભાઈ દોશી દ્વારા પ્રતિવર્ષ આવા સંમેલન યોજવા આહવાન કર્યું. નિવૃત શિક્ષિકા અરૂણાબહેન છત્રે દ્વારા નાગરિક કર્તવ્યનું પાલન કરવા અપિલ કરી.

કાર્યક્રમના મુખ્ય વક્તા અને સંઘ ના સૌરાષ્ટ્ર પ્રાંત સેવા પ્રમુખ નારણભાઈ વેલાણી એ પર્યાવરણની જાળવણી તથા દૈનિક વપરશમાં સ્વદેશી વસ્તુની, દેશના સ્થળ પર પર્યટન કરવા તથા પારંપરિક પરીધાન ધારણ કરવા જણાવ્યું હતું.વસ્તીના બાળકો દ્વારા દેશભક્તિ સમૂહગીત તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, નૃત્યનાટિકાની સુંદર રજૂઆત કરવામાં આવી. રામ મંદિરમ, રામ આયેંગે, મીઠે રસ સે ભરી રાધા રાણી લાગે, મહાભારત થીમ, ઓપેરશન સિંદૂર જેવી પ્રસ્તુતિઓએ ભારતીય સંસ્કૃતિ, શૌર્ય અને આધ્યાત્મિક ભાવનાને વધુ મજબૂત બનાવી. પ્રવક્તાઓએ સમાજના સર્વાંગી વિકાસ માટે સકારાત્મક પરિવર્તન લાવવાનો સંદેશ આપ્યો. કાર્યક્રમ દરમિયાન સમાજને વિશિષ્ટ સેવા આપનાર સુ. નયનાબેન ભટ્ટ, શાંતિલાલભાઈ મસાણી, પ્રમેશભાઈ વેદ , દયારામભાઈ સુંબડ, સુધીરસિંહ જાડેજા નું સમિતી દ્વારા વિશેષ સન્માન કરી તેમની સેવાભાવના નું અનુમોદન કરવામાં આવ્યું. કાર્યક્રમ સ્થળ પર સફાઈ કામગીરીની વ્યવસ્થા પૂરી પાડનાર નગરપાલિકાના વોર્ડમેન મેઘજીભાઈ તથા સફાઈ કર્મચારી ભાઈ-બહેનોનું મંચસ્થ સર્વે મહાનુભાવોના હસ્તે વિશિષ સન્માન કરી તેમની સેવાને બિરદાવવામાં આવી. અતિથિઓનું ભારત માતા ના કટઆઉટ અને તલવાર રૂપી સ્મૃતિ ચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સામૂહિક હનુમાન ચાલીસાના પાઠ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિ અને એકતાની ભાવનાથી ગુંજી ઉઠ્યું. અંતે આભાર દર્શન તથા ભારત માતાની આરતી સાથે કાર્યક્રમનું સમાપન થયું.મહાપ્રસાદ સાથે સૌએ ભાઈચારો અને એકતાનો સંદેશ વધુ મજબૂત બનાવ્યો. આ સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત અને પ્રેરણાદાયી સંચાલન હિન્દુ સંમેલન સમિતિના મહામંત્રી શ્રી જય ભારતભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.વિવિધ સોસાયટી ના અગ્રણીઓ, મહિલામંડળ તથા યુવા ગ્રુપ દ્વારા સ્વૈચ્છિક રીતે આયોજન માં પોતાની સેવાઓ આપી.સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે પૂર્ણ થયો. આયોજક મંડળ દ્વારા તમામ સહયોગીઓ, અતિથિઓ અને ઉપસ્થિત પરિવારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | 9 | 5 | | 6 | 7 | | |
| | 3 | 8 | 7 | | 4 | 5 | 1 | |
| 2 | | | 3 | 5 | 1 | | | 8 |
| | | 6 | | | | 2 | | |
| 8 | | | 6 | 7 | 2 | | | 9 |
| | 4 | 2 | 9 | | 7 | 3 | 8 | |
| | | 3 | 1 | | 8 | 9 | | |
| | | | | | | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(3) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 8 | 7 | 4 | 5 | 9 | 6 | 1 | 3 |
| 5 | 9 | 6 | 1 | 8 | 3 | 4 | 2 | 7 |
| 3 | 1 | 4 | 2 | 7 | 6 | 8 | 9 | 5 |
| 1 | 2 | 5 | 8 | 4 | 7 | 9 | 3 | 6 |
| 4 | 6 | 3 | 5 | 9 | 2 | 1 | 7 | 8 |
| 9 | 7 | 8 | 6 | 3 | 1 | 2 | 5 | 4 |
| 7 | 5 | 2 | 9 | 6 | 8 | 3 | 4 | 1 |
| 8 | 3 | 1 | 7 | 2 | 4 | 5 | 6 | 9 |
| 6 | 4 | 9 | 3 | 1 | 5 | 7 | 8 | 2 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : મૂળ મુંદરાના ગં.સ્વ. અરૂણાબેન ચંદ્રકાંત સંપટ (ઉ.વ. ૭૮) તે સ્વ. ચંદ્રકાંત સંપટ (સંપટ સાહેબ)ના પત્ની, સ્વ. મોતીબાઈ ખીમજી સંપટના પુત્રવધૂ, સ્વ. સાવિત્રીબેન હંસરાજ દુતિયાના પુત્રી, સ્વ. શેરાસિંહભાઈ, ભાનુબેન (મસ્કત), સ્વ. ચંપાબેન (ભુજ)ના ભાભી, મલ્હાર, ખ્યાતિના માતા, ચિરાગ રાવતિયા, ઊર્મિના સાસુ, પ્રથમના દાદી, આશી, પ્રિયાંશના નાની તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૩ના સોમવારે સાંજે ૪થી ૫ ઝૂલેલાલ મંદિર, શિવ હોટેલની બાજુમાં, ગાંધીધામ ખાતે.

**અંજાર** : મૂળ ભુવડના સોનરાત શામજી બારોટ (નિવૃત્ત પોલીસ) (ઉ.વ. ૬૪) તે સ્વ. વિરમભાઈ તથા સ્વ. શાંતાબેન ના પુત્ર, સ્વ. કાશીબેનના પતિ, સ્વ. હીરાબેન, રામજીભાઈ, સ્વ. જમનાબેન, જશોદાબેનના ભાઈ , શાન્તિબેન રામજીભાઈના જેઠ, ભારતીબેન, સરસ્વતીબેન, કૃપાલીબેન, કલ્પનાબેન, હર્ષદભાઈના પિતા, હેમંતભાઈ, કિશોરભાઈ, ભરતભાઈ, સુરેશભાઈ, નરેન્દ્રભાઈ, દિવ્યાબેન, હંસાબેનના સસરા, શિલ્પાબેન, અજયભાઈ, વિજયભાઈના મોટાબાપુ, પ્રતીક, કૃતિક, હરશિવ, ઓમક્ષના દાદા, તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. બેસણું (પ્રાર્થનાસભા) તા. ૨-૩ના સોમવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ પ્રજાપતિ છાત્રાલય નવા અંજાર ખાતે.

**અંજાર** :સ્વ. યોગેશ રતનશી પલણ ૨૨/૦૮/૧૯૫૪ - ૦૧/૦૩/૨૦૨૬ યોગેશ રતનશી પલણ ઝરીયા વાળા હાલ અંજાર તા.૧-૩-૨૦૨૬ ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તે ગં.સ્વ.રસીલાબેન રતનશી પલણ ના પુત્ર,મીનાબેન ના પતિ કપિલ ના પિતા જયંત, દિલીપ, સુરેશ અને નરેન્દ્ર ના ભાઈ. પુષ્પા દિનેશ,મીના મનોજ અને કોકિલા કમલ ના ભાઈ. સ્વ.મગનલાલ મૂળજી ના જમાઈ પ્રેમિલા ના દિયર. પ્રીતિ અને રીના ના જેઠ રશ્મિ મિરા સ્વ.મહેશ અને પંકજ ના બનેવી. તેમની બંને પક્ષ ની પ્રાથર્ના સભા તા.૩-૩-૨૦૨૬ મંગળવાર ના રોજ સાંજે ૪ થી ૫.પલણ વાડી યોગેશ્વર ચોકડી પાસે અંજાર ખાતે રાખેલ છે.

**અંજાર** : મૂળ મોટી ખેડોઈના નંદકુંવરબા ખુમાનસિંહ જાડેજા (ઉ.વ. ૯૫) તે સ્વ. રઘુવીરસિંહ (મા મઢવાળી ટ્રાવેલ્સ), રાજેન્દ્રસિંહ (મા આશાપુરા ટ્રાવેલ્સ), પ્રદીપસિંહ (કેપીટી), નિર્મળાબા કનકસિંહ પરમાર (સિધસર), દયાબા દિગ્વિજયસિંહ ઝાલા (લીંબડી)ના માતા, પૃથ્વીરાજસિંહ, મહેન્દ્રસિંહ, જયપાલસિંહ, કીર્તિરાજસિંહના દાદી, વિશ્વરાજસિંહ, વીરપાલસિંહ, રૂદ્રરાજસિંહ, શુભાદિત્યસિંહના મોટા દાદી તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા ભાઈઓ - બહેનો માટે તા. ૨-૩ના સોમવારે સાંજે ૫થી ૬ ક્ષત્રિય સમાજવાડી, ગાયત્રી ચાર રસ્તા, અંજાર ખાતે તથા ઉત્તરક્રિયા તા. ૧૨-૩ના ગુરૂવારે નિવાસસ્થાને ચિત્રકૂટ સોસાયટી, અંજાર ખાતે.

**ભુજ** : ખત્રી માહીન (ઉ.વ. ૯) તે મો. અસલમ અબ્દુલરહેમાન (ઢોરીવાલા)ના પુત્રી, અબ્દુલરહેમાન નૂરમોહમદના પૌત્રી, ઝુબેરના ભત્રીજી, અબ્દુલરશીદ આદમ બુજણના દોહિત્રી તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. તાજિયત ત્રણ દિવસ (૧-૨-૩ માર્ચ) સુધી નિવાસસ્થાન પાટવાડીનાકા બહાર, ભક્તિનગર, ભુજ ખાતે.

**ભુજ** : મામદ નૂરમામદ કુરેશી (ઉ.વ. ૯૨) તે અલીમામદ અને અબ્દુલગનીના પિતા, મ. સાલેમામદના મોટા ભાઈ, મ. ઈબ્રાહીમ રમજુ બાયડ (અંજાર) અને અલીમામદ ઈબ્રાહીમ ઓથાર (ભુજ)ના સસરા તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨-૩ના સોમવારે સાંજે અસર નમાજ બાદ નિવાસસ્થાને કોડકી રોડ, હવામાન ઓફિસ, ભીમરાઓ સ્કૂલની સામે ભુજ ખાતે.

**ભુજ** : મૂળ ઢોરીના દેવકાબેન હરિલાલ બગ્ગા (ઉ.વ. ૯૫) તે સ્વ. હરિલાલ શિવજી બગ્ગાના પત્ની, વાલુબેન શિવજી બગ્ગાના પુત્રવધૂ, ગોદાવરીબેન નારણ પ્રધાનજી સાકરિયા (દેશલપર)ના પુત્રી, નવીનભાઈ, મહેશભાઈ, દિનેશભાઈ, અનસૂયાબેન તેમજ સ્વ. હંસાબેનના માતા, પ્રભાબેન, ગુણવંતીબેન, વિનોદ દેવજી સાકરિયા (અંજાર)ના સાસુ, ડાઈબેન જાદવજી બારમેડા, ભચીબેન રણછોડ પોમલ, દિવાળીબેન પરસોત્તમ કોટડિયાના ભાભી, સ્વ. ભગવતીબેન વેલજી બુદ્ધભટ્ટી (માધાપર), સ્વ. રમેશભાઈ નારણ સાકરિયા, જવેરબેન નારણ પરમાર (દેશલપર), અમૃતબેન નારણ સોલંકી (દેશલપર), સરસ્વતીબેન વિનોદભાઈ હેડાઉ (માંડવી) તેમજ કાંતાબેન દયારામ સોલંકીના બહેન, તરુણ, દીપક, ધર્મેશ (મંગવાણા)ના ફઈ, મંછાબેનના નણંદ, નીતા, મીના, મનીષ, ભાવિક, પ્રિયા, કુલદીપ તેમજ નિકિતાના દાદી, જીતુકુમાર, નકુલકુમાર, ચિંતનકુમાર, ગાયત્રીબેન તેમજ નંદિનીબેનના દાદીજી સાસુ, ચેતન, બંસરી, દિવ્યાના નાની, ખ્યાત, શિવાંશીના પરદાદી, પ્રિયંકા, પ્રિયાંશી, ધાર્મિક, રૂદ્ર, રિયાન્સ, ઈચ્છાના પરનાની તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨-૩ના સોમવારે સાંજે ૪થી ૫ બિલેશ્વર મહાદેવ મંદિર, ચાગબાઈ સેજપાલ ખંડ, સંતોષ સોસાયટી ભુજ ખાતે.

**ભુજ** : સૈયદા મરિયમબીબીમા હસનશા (ઉ.વ. ૮૫) તે મ. સૈયદ હસનશાના પત્ની, સૈયદ અનવરશા, સૈયદ મામદશાના માતા, સૈયદ રેહાનશા મામદશાના દાદી, સૈયદ સમીરાશાના નાની, સૈયદ હકીમશાના સાસુ, સૈયદ હુસેનશા યુસુફશા, સૈયદ ગુલામશા યુસુફશાના બહેન તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨-૩ના સાંજે અસર અને મગરીબની વચ્ચે, બાગોર સીદી સમાજવાડી, ભુજ ખાતે.

**સૂરજપર (તા. ભુજ)** : મૂળ બેરાજાના પ.ક.મ.ક. સઈ સુતાર દરજી ત્રિકમજી કાનજી ગોહિલ (ઉ.વ. ૮૦) તે સ્વ. બચ્ચુબાઈ કાનજી ગોહિલ (બેરાજા)ના પુત્ર, સ્વ. નિર્મળાબેન, જયાબેનના પતિ, વર્ષા (નારણપર), ડિમ્પલ (મુંદરા), હિના (રાયણ), મીના (પ્રીતિ - માંડવી), જિતેન્દ્રના પિતા, પાયલ, જગદીશ, બિપિન, જગદીશ, વિપુલના સસરા, વેદ, વૃંદાના દાદા, સુનીલ, કિશન, દીપ, કાજલ (કુંદનપર), સ્મિત, જય, જેનીલ, ક્રિશના નાના, મિથુન, ડિમ્પલ, જીમ્મીના નાનાજી, સ્વ. માધવજી (ગુંદાલા), સ્વ. મણિલાલ (કંજુમાર્ગ), સ્વ. ભોગીલાલ (મિરજાપર), સ્વ. લહેરચંદ (ડોમ્બિવલી), સ્વ. હરખુબેન લાલજી (ભુજપર), સ્વ. નિર્મળાબેન ભગવાનજી (દેશલપર કંઠી), સ્વ. તારામણિબેન દેવજી (ડોમ્બિવલી), ધનવંતીબેન ધનજી (ફરાદી), જયાબેન ખીમજી (ભાડિયા), શાંતાબેન લક્ષ્મીચંદ (બિદડા)ના ભાઈ, સ્વ. ઝવેરબેન, સ્વ. મધુબેનના દિયર, અરૂણાબેન, રેખાબેનના જેઠ, સ્વ. પ્રવીણ, જિતેન્દ્ર, અતુલ, ભાવેશના કાકા, પીયૂષ, રમેશ, ધવલ, હેમલના મોટાબાપા, સ્વ. મૂલબાઈ નારણ મોઢ (નિરોણા)ના જમાઈ, સ્વ. ધનજી, દેવકાબેન (ખોરજ), ભગવતીબેન (બાદરગઢ), સ્વ. રશ્મિભાઈ (માંડવી), કિશોર (મલાડ)ના બનેવી, મણિબેન (નિરોણા)ના નણદોયા તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૩ના મંગળવારે સાંજે ૩:૩૦થી ૪:૩૦ લેવા પટેલ સમાજવાડી, સૂરજપર ખાતે.

**લોડાઈ (તા. ભુજ)** : જિતેન્દ્રભાઈ રત્નેશ્વર (ઉ.વ. ૬૫) તે ચંદ્રિકાબેનના પતિ, મોદિતા, કલ્પેશ મારાજ (રાયધણપર રામ મંદિર પૂજારી)ના પિતા તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૩ના મંગળવારે સાંજે ૪થી ૫ શિવ મંદિર, રાયધણપર ખાતે.

**મિરજાપર (તા. ભુજ)** : મૂળ કાનમેરના જાડેજા પવનબા દિલુભા (ઉ.વ. ૫૫) તે સ્વ. દિલુભાના પત્ની, સ્વ. જોરૂભાના પુત્રવધૂ, સ્વ. કંચુભા, સ્વ. ભરતસિંહ, સ્વ. મહિપતસિંહ, સ્વ. બાપાલાલ, સ્વ. રમુભાના નાના ભાઈના પત્ની, નરેશસિંહ, કરણસિંહનાના માતા, સ્વ. સજુભા, સ્વ. મોહનસિંહ, સ્વ. જીતુભાના ભત્રીજાવધૂ તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૩ના સાંજે ૫થી ૬ વીર ભંજન મહાદેવ મંદિર, યક્ષનગર, પોલીસ ચોકી પાછળ, મિરજાપર ખાતે તથા ઉત્તરક્રિયા તા. ૬-૩ના નિવાસસ્થાન મિરજાપર ખાતે.

**માંડવી** : કુંભાર ફાતમાબાઈ ઓસમાણ (ઉ.વ. ૭૫) તે મ. ઓસમાણ ઈસ્માઈલના પત્ની, અબ્દુલ અજીજના માતા, સમીર તથા તાહીરના દાદી, ઈબ્રાહીમ (મુંબઈ), ઉમર (ભુજ), અભુભખર (નવાવાસ), અલીમામદ (ટુંડા), સલીમ (દયાપર)ના સાસુ, ગની સિધિક તથા ઈશા સિધિક (મુંબઈ)ના બહેન તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨-૩ના સોમવારે અસર નમાજ બાદ ધોબી જમાતખાના માંડવી ખાતે.

**મુંદરા** : પીર સૈયદ હાજી અલીઅહમદશાહ શાહવલી કાદરી (ખલીફા- એ- હુઝુર, મુફ્તી- એ- આઝમ- એ- હિન્દ) (ખતીબો ઈમામ શાહ મુરાદ બુખારી દરગાહ (મુંદરા) (ઉ.વ. ૭૫) તે સૈયદ મંજૂરહુસૈન કાદરી, મ. સૈયદ ગુલામમોહમ્મદ કાદરી, મ. અબ્દુલ રઝાક કાદરી અને સૈયદ અબ્દુલ મુસ્તફા કાદરીના પિતા, સૈયદ મુહમ્મદ રઝા કાદરી, સૈયદ મુહમ્મદ મોઈનુદ્દીન કાદરી, સૈયદ અહેમદ રઝા કાદરી, સૈયદ મુનીર કાદરી, સૈયદ શાહવલી કાદરી, સૈયદ મોહમ્મદ સૈફ કાદરીના દાદા, સૈયદ અખ્તર હુસૈનના સસરા, મ. સૈયદ યુસુફશા ભવનશાહ (ભુજ), મ. સૈયદ મહેબૂબ હુસૈન જીલાની (લુણી)ના સાળા તા. ૨૭-૨ના અવસાન પામ્યા છે. વાયેઝ અને જિયારત તા. ૨-૩ના સોમવારે અસર નમાજથી મગરીબ નમાજ સુધી ઉમરશાહ બાબાની વાડી (ઈદગાહ) ખાતે.

**છસરા (તા. મુંદરા)** : રોહા કુલ્સુમબેન (ઉ.વ. ૫૫) તે સાલેમામદ સિધીક રોહા (મનુભા)ના પત્ની, હારૂન મામદ, શબ્બીરના ભાભી તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૩-૩ના મંગળવારે અસર નમાજ બાદ, મુસ્લિમ જમાતખાના, છસરા ખાતે.

**મઉં મોટી (તા. માંડવી)** : ભાનુશાલી દિપકભાઈ રણછોડદાસ (હાજુભાઈ) મીઠુભાઈ હરિરામભાઈ ખાનીયા (ઉં.વ. ૫૨) તે સ્વ. રસીલાબેન રણછોડદાસ (હાજુભાઈ)ના પુત્ર, સ્વ. ભાગબાઈ મીઠુભાઈ તથા દેવકીબેન શિવજીના પૌત્ર, મંજુલાબેનના પતિ, જીત અને માનસીના પિતા, કસ્તુરીબેન નરેશભાઈ ખાનીયાના દિયર, નીતાબેન નવીનભાઈ ખાનીયાના જેઠ, કાંતાબેન પ્રતાપભાઈ કટારમલ, ભાવનાબેન મહેશભાઈ કટારમલ, શારદાબેન જીતેન્દ્રભાઈ મંગેના ભાઈ, કનૈયાલાલ જીવનભાઈ ગજરાના સસરા, સાગરભાઈ રમેશભાઈ ધુકેરના કાકા સસરા, આકાંક્ષા, જુગલ, જય, અશ્વિનના કાકા, મિત, રાજના મોટા પપ્પા, માન્યા, નિશિવના નાના, ગ.સ્વ. ગંગાબેન બાબુભાઈ ગજરા, સ્વ. મણીબેન દયાળજી ચાંદ્રા, સ્વ. લક્ષ્મીબેન ખીમજી ભદ્રા, સ્વ. ડાઈબેન દયાળજી ભાનુશાલી, સ્વ. નેણબાઈ ગોપાલજી કટારમલના ભત્રીજા, સ્વ. લક્ષ્મીબેન હીરજી ભદ્રાના દોહિત્ર, ગં.સ્વ. રાધાબેન મોનજીભાઈ, ગં.સ્વ. ડાઈબાઈ નારાણજીભાઈ, સ્વ. ધનબાઈ લક્ષ્મીદાસ, દેવકીબેન દેવજીભાઈના ભાણેજ, સ્વ.ગંગાબેન વેરશીભાઈ ગજરાના જમાઈ તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨-૩ના બપોરના ૩થી ૪ વાગ્યા દરમિયાન ભાનુશાલી મહાજન વાડી, મંઉ મોટી ખાતે.

**કોકલિયા (તા. માંડવી)** : મુરૂભા નાનુભા (ઉ.વ. ૬૯) તે નાનુભા ગાવજીના પુત્ર, રણજિતસિંહ, દશરથસિંહ, ભરતસિંહના ભાઈ, રઘુવીરસિંહના પિતા, ઈન્દ્રજિતસિંહ, દિલીપસિંહ, મનદીપસિંહ, જિતેન્દ્રસિંહના મોટાબાપુ, રાજદીપ, જયદીપના દાદા તા. ૨૫-૨ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૨-૩ના સોમવારે કોકલિયા ખાતે. ઉત્તરક્રિયા તા. ૮-૩ના રવિવારે નિવાસસ્થાને.

**રામપર (વેકરા) (તા. માંડવી)** : નર્મદાબેન પોપટગર ગોસ્વામી (ઉ.વ. ૯૯) તે સ્વ. પોપટગર પુરણગરના પત્ની, હરિગર, સ્વ. નવીનગર, સ્વ. કિશોરગર, ભારતીબેન જેરામગર (ભુજ)ના માતા, જવેરબેન, નિર્મળાબેન, સ્વ. ક્રિષ્નાબેનના સાસુ, હિરાગર, લક્ષ્મણગર, માયાગરના કાકી, કિશોરગર, નરોતમ, હિતેશ, સુરેશ, લક્ષાના મોટીમા, શાંતિ, વિનોદ, વનિતાબેન કિરણગર (ડુમરા), બિપિન, ભાવેશ, ચેતન, દિપેશ, કુલદીપના દાદી, અજય, વિજય, સેજલ, ધર્મેશ, નંદની, નિત્ય, મિતાંશ, કોમલ, નિધિના મોટા દાદી, સ્વ. પુરબાઈ નારાણપુરીના પુત્રી તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. બેસણું બંને પક્ષનું તા. ૨-૩ના સોમવારે સાંજે ૪થી ૫ શિવમંદિર વેકરા ખાતે.

**ઉખેડા (તા. નખત્રાણા)** : ગોહિલ ધનજીભાઈ (ઉ.વ. ૫૭) તે રાજીબેન અને વલુભાઈ પૂંજાભાઈના પુત્ર, નબુબેનના પતિ, જશોદાબેન, પ્રવીણભાઈના ભાઈ, ભૂમિબેન કીર્તિભાઈ જાદવ (મુંબઈ), પૂજાબેન, ખુશાલીબેનના પિતા, માનસી, હેત્વી, કાર્તિકના મોટાબાપા, ચૂનીલાલ, બાંવાબેન આશાભાઈ જાદવ (ધુફી)ના ભત્રીજા, સ્વ. અખઈભાઈ ફકુભાઈ લોંચા (આણંદપર - યક્ષ)ના જમાઈ, છગનભાઈ, મોહનભાઈ, રાજુભાઈ, લીલાબેન બચુભાઈ વાઘેલા (નખત્રાણા), મંજુબેન નટવર રાઠોડ (અંજાર)ના બનેવી, સ્વ. ગોવિંદ રામજી વાઘેલા (નખત્રાણા), નાનુબેન રાજાભાઈ ચાવડા (દુજાપર), ડાઈબેન રામજી ચાવડા (સુખપર રોહા)ના ભાણેજ તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. સત્સંગ તા. ૨-૩ના રાત્રે તથા તા. ૩-૩ના સવારે ૧૦:૩૦ વાગ્યે પાણીઆરો નિવાસસ્થાને.

**કોટડા-જ. (તા. નખત્રાણા)** : કચ્છી સારસ્વત બ્રાહ્મણ નિર્મળાબેન દેવેન્દ્રભાઈ જોષી (ચક્રમંધરા) (ઉ.વ. ૮૮) તે સ્વ. સાકરબેન મોરારજીના પુત્રવધૂ, સ્વ. વલ્લભજી રવજી રાડિયા (જામનગર)ના પુત્રી, હંસાબેનના બહેન, સ્વ. પ્રભાશંકરભાઈ, સ્વ. મહેશભાઈ, ભાવેશભાઈ, સ્વ. પદ્મકાંત, સ્વ. ઈન્દુબેન (સાંયરા)ના ભાભી, ભાનુબેન (વમોટી), પ્રફુલભાઈ (ઉમરગાંવ), અશ્વિનભાઈના માતા, સ્વ. જયાબેન, ગં.સ્વ. મંજુલાબેન, ઉર્મિલાબેન, સ્વ. વસંતબાળાબેનના જેઠાણી, સુભાષચંદ્ર તુલસીદાસ (વમોટી)ના સાસુ, કરણ, નીરવ, ભૂમિના દાદી, પિક્રીબેનના દાદીસાસુ, અશોક, અમિત, હિરેનના નાની, મમતાબેન, તૃપ્તિબેનના નાનીસાસુ, જગદીશ, સુભાષ, રાજેશ, પ્રવીણ, દીપક, ભરત, રાજન, પ્રકાશ, નીલેશ, ભાવિકના મોટીમા, હરેશ (સાંયરા)ના મામી તા. ૨૮-૨ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૩ના સાંજે ૪થી ૫ પાટીદાર સમાજવાડી, બસ સ્ટેશન પાસે કોટડા (જ.) ખાતે.

**વિજપાસર (તા. નખત્રાણા)** : રામજીભાઈ વાલજીભાઈ માધડ (ઉ.વ. ૮૫) તે સ્વ. ધનબાઈ વાલજીભાઈ માધડના પુત્ર, ગંગાબેનના પતિ, દેવજીભાઈ, સ્વ. આલીબેન, ધનજીભાઈ, મનજીભાઈ, સ્વ. મૂરજીભાઈ, પચાણભાઈના પિતા, અમરીબેન, દેવીબેન, મંજુલાબેન, પુષ્પાબેનના સસરા, ભારાભાઈ ખેતાભાઈ સેતણિયા (ગાંધીધામ)ના જમાઈ, મણિલાલ, હરેશ, જમના, હીના, ચમન, સુનીલ, પ્રવીણા, મનીષા, સોનુ, વૈશાલી, માધુરી, અલ્પેશના દાદા તા. ૨૭-૨ના અવસન પામ્યા છે. બેસણું તા. ૨-૩ના સોમવારે નિવાસસ્થાને, ધાર્મિકક્રિયા તા. ૯-૩ના સોમવારે રાત્રે આગરી ને તા. ૧૦-૩ના મંગળવારના સવારે પાણી નિવાસસ્થાન વિજપાસર મધ્યે.

**ગોધિયાર મોટી (તા. નખત્રાણા)** : ગં.સ્વ. સોઢા માકોરબા ગુલાબસિંહ (ઉ.વ. ૮૨) તે સ્વ. સોઢા ગુલાબસિંહ પીરદાનસિંહના પત્ની, હરિસિંહ, વિજયસિંહ, રવિરાજસિંહ, શક્તિસિંહના માતા, ગજસિંહ ખીમજીના ભત્રીજાવહુ, ખેતસિંહ પીરદાનસિંહ, જુવાનસિંહ પીરદાનસિંહ, સ્વ. મહિપતસિંહ પીરદાનસિંહ, ઈન્દ્રસિંહ, ભરતસિંહ, રાજેન્દ્રસિંહ, રવિરાજસિંહ, દોલતસિંહ, હીરજી, સવાઈસિંહ, સુરૂભાના ભાભી, ચતુરસિંહ, અશોકસિંહ, દોલતસિંહ, જયવીરસિંહ, શૈલેન્દ્રસિંહ, પ્રતાપસિંહ, અનિરૂદ્ધસિંહ, જયદીપસિંહ, કુલદીપસિંહના મોટીમા, હરપાલસિંહ, મહેન્દ્રસિંહ, યુવરાજસિંહ, નિર્ભયસિંહ, દિવ્યરાજસિંહ, રોહિતસિંહ, શુભમસિંહના દાદી તા. ૧-૩ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાન ગોધિયાર મોટી ખાતે.

# કચ્છ નોંધ

**હેમ સંધ્યા મહિલા મંડળ**

● હેમ સંધ્યા મહિલા મંડળ દ્વારા સભ્ય બહેનો માટે ચૈત્ર નવરાત્રીની પૂર્વ સંધ્યાએ તારીખ ૧૮-૩ને બુધવારે બેઠા ગરબાનું આયોજન કરેલ છે. ત્રણ-ત્રણના ગ્રુપમાં બહેનો ભાગ લઈ શકશે. ભાગ લેવા ઈચ્છતા બહેનો દર્શનાબેન હાથી તથા ઈલાબેન અંતાણી પાસે તા.૧૦-૩ સુધી નામ નોંધાવવા.

# રત્નકણિકા

**વિદ્વાનોને સત્ય વડે વશમાં કરી શકાય છે.- આચાર્ય ચાણક્ય**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૭, પા. મહેર-૧૩૯૫, મુ. રમજાન-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, ફાગણ સુદ-૧૪ વ્રતની પૂનમ, હુતાશની પૂર્ણિમા, હોલિકા દહન તા.૨ માર્ચ ૨૦૨૬, સોમવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૧૨, આશ્લેષા નક્ષત્ર, અતિગંડ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૧૫, સૂ.અ.૬:૫૩

આજનો દિવસ સામાન્ય છે.આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), સવારે ૭:૫૧ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

# આપનું અઠવાડીયું કેવું જશે..?

**કનકચંદ્ર સી. વ્યાસ**

મેષ : આ સપ્તાહ દરમિયાન પ્રિયજન પ્રત્યે વિશેષ લાગણી રહે. તેના દ્વારા મનને શાંતિ મળે. અભ્યાસ, નોકરી કે વ્યવસાયમાં વિશેષ રૂચિ રહે. મનમાં પ્રફુલિતતા અનુભવી શકશો. રોગ-શત્રુ પર વિજય મળે. મન અનેરી શાંતિ અનુભવે, રોકાયેલા નાણાં છૂટા થાય. સર્જનાત્મક પ્રવૃત્તિમાં સફળતા મળે. વડીલ વર્ગ સાથે વાણીસંઘર્ષનો પ્રસંગ બને. ધીર રાખવી હિતાવહ.

વૃષભ : આ સપ્તાહ દરમિયાન કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવું હિતાવહ. મનમાં વ્યર્થ અશાંતિ અનુભવાય. સાસરાપક્ષ તરફથી લાભ મળે. મિત્રવર્ગ કે ભાગીદાર વર્ગ તરફથી લાભ મળે. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી હિતાવહ. ઉપરી અધિકારી વર્ગ કે વડીલ વર્ગ દ્વારા માન-સન્માન મળે, કાર્યબોજ વિશેષ રહે. ખર્ચનો પ્રસંગ બને.

મિથુન : આ સપ્તાહ દરમિયાન નવિન જવાબદારીઓ આવી પડે. જે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવી. આવક સંબંધિત સમસ્યાઓ હોય તો દૂર થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારો આ સમય યાત્રા-પ્રવાસનું પણ આયોજન કરાવે. આમોદ-પ્રમોદની અધિક્તા રહે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

કર્ક : આ સપ્તાહ દરમિયાન વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય. પારિવારીક વિષમતા દૂર કરી શકાય. આ દરમિયાન વધુ પડતું ભાવુક ન રહેવું. નહિંતર સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય. જે ભવિષ્ય માટે લાભદાયી નીવડે.

સિંહ : આ સપ્તાહ દરમિયાન પ્રિયજનથી વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી અને જમીન-વાહન સંબંધિતકાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી. કોઈ ષડયંત્ર કે ગેરસમજનો ભોગ ન બનો તેની સાવધાની જરૂરી. નોકરી-વ્યવસાયને લગતા કાર્યમાં સમસ્યા રહે પરંતુ ધીરજ પૂર્વક કાર્ય કરતા રહેવાથી આ સમસ્યા દૂર થાય.

કન્યા : આ સપ્તાહ દરિમયાન કાર્યની અધિક્તાને લીધે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મીલન-મુલાકાત સફળ થાય તેવા આયોજનો સફળતાપૂર્વક પાર પાડી શકો. મુસાફરી-પ્રવાસ ટાળવો હિતાવહ. જામીનગીરી જેવાકાર્યોથી દૂર રહેવું. કોઈની અંગત બાબતોમાં ન પડવું હિતાવહ.

તુલા : આ સપ્તાહ દરમિયાન ઉચ્ચ અધિકારી વર્ગ પ્રસન્ન રહે તેથી લાભ પ્રાપ્ત થાય. જીવનસાથીના સંપૂર્ણ સહકારથી મહત્વના કાર્યો પાર પાડી શકશો. રચનાત્મક કે પરોપકારી પ્રવૃત્તિમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદ ન થાય તેની તકેદારી રાખવી નહિંતર અગત્યના સંબંધો વણસી જાય. સગાસંબંધી દ્વારા આર્થિક લાભ પ્રાપ્ત કરી શકશો.

વૃશ્ચિક : આ સપ્તાહ દરમિયાન નવી યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું હિતાવહ. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની શક્યતા છે. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યમાં મન પ્રવૃત રાખવું.

ધન : આ સપ્તાહ દરમિયાન મોજ-શોખ તરફ વિશેષ લગાવ રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાનફેરના યોગ છે. ધંધાકીય કાર્યમાં સાવધાની જરૂરી. નાણાંકીય સમસ્યાઓ હળવી બને. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને સંઘર્ષનો સામનો કરવો પડો. અણધાર્યો પ્રવાસ થાય. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

મકર : આ સપ્તાહ દરમિયાન જૂના સ્નેહીઓ સાથે મુલાકાત થાય. મનમાં અ કારણ ગુસ્સો રહે અને ચિંતા સતાવે. આરોગ્ય અંગે સાવચેતી જરૂરી. મનમાં અશાંતિ રહે. આર્થિક બાબતે આ સપ્તાહ શ્રેષ્ઠ રહે. રોકાયેલા નાણાં અચાનક છૂટા થાય. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. વાણીસંયમ ઝાળવવો હિતાવહ.

કુંભ : આ સપ્તાહ દરમિયાન નવિન મીલન મુલાકાત, ધાર્મિક કાર્ય કે પ્રવાસ-પર્યટનથી મન અત્યંત પ્રસન્ન રહે. પારિવારીક જીવનમાં પણ ઉત્સાહનો વધારો થાય. ધંધામાં આકસ્મિક ધન લાભ થાય. દૂર્વ્યય થતો અટકે. મોશાળપક્ષ તરફથી લાભ થાય, આરોગ્ય બાબતે સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ચિંતા હોય તો તે હળવી બને અથવા ગેરસમજ દૂર થાય. એકંદરે આ સમય શુભ ફળ આપનારું રહે.

મીન : આ સપ્તાહ દરમિયાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીને સ્વસ્થચિત્તે પોતાના કાર્યને વળગી રહેવું. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમિયાન આરોગ્ય બાબતે સાવચેત રહેવું હિતાવહ. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી. કોઈપણ કાર્ય માનસિક ઉશ્કેરાટથી ન કરવા હિતાવહ. કાર્યબોઝ વિશેષ રહે.

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન ભુજપુર (હાલે બિદડા)ના મોનજી વેલજી દેઢિયા (ઉં.વ. ૮૭) ૨૭-૨ના અવસાન પામેલ છે. મેઘબાઈ વેલજી ભારમલ દેઢિયાના પુત્ર. રૂક્ષ્મણીબેનના પતિ. બિદડાના રતનબેન રામજી પાલણ છેડાના જમાઈ. ભુજપુરના ખીંયશી, રતનબેન, હેમકુંવર (હંસા) ના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિમળાબેન રામજી છેડા,ઓતરો ફરીયો, બિદડા ૩૭૦૪૩૫.

ગેલડાના કલ્યાણજી વોરા (ઉં.વ.૮૧) ૨૮-૨ના દેહપરીવર્તન કરેલ છે. રાજબાઈ લખમશીના પુત્ર. પ્રભાબેનના પતિ. જયેશ, ઉમેશના પિતા. નાનજી, ગણપત, સમાઘોઘા મણીબેન પ્રેમજી, મોખા લીલાવંતી મણીલાલના ભાઈ. કેસરબેન દામજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ઉમેશ વોરા, ૨૦૨, મનીષા ઈલાઈટ, પી. કે. રોડ, મુલુંડ ૮૦.

ગઢશીશાના (હાલે હૈદરાબાદ) નિર્મલ પ્રદીપ વીસરીયા (ઉં.વ. ૭૧) ૨૭-૨ના અરિહંત શરણ પામ્યા છે. ડેપાના લક્ષ્મીબાઈ વેરશી ગંગરના પુત્રી. પ્રદીપના ધર્મ પત્ની. સાકરબાઈ લક્ષ્મીચંદ વિસરીયાના પુત્રવધુ. સમીર, ભક્તિ, ખ્યાતિ, ધૃતિના મમ્મી. પ્રાર્થના રાખેલ નથી. નિ. સમીર પ્રદિપ વિસરીયા, એસ જી કોમ્પ્લેક્સ, કુતબીગુડા, હૈદરાબાદ.

# કચ્છના ઔદ્યોગિક વિકાસમાં વધુ એક છોગું : મુંદ્રામાં નિર્માણ પામશે દેશની સૌથી લાંબી પવનચક્કીની બ્લેડ

**અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા મુંદ્રા પ્લાન્ટમાં ૯૧.૨ મીટર લાંબી પાંખિયાનું ઉત્પાદન શરૂ કરાશે : કચ્છ હવે વૈશ્વિક વિન્ડ એનર્જીનું હબ બનવા તરફ અગ્રેસર**

ભુજ - કચ્છઉદય : કચ્છની ધરા હવે માત્ર સફેદ રણ કે પ્રવાસન માટે જ નહીં પરંતુ ગ્રીન એનર્જીના ક્ષેત્રે પણ વિશ્વ ફલક પર પોતાની આગવી ઓળખ મજબૂત કરી રહી છે. મુન્દ્રામાં સ્થિત અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરવા તરફ ડગ માંડવામાં આવ્યા છે. કંપની હવે મુંદ્રાના પોતાના અત્યાધુનિક પ્લાન્ટમાં ૯૧.૨ મીટર લાંબી દેશની સૌથી મોટી વિન્ડ ટરબાઈન બ્લેડ એટલે કે પવનચક્કીના પાંખિયા બનાવવાની તૈયારી કરી રહી છે. અત્યાર સુધી આ પ્લાન્ટમાં ૭૮.૬ મીટર અને ૮૦.૫ મીટરની લંબાઈના બ્લેડ બનાવવામાં આવતા હતા, પરંતુ નવી ટેકનોલોજી સાથેની આ ૯૧.૨ મીટરની બ્લેડ ભારતની અત્યાર સુધીની સૌથી લાંબી ઓનશોર બ્લેડ સાબિત થશે.

કચ્છના ઉદ્યોગ જગત અને સ્થાનિક અર્થતંત્ર માટે આ સમાચાર ખૂબ જ મહત્વના માનવામાં આવે છે કારણ કે આ નવી ટેકનોલોજીના કારણે પવનની ઓછી ગતિ ધરાવતા વિસ્તારોમાં પણ વધુ વીજળી પેદા કરી શકાશે. એક અંદાજ મુજબ, આ વિશાળકાય બ્લેડ ધરાવતી ટરબાઈનનો રોટર આશરે ૧૮૫ મીટરનો હશે, જે ૨૬,૯૦૦ ચોરસ મીટર જેટલા વિશાળ વિસ્તારની હવાને આવરી લઈને વીજ ઉત્પાદન ક્ષમતામાં ધરખમ વધારો કરશે. આ પ્રોજેક્ટ પાછળ અત્યાર સુધી અંદાજે ૩,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે અને આગામી સમયમાં ઉત્પાદન ક્ષમતાને ૧૦ ગીગાવોટ સુધી લઈ જવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

નોંધનીય છે કે કચ્છના ખાવડા ખાતે પણ કંપનીએ ૫.૨ મેગાવોટની ક્ષમતા ધરાવતી મોટી ટરબાઈન કાર્યરત કરી દીધી છે, જેનાથી કચ્છ ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. મુંદ્રામાં તૈયાર થનારી આ અત્યાધુનિક બ્લેડ માત્ર ભારતના પવન ઉર્જા ક્ષેત્રને જ વેગ નહીં આપે, પરંતુ અહીંથી યુરોપ અને અમેરિકા જેવા વિકસિત દેશોમાં પણ નિકાસ કરવામાં આવશે. આ માટે જર્મનીમાં સંશોધન કેન્દ્ર અને ભારતમાં ખાસ આર એન્ડ ડી ટીમ કાર્યરત છે. કેન્દ્ર સરકાર દ્વારા પણ વિન્ડ ટરબાઈનના સાધનો પર કસ્ટમ ડ્યુટીમાં રાહત આપવામાં આવતા મુન્દ્રાના આ એકમોને મોટો ફાયદો થશે. આમ, કચ્છની ધરતી પરથી તૈયાર થયેલા આ વિશાળ પાંખિયા આગામી દિવસોમાં વિશ્વભરમાં ભારતની મેન્યુફેક્ચરિંગ ક્ષમતાનો ડંકો વગાડશે અને સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો પણ ઉભી કરશે.

# દુબઈમાં યુદ્ધની સ્થિતિ વચ્ચે વડાલાના કચ્છી વેપારી દંપતી ફસાયા




**મિડલ ઈસ્ટમાં તંગદિલીને કારણે એર સ્પેસ બંધ થતા બોરીવલી સ્થિત કચ્છી વેપારી રાજેશ ગાલા અને પત્ની દીપાબેન હોટેલમાં અટવાયા: એમ્બેસી અને જૈન સંગઠનોના સંપર્કમાં હોવાથી સુરક્ષિત**

ભુજ - કચ્છઉદય : મિડલ ઈસ્ટમાં ફાટી નીકળેલા મહાયુદ્ધની વરવી અસરો હવે સાત સમંદર પાર વસેલા અને ફરવા ગયેલા કચ્છીઓ પર પણ જોવા મળી રહી છે. મૂળ કચ્છના મુંદરા તાલુકાના વડાલા ગામના વતની અને હાલ મુંબઈના બોરીવલીમાં સ્થાયી થયેલા જાણીતા ગાર્મેન્ટ મેન્યુફેક્ચરર રાજેશ ગાલા અને તેમના પત્ની દીપાબેન ગાલા દુબઈના પ્રવાસે ગયા હતા, પરંતુ યુદ્ધની પરિસ્થિતિને કારણે દુબઈની એર સ્પેસ બંધ થતા આ કચ્છી દંપતી હાલ ત્યાં જ અટવાઈ ગયું છે. શનિવારે તેમની રિટર્ન ફ્લાઈટ હતી, પરંતુ ફ્લાઈટ્સ રદ થતા હવે વતન વાપસી માટે અનિશ્ચિતતા સર્જાઈ છે. જોકે, આ કચ્છી દંપતીએ દુબઈથી સંદેશો પાઠવ્યો છે કે તેઓ સંપૂર્ણ સુરક્ષિત છે અને ત્યાંની પરિસ્થિતિ કાબૂમાં હોવાથી વતનમાં રહેલા સ્નેહીજનોએ ચિંતા કરવાની જરૂર નથી. કચ્છી વીસા ઓસવાળ સ્થાનકવાસી જૈન સમાજના અગ્રણી રાજેશભાઈ ગાલા ગત ૨૩ ફેબ્રુઆરીના રોજ પાંચ દિવસના પ્રવાસે દુબઈ ગયા હતા. શનિવારે ૨૮ ફેબ્રુઆરીએ તેઓ પરત ફરવાના હતા, પરંતુ અચાનક યુદ્ધ ફાટી નીકળતા એર ઈન્ડિયાએ સુરક્ષાના કારણોસર તમામ ફ્લાઈટ્સ રદ કરી દીધી હતી. મુંબઈમાં રહેતા તેમના પુત્રી ડૉ. શ્રુતિ ગાલાએ જણાવ્યું હતું કે ટીવી પર આવતા સમાચાર જોઈને પરિવાર ચિંતામાં છે, પરંતુ પિતાજીએ ફોન પર હિંમત આપતા જણાવ્યું છે કે દુબઈમાં જનજીવન સામાન્ય છે અને બજારો ખુલ્લા છે, માત્ર એરપોર્ટ બંધ હોવાથી તેઓ હોટેલની બહાર નીકળી શકતા નથી. ભારત સરકારના આદેશ મુજબ હાલ આ દંપતી હોટેલમાં જ રોકાયેલું છે. આ મુશ્કેલ સમયમાં ભારતીય એમ્બેસી અને જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જીતો) જેવી સંસ્થાઓ પણ વડાલાના આ વેપારીની વહારે આવી છે. રાજેશભાઈએ જણાવ્યું હતું કે એમ્બેસીએ તેમના સંપર્ક નંબર નોંધી લીધા છે અને સતત અપડેટ આપી રહ્યા છે. હોટેલ સંચાલકો પણ સહકાર આપી રહ્યા છે અને કોઈ વધારાના ચાર્જ વગર રોકાણ લંબાવી આપવાની ખાતરી આપી છે. કચ્છના આ ખમીરવંતા વેપારીએ જણાવ્યું હતું કે સરકારના કડક આદેશોનું પાલન કરવું અત્યારે અનિવાર્ય છે અને જ્યાં સુધી એરપોર્ટ ફરી શરૂ ન થાય ત્યાં સુધી 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવી છે. આમ, સાત સમંદર પાર યુદ્ધની જ્વાળાઓ વચ્ચે પણ કચ્છી પરિવારે પોતાની ધીરજ અને સુરક્ષા જાળવી રાખી છે.

# માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ નડાબેટ સીમાદર્શન કરી રાષ્ટ્રની રક્ષા માટે પ્રાર્થના કરી






ભુજ - કચ્છઉદય : માંડવીના ધારાસભ્ય અને પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધ દવેએ તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાની સરહદ પર સ્થિત નડાબેટની મુલાકાત લઈ મા નડેશ્વરીના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું.

૧૯૬૫ અને ૧૯૭૧ના ઐતિહાસિક યુદ્ધોમાં ભારતીય સૈનિકોની રક્ષક બનેલી મા નડેશ્વરીના દર્શન કરી તેમણે સૌના કલ્યાણ અને રાષ્ટ્રની સુરક્ષા માટે પ્રાર્થના કરી હતી. આ પ્રવાસ દરમિયાન તેમણે પૂર્વ મંત્રી અને ધારાસભ્ય કેશાજી ચૌહાણના કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી, જ્યાં પાલનપુરના ધારાસભ્ય અનિકેત ઠાકર પણ તેમની સાથે જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા વિકસાવવામાં આવેલા આ સીમાવર્તી ક્ષેત્રમાં ભારત સરકારના સીમા સુરક્ષા દળ દ્વારા દર શનિવાર અને રવિવારે શિસ્તબદ્ધ રીતે 'બીટીંગ રીટ્રીટ' કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવે છે, જે દેશભક્તિના પ્રતીક સમાન છે.

ધારાસભ્ય અનિરુદ્ધ દવેએ દેશની સરહદોને ઓળખવા અને રાષ્ટ્રપ્રેમની ભાવના સુદ્રઢ કરવા આ સ્થળની મુલાકાત લેવાનો પ્રેરક સંદેશ પાઠવ્યો હતો.

# વિથોણમાં નળ વાટે કાયાવાળુ પાણી વિતરણ થતાં રોગચાળાની ભીતિ



**૨૦ દિવસથી પાણીનું વિતરણ છતાં ગ્રામ પંચાયત સમસ્યાનો ઉકેલ લાવવામાં નિષ્ફળ**

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના સમૃદ્ધ અને પાટીદાર વસ્તી ધરાવતા વિથોણ ગામે મફતનગર વિસ્તારમાં ૨૦ દિવસથી નળ માટે લાલ અને ક્ષારવાળું ગંદુ પાણી આવી રહ્યું છે, જે પાણીના કારણે લોકો રોગચાળોનો શિકાર બને તેવી દહેશત ફેલાઈ છે. ગંદુ પાણી પીવાથી બાળકોને લોકોમાં પથરી તથા પેટના રોગો થવાની પૂરી સંભાવના છે. આરોગ્ય તંત્ર દ્વારા પણ કાળજી લેવામાં આવતી નથી. સ

ાાનિક ગ્રામ પંચાયત સમસ્યા ઉકેલવામાં નિષ્ફળ ગયું હોવાનું પણ જાગૃત નાગરિકે જણાવ્યું હતું. હજુ તો ઉનાળાની શરૂઆત થઈ છે, ત્યાં નળ વાટે લોકોના પેટમાં ગંદુ પાણી જઈ રહ્યું છે. કોઈ પાણીના સ્ત્રોત ન હોવાથી લોકો મજબૂરી વસ ગંદુ પાણી ગાળીને પીવા મજબૂર બન્યા છે. સમૃદ્ધ ગામને ગ્રામ પંચાયત દ્વારા નળ માટે જાણે લાલ પાણીની સજા દેવાય રહી હોય એવું દેખાઈ રહ્યું છે એવું પણ જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું.

# ગળાપાદરના મેઘાસર તળાવમાં ગંદકીનો વિસ્ફોટ : મૃત માછલીઓથી દયનીય દશા

**મહાનગરપાલિકા સામે ગ્રામજનોનો સવાલ : ૨૦૨૪ની સામૂહિક સફાઈ બાદ ફરી બેદરકારી 'ફોટો સેશન' પૂરતું કામનો આક્ષેપ :૧૫ દિવસીય સ્વયંસેવક અભિયાન શરૂ, નગરપાલિકાના જવાબદારોને સ્થળ પર આવી હકીકત નિહાળવા અપીલ**







ભુજ-કચ્છઉદય : ગળપાદર ગામનું મેઘાસર તળાવ, જે વર્ષો સુધી ગામના પર્યાવરણ અને જીવન સાથે જોડાયેલ રહ્યું છે, તેની હાલત ફરી એકવાર ગંભીર બની છે. વર્ષ ૨૦૨૪માં સમગ્ર ગ્રામજનો એકજુટ થઈ તળાવની વિશાળ સફાઈ હાથ ધરી હતી. તળાવની ચારે બાજુ "અહીં કચરો નાંખવો નહીં" એવા સૂચના બોર્ડ લગાવી પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારે ગામે સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ કર્યો હતો. પરંતુ સમય જતાં પરિસ્થિતિ ફરી વણસી છે. હાલ તળાવમાં ગંદકીના ઢગલા, પ્લાસ્ટિક કચરો અને ગંદા પાણીના પ્રવાહને કારણે પાણી પ્રદૂષિત થઈ ગયું છે. ગંદકીના કારણે પાણીમાં રહેલી માછલીઓ મોટા પ્રમાણમાં મરી ગઈ છે. પાણીની સપાટી પર મૃત માછલીઓ તરતી જોવા મળે છે અને તળાવમાંથી ફેલાતી દુર્ગંધ સમગ્ર વિસ્તારમાં વ્યાપી રહી છે. મૃત માછલીઓમાં કીડાઓ પેદા થતાં આરોગ્ય માટે ગંભીર જોખમ ઊભું થયું છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ, હવે આ પાણી પશુ-પંખી કે માનવ ઉપયોગ માટે યોગ્ય રહ્યું નથી. જો તાત્કાલિક સફાઈ નહીં કરવામાં આવે તો રોગચાળો ફાટી નીકળવાની શક્યતા છે. ગામના લોકોમાં ભય અને રોષ બંને જોવા મળી રહ્યા છે. ગત વર્ષે તળાવ ગ્રામ પંચાયત હેઠળ આવતું હતું, જ્યારે હવે મહાનગરપાલિકા કાર્યક્ષેત્રમાં આવે છે. મહાનગરપાલિકા દ્વારા સફાઈ ઝુંબેશ ચાલી રહી હોવાનો દાવો કરવામાં આવે છે, પરંતુ મેઘાસર તળાવ મામલે માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી થઈ હોવાનો ગ્રામજનો આક્ષેપ કરે છે. તેમના જણાવ્યા મુજબ અધિકારીઓ મોટી ગાડીઓ સાથે આવ્યા, હાથમાં જાગૃતિ બેનર અને સાધનો લઈને ફોટોગ્રાફી કરી અને વાસ્તવિક સફાઈ કર્યા વગર પરત ફરી ગયા.

ગ્રામજનોનો સ્પષ્ટ સવાલ છે કે "જો સફાઈ થઈ છે તો તળાવમાં તરતી મૃત માછલીઓ કેમ દેખાય છે?" કમિશનર તથા સંબંધિત અધિકારીઓને સ્થળ પર આવી 'ગ્રાઉન્ડ રિયાલિટી ચેક' કરવા ખુલ્લી અપીલ કરવામાં આવી છે. તેઓ જાતે તળાવની મુલાકાત લઈ પાણીની હાલત અને ફેલાતી દુર્ગંધનો અનુભવ કરે તેવી માંગ છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ગામના સેવાભાવી યુવાનો અને આગેવાનો દ્વારા ૧૫ દિવસીય સ્વૈચ્છિક તળાવ સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. દરરોજ સવારે ૯ વાગ્યાથી ગ્રામજનો મળીને કચરો અને મૃત માછલીઓ દૂર કરવાની કામગીરી કરશે. ગામજનોને આ અભિયાનમાં જોડાઈ તળાવને ફરી સ્વચ્છ બનાવવા અપીલ કરવામાં આવી છે.

સાથે જ મહાનગરપાલિકા તાત્કાલિક મશીનરીથી સંપૂર્ણ સફાઈ કરે, મૃત માછલીઓનું યોગ્ય નિવારણ કરે, ભવિષ્યમાં ગંદકી રોકવા સુરક્ષા દીવાલ બાંધે અને તળાવનું બ્યુટિફિકેશન કરે તેવી માંગ ઉઠી છે. અંતમાં ગળપાદર ગ્રામજનોનો સંદેશ સ્પષ્ટ છે. તળાવ માત્ર પાણીનો સંગ્રહસ્થાન નથી, પરંતુ ગામની જીવનરેખા છે, અને તેને બચાવવું સૌની સંયુક્ત જવાબદારી છે.

# ભુજમાં ૧૧૭ વૃદ્ધ વડીલો ટીફીન સેવા દ્વારા ઘેરબેઠાં જમી રહ્યા છે ભોજન



ભુજ - કચ્છઉદય : માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ભુજ અને ભુજ વિસ્તારમાં રહેતા એકલા-અટુલા નિરાધાર અને ૭૦ ની વય વટાવી ચૂકેલા ૧૧૭ વૃદ્ધ વડીલોને ઘેર બેઠાં ટીફીન દ્વારા ભોજન પહોંચાડવામાં આવે છે. જેઓ ઘરથી બહારે નીકળી શકતા નથી. રસોઇ બનાવી શકતા નથી, એકલા-અટુલા-નિરાધાર છે તેવા વૃદ્ધોને દરરોજ તેમનાં ઘર સુધી ટીફીન દ્વારા ભોજન ભુજની માનવજ્યોત સંસ્થા પહોંચાડે છે. નાત-જાતના ભેદભાવ વિના દરરોજ ૧૧૭ વૃદ્ધોને નિ:શુલ્ક ભોજન ટીફીન દ્વારા પહોંચાડાય છે. માનવસેવાની આ પ્રવૃત્તિમાં જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ દાદર, મહાવીર-કબીર-સાઇ સત્સંગ મંડળ-ભુજ, ભુજ સ્વામિનારાયણ મંદિર, કબીર મંદિર ભુજ તથા અન્ય સહયોગી દાતાઓનો સહયોગ મળતો રહે છે. સમગ્ર વ્યવસ્થા પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, પરેશ માહેશ્વરી, કનૈયાલાલ અબોટી, દીપેશ શાહ, સહદેવસિંહ જાડેજા, નરશીંભાઈ પટેલ તથા રફીક બાવા સંભાળી રહ્યા છે.

# ભુજને મહાનગરપાલિકાનો દરજ્જો આપવામાં માંગ : રાજેન્દ્ર ટાંક



ભુજ - કચ્છઉદય : કચ્છના પાટનગર ભુજને મહાનગર પાલિકાનો દરજ્જો મળે તે માટે લાંબા સમયથી વિવિધ સંસ્થાઓ અને જાગૃત નાગરિકોની માંગ રહી છે પરંતુ લોકોને આ સંદર્ભે ન્યાય મળ્યો નથી.

રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે) રાષ્ટ્રીય સચિવ રાજેન્દ્ર ટાંકે જણાવ્યું હતું કે, ભુજ અને આજુબાજુના જોડિયા ગામોમાં ભૂકંપ પછી વિકાસ સાથે વસ્તી વધારો થયો છે પરંતુ હજુ લોકોને જોઈએ તેવી પ્રાથમિક સુવિધાઓની સમકાલીન સમયમાં જોઈએ તેવી તમામ સુવિધાઓ ઉપલબ્ધ થઈ નથી. ભૂકંપ પછી પાટનગર ભુજની ત્રિજ્યામાં અનેક મોટા ઉદ્યોગો આવ્યા છે ભુજથી ભચાઉ બાજુ કે ખાવડા રોડ તરફ ચો તરફ મોટા ઉદ્યોગો ધમધમી રહ્યા છે અને કેટલાક પાઈપ લાઈનમાં છે. કચ્છ રાજ્યનું પ્રવાસન હબ બની ગયું છે રજાના દિવસોમાં લાખો પ્રવાસીઓ કચ્છ આવી રહ્યા છે આ પૈકી મોટા ભાગના દેશ વિદેશના પર્યટકો પ્રથમ ભુજ આવતા હોય છે અને અહીંથી પશ્ચિમ કચ્છમાં આવેલ વિશ્વ પ્રસિદ્ધ સફેદ રણ તેમજ અન્ય પ્રવાસન સ્થળોની મુલાકાતે જતા હોય છે તેમજ આજુબાજુના ઉદ્યોગોથી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા એક અંદાજ મુજબ રોજ ૫૦,૦૦૦ જેટલા લોકો ભુજ સરકારી કે અન્ય કામો માટે અવર જવર કરતા હોય છે. વિકાસની હરણફાળ ભરી રહેલા વિસ્તારમાં આજના સમયની તુલનામાં અને જરૂરિયાત મુજબ ઈન્ફ્રાસ્ટ્રકચરની ખામી દેખાય છે. હાલ ભુજને નગરપાલિકાનો દરજ્જો પ્રાપ્ત છે પરંતુ અહીંના નાગરિકોના જીવન ધોરણને ઊંચું લાવવા મહાનગરપાલિકાના દરજ્જાની તાતી જરૂરિયાત છે. ભૂજની જન સંખ્યા ૨,૮૦,૦૦૦ સુધી હોવાનો કાચો અંદાજ છે તેને જોડીયા માધાપર, મિરઝાપર, સુખપર, ભુજોડી, નાગોર, કુકમા, સેડાતા જેવા નજીકના ૧૦-૧૨ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા ગામોને જોડવામાં આવે તો જરૂરી કરતા સંખ્યા દોઢી કે તેથી વધુ થાય તેમ છે જે રીતે ગાંધીધામ સાથે નજીકના ગામોને જોડવામાં આવ્યા તે રીતે પાટનગર ભુજમાં પણ જોડી મહાનગર પાલિકા બનાવવામાં આવે તો વિકાસને વેગ સાથે લોકોને ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપ થતાં અનેક સુવિધાઓ મળી શકે. અલગ મેયર અને સ્વતંત્ર નિર્ણય લેવા સક્ષમ મ્યુનિસિપલ કમિશ્નર મળતાં ત્વરિત નિર્ણયો લઈ શકાય જેથી સમસ્યા ઉકેલ સાથે વિકાસ ઝડપી બને. ૨૪ કલાક પાણી પુરવઠો, અધતન ગટર વ્યવસ્થા, વરસાદી પાણીનો યોગ્ય નિકાલ, મોટા રોડ, બ્રિજ, ફલાયઓવર, સફાઈ, કચરાના નિકાલ માટે અધતન જમ્પ, સ્માર્ટ સીટી પ્રોજેકટ, સરકારી આરોગ્ય સેવાઓ મોટા પાર્ક, ગાર્ડન, પાર્કિંગ અને ટ્રાન્સપોર્ટ સુવિધા જેવી અનેક સવલતો મહાપાલિકાના મોટા બજેટ તેમજ સીધી રાજ્ય અને કેન્દ્રની વધારાની ગ્રાન્ટ મળતા અનેક માળખા ઝડપી વિક્સે તેમ છે જોકે આપ ખુદ ખૂબ સારી રીતે સમજી શકો છો કે મહાનગરપાલિકાના દરજ્જાથી શહેર અને નજીકના વિસ્તારો અને પ્રજાને શું લાભ મળે તેમ છે. ગાંધીધામ મહાનગર પાલિકા બન્યા પછી ઝડપથી જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિક્સી રહ્યા છે તે જોતાં સ્પષ્ટ બન્યું છે કે ભુજને આ દરજ્જો નહીં મળે ત્યાં સુધી વિકાસ અધૂરો જ લાગશે. તેથી મહાનગરપાલિકાનો દરજ્જો આપવા મુંખ્યમંત્રી, સાંસદ, પ્રભારી, ધારાસભ્ય સહિતે માંગ કરાઈ છે.

# મોટર અકસ્માત ક્લેઈમની રકમ રાષ્ટ્રીયકૃત બેંકોમાં જમા થાય તે ઈચ્છનીય

**ભારતીય માહિતી અધિકાર પ્રચાર પ્રસાર સંઘ દ્વારા ઉચ્ચસ્તરે કરાઈ રજૂઆત**

ભુજ - કચ્છઉદય : ગુજરાત ગ્રામીણ બેંકની અન્ય રાજ્યોમાં શાખાઓ ન હોવાથી અરજદારોને પડતી મુશ્કેલીઓ નિવારવા અને પારદર્શિતા લાવવા કરવામાં આવી માંગણી છે.

ભારતીય માહિતી અધિકાર પ્રચાર પ્રસાર સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ એમ. એ. બાવા દ્વારા ગુજરાત રાજ્ય અને ખાસ કરીને કચ્છ જિલ્લામાં મોટર અકસ્માત ક્લેઈમની વળતરની રકમની ચુકવણી પ્રક્રિયામાં સુધારો કરવા માટે રાજ્ય સરકાર અને ન્યાયિક વિભાગોને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે કે લાંબા સમયથી અરજદારો દ્વારા એવી ફરિયાદો મળી રહી છે કે અકસ્માત વળતરની રકમ એવી બેંકોમાં જમા કરવામાં આવે છે જેની શાખાઓ રાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ નથી. ખાસ કરીને અન્ય રાજ્યના નાગરિકો જ્યારે ગુજરાતમાં અકસ્માતનો ભોગ બને છે, ત્યારે તેમને વળતર મેળવવા માટે સ્થાનિક બેંકોમાં ખાતા ખોલાવવા પડે છે, જે તેમના વતન કે અન્ય રાજ્યોમાં કાર્યરત હોતી નથી.

વધુમાં રજૂઆતમાં એ બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે કે હાલમાં ક્લેઈમની રકમ મોટાભાગે ગુજરાત ગ્રામીણ બેંક જેવી સંસ્થાઓમાં જમા કરાવવામાં આવે છે. આ બેંકની મર્યાદિત ભૌગોલિક પહોંચને કારણે અન્ય રાજ્યના અરજદારોને નાણાં ઉપાડવા અથવા બેંકિંગ વ્યવહારો કરવા માટે વારંવાર ગુજરાતના ધક્કા ખાવા પડે છે. આ પ્રક્રિયાના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને આર્થિક નુકસાનની સાથે શારીરિક અને માનસિક ત્રાસનો પણ સામનો કરવો પડે છે. આથી જનહિતને ધ્યાનમાં રાખીને અકસ્માત વળતર અને વીમા ક્લેઈમની રકમ ફરજિયાતપણે શેડ્યૂલ રાષ્ટ્રીયકૃત બેંકોમાં જમા કરવામાં આવે તેવો નિર્ણય લેવા માંગ કરવામાં આવી છે, જેથી અરજદારો પોતાના વતનમાં રહીને પણ સરળતાથી વળતરની રકમ મેળવી શકે. આ અંગે યોગ્ય નોટિફિકેશન બહાર પાડીને જવાબદાર વિભાગોને આદેશ આપવા માંગ કરવામાં આવી છે.

# લુણીમાં ૧૮૦ ગ્રામ ગાંજા સાથે શખ્સ પકડાયો



મુંદરા - કચ્છઉદય : તાલુકાના લુણી ગામે ૧૮૦ ગ્રામ ગાંજા સાથે શખ્સ પકડાયો હતો. આ બાબતે મળતી વિગતો મુજબ મુંદરામાં વિદ્યુત વિહાર સોસાયટી પાસે રહેતા ગફુર સીધીક ગાધને પકડી તેની પાસેથી ૧૮૦ ગ્રામ ગાંજો કિંમત રૂા. ૯ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આરોપી સામે મુંદરા મરીન પોલીસમાં એનડીપીએસનો ગુનો દાખલ કરાવ્યો હતો. આ માલ અંજાર ખાતેથી લીધો હોવાની કબુલાત આપી હતી.

# લાખોંદ-અટલનગર પાસે સ્કૂલ બસમાંથી પડી જતા કંડકટરનું મોત

ભુજ - કચ્છઉદય : તાલુકાના લાખોંદ - અટલનગર જતા રોડ પર ચંદ્રુઆ પાટીયા પાસે સ્કુલ બસમાંથી પડી જતા કંડકટરનું મોત થયું હતું.

આ બાબતે પધ્ધર પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ ફરીયાદી અટલનગર ચપરેડીમાં રહેતા ધર્મેન્દ્ર ગોપાલભાઈ વાણીયાએ જણાવ્યું કે, તેમના મોટા ભાઈ ૩૧ વર્ષિય નરેન્દ્રભાઈ ગોપાલભાઈ વાણીયા બીએમસીબી સ્કૂલની બસમાં કંડકટર તરીકે કામ કરતા હતા. ગત ૨૧ ફેબ્રુઆરીના બસ નંબર જી.જે. ૧૨ ટી ૪૭૮૮ માં વિદ્યાર્થીઓને મુકવા જતા સમયે ચંદ્રુઆ પાટીયા પાસે રસ્તો સીંગલ પટ્ટીનો હોવા છતાં બસ ચાલકે પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી સામેથી આવતી ફોર વ્હીલર ગાડીને કાવો મારતા ઓવરટેક કરતી સમયે બસનું સંતુલન ખોરવાતા બસમાંથી ઉંધા માથે રોડ પર પટકાઈ જવાના કારણે ગંભીર ઈજાઓ થતા નરેન્દ્રભાઈનું મોત થયું હતું. બનાવ અંગે પધ્ધર પોલીસે ગુનો દાખલ કર્યો છે.


**ખિરાજે અકીદત**



હઝરત પીર સાહેબ આ ફાની દુનિયાને અલવિદા કરી પોતાના માલિકે હકીકીની બારગાહમાં પહોંચ્યા છે. તેમની વિદાય ખૂબ જ આઘાતજનક છે. તેઓ હંમેશાં તમામ લોકોને ફૈઝ આપતાં. તેમની દુઆઓ હંમેશાં તમામ લોકોને સાથે રહી છે. અલ્લાહ કરીમ તેમના દરજ્જાત બુલંદ કરે અને તેમના એહલોઅયાલ તથા વિશાળ મુરીદીનને સબરે જમીલ અતા કરે, આમીન.

**હઝરત પીર સૈયદ અલી અહમદશાહ શાહવલી કાદરી સાહેબ**
મુંદરા-કચ્છ.

દુઆગીર
**કારવાઁને મુસ્તફા - મુન્દ્રા**



**સમસ્ત લેવા પટેલ સમાજનું ગૌરવ**



**PSI**
**પ્રેમિલાબેન પુરબાઈ મેઘજીભાઈ છભાડિયા**
(ગામઃ રામપર-વેકરા/માંડવી)
ગુજરાત પોલીસ


સરદારધામ ખાતે પ્રશિક્ષિત થઈ પોલીસ સબ ઈન્સ્પેકટર (PSI)ની તીવ્ર સ્પર્ધાત્મક પરીક્ષામાં શ્રેયાનક્રમે ઉત્તીર્ણ થઈ નિયુક્તિ થવા બદલ સગૌરવ અઢળક અભિનંદન સહ આશીર્વાદ, ઉત્તરોત્તર પ્રગતિ પામો તેવી શ્રી સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરણોમાં પ્રાર્થના...

-:: શુભેચ્છક ::-

શ્રી મેઘજીભાઈ ખેતાણી (નારણપર) — પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
શ્રી દેવજીભાઈ છભાડિયા (માંડવી) — શ્રી સ્વામિનારાયણ ટ્રાવેલ્સ



॥ રાધે ॥ ॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥ ॥ રાધે ॥



**ભાવભીની શ્રદ્ધાંજલિ**

ઈષ્ટદેવ શ્રી રાધાકૃષ્ણ ભગવાન અને સદગુરુ શ્રી સુંદરસાહેબ મહારાજ તેમના શ્રી ચરણોમાં સ્થાન આપે એ જ પ્રાર્થના....

પરમધામવાસી રૂપાભાઈ ગોપાલભાઈ છાંગા (રૂપાભાઈ શેઠ)
પરમધામવાસ: ૨૬/૨/૨૦૨૬, ગુરુવાર, ફાગણ સુદ ૧૦
(ઉ.વર્ષ ૬૯) ગામ: રતનાલ (અંજાર)

શોકમગ્ન
- રૂપાભાઈ રામજીભાઈ દાનાભાઈ છાંગા
- વાલજીભાઈ રામજીભાઈ દાનાભાઈ છાંગા
- ત્રિકમભાઈ ગોપાલભાઈ છાંગા
- રણછોડભાઈ રૂપાભાઈ છાંગા
- રણછોડભાઈ મેઘજીભાઈ છાંગા
- ધુલાભાઈ રવાભાઈ નથુભાઈ છાંગા
- રૂપાભાઈ ગોપાલભાઈ નથુભાઈ છાંગા
- દેવજીભાઈ હીરાભાઈ નથુભાઈ છાંગા
- ત્રિકમભાઈ શામજીભાઈ ગોપાલભાઈ છાંગા
- રણછોડભાઈ રામજીભાઇ હીરાભાઈ છાંગા
- રણછોડભાઈ રામજીભાઇ કારાભાઈ છાંગા
- નંદલાલભાઈ મેઘજીભાઈ રામજીભાઈ છાંગા

સમસ્ત સામરાણી (છાંગા) પરિવારના જય શ્રી સચ્ચિદાનંદ પરમધામ ધણી...

# રેલમંત્રીએ અમદાવાદ-ધોલેરા સેમી હાઈસ્પીડ રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટની સમીક્ષા કરી



ગાંધીધામ - કચ્છઉદય : રેલ, માહિતી અને પ્રસારણ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવે પશ્ચિમ રેલવેના અમદાવાદ - ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલ કનેક્ટિવિટી પ્રોજેક્ટ અંતર્ગત સરખેજ - ધોલેરા ડબ્લિંગ સાથે નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ અને ધોલેરા એરપોર્ટ વચ્ચેના લાઈન (૧૩૪ કિ.મી.)ના કાર્યની પ્રગતિની સમીક્ષા કરી હતી પશ્ચિમ રેલવેના મુખ્ય પ્રશાસનિક અધિકારી (નિર્માણ) પ્રતિપ ગુપ્તાએ પ્રોજેક્ટની પ્રગતિ અંગે રેલમંત્રીને માહિતી આપી હતી. આ પ્રસંગે વેદ પ્રકાશ, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ, નિર્માણ વિભાગ અને મંડળના અધિકારીઓ હાજર હતા.

આ પ્રોજેક્ટ સમગ્ર દેશમાં સેમી હાઈ સ્પીડ રેલનું પ્રોટોટાઈપ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. ઉપરાંત, આ અમદાવાદ અને ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન વચ્ચે ઉત્તમ અને ઝડપી કનેક્ટિવિટી પ્રદાન કરવાનું કાર્ય પણ કરશે. સરખેજ– ધોલેરા બ્રોડ ગેજ સેક્શન પર ૧૬૭૬ મીમી બ્રોડ ગેજ પર વિકસાવવામાં આવનાર વિશ્વની પહેલી સેમી હાઈ સ્પીડ રેલ પ્રોજેક્ટ સિસ્ટમ હશે, જેની મહત્તમ સંભવિત ગતિ ૨૨૦ કિમી/કલાક રહેશે. માલગાડી ૧૦૦ કિમી/કલાક અને યાત્રી ટ્રેન ૨૨૦ કિમી/કલાકની ગતિ સાથે એક જ ટ્રેક પર સંચાલિત થશે. ધોલેરાને સેમિકન્ડક્ટર ઉદ્યોગ અને સોલર એનર્જી ઘટકોના ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બનાવવા માટે આ પરિયોજના મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

ગુજરાત દેશના સૌર ઊર્જાની સ્થાપિત ક્ષમતા ધરાવતા અગ્રણી રાજ્યોમાંનું એક છે. સૌર ઊર્જા ક્ષમતા વધારવાની મહત્ત્વાકાંક્ષી યોજનાઓને કારણે સોલર ઘટકોની માંગ સતત વધી રહી છે આ પરિયોજના દ્વારા ઉદ્યોગોને આંતરિક બજાર સુધી ઝડપી અને સુગમ કનેક્ટિવિટી મળશે. અમદાવાદ જેવા મોટા શહેરથી ધોલેરા જેવા વિકસતા સેટેલાઈટ શહેર સુધી કુશળ માનવ સંસાધનોનું અવરજવર સરળ બનશે. જેનાથી ઉદ્યોગોને પ્રશિક્ષિત અને યોગ્ય કાર્યબળની ઝડપથી ઉપલબ્ધ થશે. પરિયોજના પ્રસ્તાવિત લોજિસ્ટિક્સ ઝોન અને મલ્ટી-મોડલ કનેક્ટિવિટી દ્વારા ઉદ્યોગોને સપ્લાયર્સ અને બજારો સાથે નિર્બાધ રૂપ થી જોડશે.

ફોર-લેન એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવે, સેમી હાઈ સ્પીડ રેલ અને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર સાથેના જોડાણથી દેશના આંતરિક બજાર અને નિકાસ દ્વાર જેવા જવાહરલાલ નેહરુ પોર્ટ સુધી ઝડપી પહોંચ સુનિશ્ચિત થશે. સરખેજ - ધોલેરા સેમી હાઈ સ્પીડ રેલ પરિયોજના ઉત્કૃષ્ટ કનેક્ટિવિટી, કુશળ માનવ સંસાધન અને આધુનિક લોજિસ્ટિક્સ દ્વારા ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજનને સેમિકન્ડક્ટર અને સોલર મેન્યુફેક્ચરિંગનું સશક્ત ઔદ્યોગિક કેન્દ્ર બનાવવામાં સહાયક સાબિત થશે.

# રામણીયાની કે.જી. સાવલા હાઈસ્કૂલમાં ત્રિરંગી કાર્યક્રમ યોજાયો









મુંદરા - કચ્છઉદય : રામણિયા ખાતે સારસ્વતમ્ સંચાલિત કાનજી ઘેલાભાઈ સાવલા હાઈસ્કૂલમાં શુભેચ્છા સમારંભ, એવોર્ડ સેરેમની તેમજ ફૂડ ફેસ્ટિવલ એમ ત્રિરંગી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્ય જયશ્રીબેન ત્રિવેદીએ મહેમાનોનું સ્વાગત કરીને કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે બોર્ડ પરીક્ષા આપવાની પ્રેરણા આપી શુભેચ્છાઓ પાઠવી હતી. ધોરણ ૧૦ના વર્ગશિક્ષિકા લક્ષ્મીબેન જસાણીએ પણ વિદ્યાર્થીઓને સફળતા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓએ પ્રતિભાવો રજૂ કર્યા હતા. શિક્ષકમંડળે વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષા માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં અદાણી ફાઉન્ડેશનના શિક્ષણ વિભાગમાંથી પધારેલ જાગૃતિબેન જોષી વિશિષ્ટ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમજ રામણિયા ગામના ઉપસરપંચ ઠાકરશીભાઈ દનીચા અને વર્ગ-૨ અધિકારી મુરજીભાઈ મિંઢાણી ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

ત્યારબાદ એવોર્ડ સેરેમની યોજાઈ હતી, જેમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા અને તેમની વિશિષ્ટ પ્રતિભાને સન્માનિત કરવા વિવિધ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યા હતા. ધોરણ ૯-એ, ૯-બી, ૧૦ અને ૧૧ માટે "બેસ્ટ સ્ટુડન્ટ", "બેસ્ટ સ્ટુડન્ટ ઈન ડિસિપ્લિન", "બેસ્ટ સ્ટુડન્ટ ઈન કલ્ચરલ એક્ટિવિટીઝ", "બેસ્ટ સ્ટુડન્ટ ઈન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ" તેમજ વિષયવાર શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૨૫-૨૬ માટે "બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યર" એવોર્ડ મહેશ્વરી ડિમ્પલ અશોકભાઈને એનાયત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે ફૂડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૩૭થી ૩૮ જેટલી વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. સાઉથ ઈન્ડિયન વાનગીઓથી લઈને પાઉભાજી, ચાઈનીઝ ભેળ, ગુલાબ જાંબુ, રસમલાઈ, પાણીપૂરી, ફાલુદા, ચોકલેટ શેક, લીંબુ શરબત, સિકંજી, મસાલા કોર્ન ચાટ, ડ્રાયફ્રૂટ મોહનથાળ સહિત વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓનો સમાવેશ થયો હતો. મહેમાનો, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આ ત્રિવેણી કાર્યક્રમમાં આનંદ સહ ઉત્સાહનો અનોખો અનુભવ થયેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કૃષ્ણાબેન ગઢવીએ કર્યું હતું. જ્યારે આભારવિધિ જયકિશનભાઈ પાંજરીવાલાએ કરી હતી.

# સંગીતકાર કલ્યાણજી આણંદજી ફેઇમ આણંદજીભાઈનો આજે જન્મદિવસ



**હિન્દી ફિલ્મ જગતમાં પોતાના ભાઈની સાથે જીવનભર રહી અને મધુર અને કર્ણપ્રિય સંગીત આપનાર કલ્યાણજી આણંદની જોડીએ હિન્દી ફિલ્મ જગતને અનેક સુંદર મધુર ગીતો આપ્યા : આણંદજી ભાઈ ખૂબ જ સંવેદનશીલ પ્રકૃતિના વ્યક્તિ છે અને તેમની સંવેદનામાંથી જ સુંદર સંગીત પ્રગટ થયું : અનેક નવા કલાકારોનો હાથ પકડી અને તેમને મોટા સ્થાને પહોંચાડ્યા : તેમનું વતન અને જન્મસ્થાન કચ્છનું કુંદરોડી ગામ છે : બંને ભાઈઓને સંગીત. શીખવાનો અવસર બચપણમાં કેવી રીતે મળ્યો તેની વાત ખૂબ જ રસપ્રદ છે**

ભુજ - કચ્છઉદય : અનેક યાદગાર ફિલ્મોના અનેક સુંદર ગીતો સંગીતબધ્ધ કરનાર સંગીત દિગ્દર્શક આણંદજીભાઈ શાહના આજે ૮૩મા જન્મદિવસે "કચ્છઉદય" પરિવાર તેમને હાર્દિક શુભેચ્છા પાઠવે છે. ૧૯૩૩માં કુંદરોડી ગામમાં તેમનો જન્મ થયો હતો. ૧૯૫૪માં હેમંતકુમારે તેમને નાગિન ફિલ્મ માટે સંગીત દિગ્દર્શનનું કામ આપ્યું ત્યારથી એક પછી એક સુપરહિટ ગીતો તેમને આપ્યા છે. તેમના સૌથી જાણીતી ફિલ્મો ડોન, સરસ્વતીચંદ્ર, કુરબાની અને સફર વગેરેના ગીતો બહુ જ વધારે લોકપ્રિય બન્યા છે. તેમણે ૧૯૭૫મા ફિલ્મ "કોરા કાગજ" માટે શ્રેષ્ઠ સંગીતનો "ફિલ્મફેર' પુરસ્કાર જીત્યો હતો. તેમણે દેશ - વિદેશમાં કિશોરકુમાર અને અમિતાભ બચ્ચન જેવા અનેક નામાંકિત કલાકારોને સાથે રાખી અને દેશ વિદેશમાં અનેક સ્ટેજ શો પણ કર્યા છે. તેમને અનેક પુરસ્કાર પણ મળ્યા છે, જેમાં સીનેસંગીત નિર્દેશક પુરસ્કાર - ૧૯૬૫ -હિમાલય કી ગોદ મેં પ્રથમ રાષ્ટ્રીય પુરસ્કાર - ૧૯૬૮ સરસ્વતીચંદ્ર ફિલ્મ માટે, ફિલ્મફેર પુરસ્કાર - ૧૯૭૪ - કોરા કાગઝ, ફિલ્મો માટે, પ્રથમ પ્લેટિનમ ડિસ્ક દ્વારા એચએમવી પુરસ્કાર ફિલ્મ -મુકદર કા સિકંદર (૧૯૭૮) ગીતો અને ફિલ્મો માટે મળ્યો છે. વર્ષ ૧૯૯૨માં તેમને કલા ક્ષેત્રે યોગદાન માટે ભારતના ચોથા સર્વોચ્ચ નાગરિક સન્માન "પદ્મશ્રી"થી પણ નવાજવામાં આવ્યા હતા. તેમના ફિલ્મો અને તેમના ગીતોનું લિસ્ટ લાંબુ બને તેમ છે. તેમણે વતન ભુજમાં જ્યુબેલી ગ્રાઉન્ડમાં ભવ્ય સ્ટેજ શો પણ તેમના ભાઈ કલ્યાણજીભાઈ સાથે કર્યો હતો, જેમા જાણીતા કલાકાર કિશોરકુમાર સહિત અનેક કલાકારો પણ આવ્યા હતા. આણંદજીભાઈ આટલા આગળ વધ્યા છતાં એકદમ સરળ અને સંવેદનશીલ પ્રકૃતિના છે અને તેમને વતન કચ્છ માટે તો ખૂબ જ પ્રેમ રહેલો છે. એમણે ઉગતા કલાકારોને આગળ લાવવા માટે પ્રોત્સાહન આપ્યું છે.


## અને આવી રીતે "કલ્યાણજી આણંદજી" સંગીતની દુનિયામાં આવ્યા

ભુજ કચ્છ ઉદય : સંગીતકાર આણંદજીભાઈ અને એમના મોટાભાઈ કલ્યાણજીભાઈ જ્યારે નાનકડા હતા, ત્યારે તેમના પિતાજી વીરજીભાઈ મુંબઈ કરિયાણાનો વેપાર કરવા અર્થે વતન કુંદરોડીથી મુંબઈ આવ્યા હતા. જીવનમાં નસીબની બાજીના પત્તા કેવી રીતે ચીપાય છે તે ખૂબ જ રસપ્રદ છે. તેમના પિતાએ રાશનની દુકાન શરૂ કરી હતી. તેમના પિતા પાસે એક વ્યક્તિ રાશન ઉધારમાં ખરીદતી હતી. નજીકના ભવિષ્યમાં પૈસા આપી શકે તેમ નહીં હોવાનું સમય જતાં તેમના પિતાજીને લાગ્યુ કલ્યાણજી આણંદજીના પિતા વીરજીભાઈ ઉદાર હતા. એટલે તેમણે પૂછ્યું કે ભાઈ તમે શું કરો છો કે પૈસા કેમ નથી ચૂકવી શકતા ? ત્યારે જવાબમાં પેલા ગ્રાહકે જણાવ્યુ કે, હું સંગીત શિક્ષક છું પરંતુ હાલમાં આર્થિક સ્થિતિ નબળી છે. એટલે રાશન ખરીદવામાં પણ તકલીફ થાય છે. કલ્યાણજીભાઈ અને આણંદજીભાઈના પિતા વીરજીભાઈની આંખ ચમકી. તેમણે તે સંગીતશિક્ષકને જણાવ્યું કે તમારે રાશન માટે હવે ક્યારેય પણ અને જરાય ચિંતા કરવાની જરૂર નથી. તમને ઘર માટે જેટલું રાશન જોઈએ તેટલું મારી દુકાનેથી લઈ જજો, પરંતુ તેના બદલામાં મારા બે પુત્રો છે તેને સંગીત શીખવો તો સારૂ, અને આવી રીતે એક લાચાર સંગીત શિક્ષકને મદદ કરવાના હેતુથી નાનકડા કલ્યાણજી અને આણંદજી એવા બે દીકરાને સંગીત શીખવા મોકલનાર પિતાજીને કે એ બંને દીકરાને કલ્પના પણ નહીં હોય કે તે ? ભવિષ્યમાં ફિલ્મી દુનિયાના મશહૂર સંગીતકારો બની જશે.


# ભુજમાં એસએમવીએસ સંસ્થાના નૂતન મંદિરનો ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન

**વૈદિક મંત્રોચ્ચાર અને ભક્તિમય માહોલમાં મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ: ગુરુજી સત્સંકલ્પદાસજીએ આશીર્વચન પાઠવ્યા**









ભુજ - કચ્છઉદય : કચ્છના મુખ્ય મથક ભુજ મધ્યે એસએમવીએસ સ્વામિનારાયણ મંદિર, વાસણા સંસ્થા દ્વારા આયોજિત ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ આધ્યાત્મિક ઉલ્લાસ સાથે પૂર્ણ થયો છે. આ મહોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ જ નહીં, પરંતુ આવનારી પેઢીઓ માટે સંસ્કાર અને ભક્તિના સિંચનનું કેન્દ્ર બની રહેશે તેવો સૂર અહીં વ્યક્ત થયો હતો. કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ સમગ્ર શહેર અને પંથકમાં ભક્તિમય વાતાવરણ પ્રસરી ગયું છે.

આ દિવ્ય મહોત્સવના પ્રારંભે વચનામૃત કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત સંતોએ સત્સંગના ગૂઢ તત્ત્વજ્ઞાન અને જીવનમાં આધ્યાત્મિક મૂલ્યોના મહત્વ પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો. મહોત્સવ અંતર્ગત યોજાયેલી ભવ્ય પોથીયાત્રા અને શોભાયાત્રામાં મોટી સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા, જેના કારણે સમગ્ર ભુજ શહેર સ્વામિનારાયણ ભગવાનના નાદથી ગુંજી ઉઠ્યું હતું. પ્રતિષ્ઠાના મુખ્ય દિવસે શાસ્ત્રોક્ત વિધિ અને વૈદિક મંત્રોચ્ચાર સાથે મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સંપન્ન કરવામાં આવી હતી.

આ પવિત્ર અવસરે સંસ્થાના વર્તમાન ગુરુજી સત્સંકલ્પદાસજીએ આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે આ નૂતન મંદિર યુવા પેઢીને સન્માર્ગે વાળવા માટે દીવાદાંડી સમાન સાબિત થશે. મહોત્સવ દરમિયાન સ્વામિનારાયણ મહાયજ્ઞ, મહામંત્રની અખંડ ધૂન તેમજ ભવ્ય અન્નકૂટ દર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ હજારો શ્રદ્ધાળુઓએ લીધો હતો. કાર્યક્રમના અંતે હરિભક્તોએ મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો. આ મહોત્સવને સફળ બનાવવા માટે સંસ્થાની વિવિધ સેવા સમિતિઓ, યુવા મંડળો અને મહિલા પાંખના સ્વયંસેવકોએ દિવસ-રાત જહેમત ઉઠાવી હતી. સંચાલન સમિતિ દ્વારા તમામ દાતાઓ, અગ્રણીઓ અને સેવા આપનાર હરિભક્તોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## એસએમવીએસ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પરમ પૂજ્ય ગુરૂજીના આશિર્વાદ





ભુજ મધ્યે એસએમવીએસ સ્વામિનારાયણ મંદિરે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ આધ્યાત્મિક ઉજવણીમાં કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રીઓ ધવલભાઈ આચાર્ય, ભીમજીભાઈ જોધાણી, હિતેશભાઈ ખંડોલ તથા ભુજ શહેર ભાજપના ઉપપ્રમુખ જયંત ઠક્કર, રાજુભાઈ ટાંક સહિત ભાજપના કાર્યકર્તાઓએ મંદિરે હાજર રહ્યા હતા.

# ભુજ રિજનલ સાયન્સ સેન્ટર ખાતે વિજ્ઞાન સપ્તાહની ઉજવણી કરાઈ



ભુજ - કચ્છઉદય : નોબલ પુરસ્કાર વિજેતા ડૉ. સી.વી. રામનના રામન ઈફેક્ટની યાદમાં દર ૨૮મી ફેબ્રુઆરીના વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે રિજનલ સાયન્સ સેન્ટર ભુજ દ્વારા વિજ્ઞાન સપ્તાહની ઉજવણીનું આયોજન તા. ૨૨થી ૨૮/૨ દરમ્યાન થીમ 'વુમન ઈન સાયન્સ કેટેલીઝિંગ વિકસિત ભારત' મુજબ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓમાં વૈજ્ઞાનિક જિજ્ઞાસા અને શોધખોળ પ્રત્યે ઉત્સાહ જગાડવાનો હતો.

ઉજવણી દરમિયાન વિજ્ઞાનના વિવિધ વિષય પર એક્સપર્ટ ટોક, ગણિત, રસાયણ વિજ્ઞાન, રોબોટિક, ડે એન્ડ નાઈટ ટાઈમ એસ્ટ્રોનોમી વગેરે વર્કશોપ, ડોક્યુમેન્ટ્રી શો, સ્ટેમ એક્ટિવિટી તેમજ અનેક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રુચિ પેદા થાય અને તેઓ વિજ્ઞાનને દૈનિક જીવન સાથે જોડી શકે તે હેતુથી ગુજકોસ્ટ (ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી)ના સહયોગથી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિતે સાયન્સ એકટીવિટી, ક્રોસવર્ડ, નિબંધ લેખન, જુનિયર સાયન્ટિસ્ટ ફેન્સી ડ્રેસ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાગ લેનાર તમામને પ્રમાણપત્ર તેમજ પ્રથમ વિજેતાને ટ્રોફી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે નિકિતબેન જોષી હાજર રહ્યા હતા.

સાયન્સ એક્ટિવિટીમાં મહેક શેઠ, ક્રોસવર્ડમાં મહેક પાડિયા, નિબંધ લેખનમાં ગઢવી શૌર્ય અને જુનિયર સાયન્ટિસ્ટ ફેન્સી ડ્રેસમાં ધ્યાન સંઘવી વિજેતા તરીકે જાહેર કરાયા હતા. માતૃછાયા કન્યા વિદ્યાલયના શિક્ષિકા જાગૃતિબેન વકીલ દ્વારા એક્સપર્ટ ટોકનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં તેમણે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી દરેક વસ્તુને જોવાની સમજ આપી હતી. નિકિતાબેન જોષી દ્વારા વિજ્ઞાનના પ્રયોગનું નિદર્શન પણ કરાયું હતું. જુદી જુદી શાળાના ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કેન્દ્રના પ્રોજેક્ટ ડાયરેક્ટર વિરલ પરમારના માર્ગદર્શન હેઠળ ફેસીલીટી મેનેજર આરતી આર્ય તથા સાયન્સ સેન્ટરના સમગ્ર સ્ટાફે જેહમત ઉઠાવી હતી તેવું સાયન્સ કોમ્યુનિકેટર શૈલ પલણે જણાવ્યું હતું.

# કચ્છમાં ધર્મપ્રભાવનાનો મહાઉત્સવ: ૧૫ ચાતુર્માસોની ફાળવણી

**લીંબડી ગુરૂગાદીથી ૬૧ ચાતુર્માસોની જાહેરાત : વિ.સં. ૨૦૮૨માં ૫૧ જેટલા સંતો કચ્છ પધારશે**

ભુજ - કચ્છઉદય : સ્થાનવાસી છ કોટિ જૈન લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ આચાર્ય ભાવચંદ્રજી સ્વામી દ્વારા ગુરુગાદી ધામ લીંબડી ખાતે ભારતભરના ૬૧ ચાતુર્માસોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતમાં કચ્છને ૧૫ ચાતુર્માસોની ફાળવણી થતાં જૈન સમાજમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. સંપ્રદાયના ૧૭ સંતો અને ૨૧૧ સાધ્વીજીઓ ભારતભરમાં ચાતુર્માસ માટે વિહરશે. તેમાં વિક્રમ સંવત ૨૦૮૨ દરમિયાન આશરે ૫૧ જેટલા સંતો કચ્છમાં પધારી ધર્મપ્રભાવના અને શાસનપ્રભાવનાના વિવિધ કાર્યક્રમો યોજશે.

ફાળવાયેલા ૧૫ ચાતુર્માસમાંથી ૫ ભુજ-માંડવી-કંડી વિસ્તારમાં તેમજ ૧૦ વાગડ વિસ્તારમાં યોજાનાર હોવાનું સંપ્રદાયના અગ્રણી જગદીશભાઈ મહેતાએ જણાવ્યું હતું. ચાતુર્માસ દરમ્યાન પ્રવચનમાળા, આરાધના, સ્વાધ્યાય અને આધ્યાત્મિક ઉપક્રમો દ્વારા સમાજમાં ધાર્મિક જાગૃતિનો સંદેશ પ્રસરે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. કચ્છના જૈન સમાજ માટે આ ફાળવણીને વિશેષ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# જૈન સેવા સંસ્થા નવચેતન દ્વારા વિશ્વ એનજીઓ દિવસની ઉજવણી કરાઈ



ભુજ-કચ્છઉદય : છેલ્લા ૧૬ વર્ષથી વિવિધ સેવા ક્ષેત્રે સતત કાર્યરત જૈન સેવા સંસ્થા, નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે તાજેતરમાં વિવિધ દાતાઓના સહયોગથી ગ્રામ સ્વરાજ સંઘ સોન ટેકરી-નીલપર સંચાલીત વિનય મંદિર અને શીશુ મંદિર શાળામાં વિશ્વ એનજીઓ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં દેવ બાળ છાત્રો માટે વસ્તુ અમારી પસંદગી તમારી નિઃશુલ્ક વસ્ત્ર મોલનું આયોજન કરાયું જેનો ૩૦૦ જેટલા છાત્રાઓ લાભ લીધો હતો.

શાળાના પ્રાંગણમાં સંસ્થાના મોભી જૈન સમાજ રત્ન વેલજીભાઈ મહેતાના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમનો શુભારંભ મંત્રાધીરાજ નવકાર મહામંત્રના સ્મરણ સાથે કરાયો હતો. નકુલભાઈ ભાવસારે પ્રસંગ પરીચય સાથે દરેકને આવકાર્યા હતા.

આગળના ચરણમાં દાતા માહી ક્રિએશન -તુષાર દોશી, ધ્રુવ એન્ટરપ્રાઈસીસ -અનીલ દોશી, ચાર્મી ફેશન અનીલભાઈ ખંડોર, પૂર્વ ક્રિએશન વિકાસ ખંડોર, જયેશભાઈ શાહ, કલ્પેશભાઈ શાહ, દાદર- મલાડના સહયોગથી દેવ બાળ છાત્રો માટે વસ્તુ અમારી પસંદગી તમારી બ્રાન્ડેડ વસ્ત્રોનો નિઃશુલ્ક, મોલ અગ્રણીઓના હસ્તે ખુલ્લો મુકાયો હતો. જેમાં ૧૬૦ છાત્ર અને ૧૪૦ છાત્રાઓ મળળી કુલ ૩૦૦ જેટલા દેવ બાળ છાત્રોએ મનપસંદ બ્રાન્ડે વસ્ત્રોની નિઃશુલ્ક ખરીદી કરી હર્ષિત થયા હતા.

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી વી.જી. મહેતાએ એન.જી.ઓ. ને ભારતની વિકાસ યાત્રાના મૌન સાથી ગણાવી જૈન સેવા સંસ્થા, નવચેતન, સામાજીક જવાબદારી અદા કરવા, સદૈવ કાર્યરત અને પ્રતિબધ્ધ હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો. બાદમાં દરેકને ભોજનમાં મિષ્ટાન સાથે નમકીન આપવામાં આવ્યું હતું અને દાતાઓનો આભાર માનવામાં આવ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા પ્રો. ચેરમેન હિરેન દોશી, પ્રદિપ્સભાઈ દોશી, શાંતિલાલ મોતા, ભાવનાબેન જોશી, વિનોદ દોશી (રાપર), જૈની બાબરીયા, ભારતીબેન મહેતા, કે.બી. પરમાર, મનીષભાઈ મહેતા, હર્ષદભાઈ નિર્મલ, સોનલ મહેતા, લક્ષિતામહેતા, પાર્વતીબેન પટેલ વિગેરેએ જહેમત ઉઠાવી હતી. શાળા પરિવાર સહયોગી રહ્યો હતો. સંચાલન શાંતીલાલ રાજગોરે અને આભારવિધિ જહોનભાઈએ કરી હતી તેવું ડો. રૂપાલીબેન મોરબીયાએ જણાવ્યું હતું.

# કચ્છ યુનિવર્સિટીમાં 'ભારતીય જ્ઞાન પરંપરા' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

## વિદ્વાનોએ સાહિત્યિક વારસાને ઉજાગર કર્યો





ભુજ - કચ્છઉદય : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ, ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ગુજરાતી વિભાગ અને હમીરજી રત્નું લોકસાહિત્ય કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય જ્ઞાન પરંપરા અને ઐતિહાસિક સાહિત્ય વિષય પર આધારિત આ કાર્યક્રમ નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાતના સહયોગથી યુનિવર્સિટીના કોર્ટ હોલ ખાતે યોજાયો હતો. 'ભારતીય જ્ઞાન પરંપરા અને ઐતિહાસિક સાહિત્ય' વિષય પર યોજાયેલા આ સેમિનારમાં વિદ્વાનોએ ભારતીય સંસ્કૃતિ અને પ્રાદેશિક સાહિત્યના અતૂટ સંબંધો પર પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમની શરૂઆત રજીસ્ટ્રેશન અને અલ્પાહાર બાદ પરંપરાગત દીપ પ્રાગટ્ય અને કચ્છના પ્રખર સાહિત્યકાર દુલેરાય કારાણીજીને પુષ્પાંજલિ અર્પણ કરીને કરવામાં આવી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડૉ. કાશ્મીરાબેન મહેતાએ સ્વાગત પ્રવચન દ્વારા કાર્યક્રમની રૂપરેખા આપી સૌને આવકાર્યા હતા.

ઉદ્ઘાટન સત્રમાં ઉપસ્થિત મહાનુભાવોએ ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનના મહત્વ પર ભાર મૂક્યો હતો. કચ્છના પૂર્વ સાંસદ અને ટ્રસ્ટી પુષ્પદાનભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, કચ્છ ભૌતિક, સાહિત્યિક અને આધ્યાત્મિક રીતે ખૂબ આગળ વધી રહ્યું છે, ત્યારે આપણે સૌએ દીવો બનીને સમાજમાં તેજસ્વી પ્રકાશ ફેલાવવાનો છે. સાંસદ વિનોદભાઈ ચાવડાએ કહ્યું હતું કે આપણો સાહિત્યિક વારસો આપણને સ્વયંભૂ મળેલો છે અને તેને જાળવવા માટે સરકાર પણ સતત પ્રયત્નશીલ છે. કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મોહનભાઈ પટેલે દુલેરાય કારાણીની જન્મ અને પુણ્યતિથિનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે કચ્છના સમૃદ્ધ સાહિત્ય પર હજુ ૨૦ વર્ષ સુધી સંશોધન થઈ શકે તેટલું ભાથું મોજૂદ છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ધોરણ ૬ થી કોલેજ સુધી ભગવત ગીતાનો અભ્યાસક્રમમાં સમાવેશ એ જ્ઞાન પરંપરાના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે.

કાર્યક્રમમાં બીજરૂપ વક્તવ્ય આપતા પદ્મશ્રી ગૌતમ પટેલે સંસ્કૃત ભાષા અને ભારતીય શાસ્ત્રોની મહત્તા સમજાવતા એક અત્યંત માર્મિક વાત કરી હતી કે "ગુજરાત જો ભારતનું કપાળ હોય તો કચ્છ તેનું ભાલ છે અને ભુજ એ તિલક સમાન છે." તેમણે ઉમેર્યું કે સંસ્કૃત એ દૈવી વાણી છે અને ભારતે વિશ્વને શૂન્ય, આલ્ફાબેટ અને પાઈની સાથે ગાયત્રી મંત્ર જેવી બૌદ્ધિક ઉપાસનાની ભેટ આપી છે. સંસ્કૃતની મહત્તા સમજાવતા તેમણે બેંગ્લોરથી પ્રકાશિત થતા સંસ્કૃત અખબારનો ઉલ્લેખ કર્યો હતો. આ પ્રથમ સત્રનું સંચાલન ડૉ. પંકજ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું અને આભારવિધિ ડૉ. રાજેન્દ્ર બાંભણિયાએ કરી હતી. પરિસંવાદની વિવિધ બેઠકોમાં ભાષાકીય વિવિધતા જોવા મળી હતી.

પ્રથમ બેઠકમાં એસ.પી. યુનિવર્સિટીના ડૉ. સુધા ચૌહાણ અને એમ.એસ. યુનિવર્સિટીના ડૉ. દિપેન્દ્રસિંહ જાડેજાએ અનુક્રમે ગુજરાતી અને હિન્દી સાહિત્યમાં જ્ઞાન પરંપરાના પ્રદાન વિશે ગહન ચર્ચા કરી હતી. પ્રથમ બેઠકનું સંચાલન નીલુબેન ગોહિલ અને અંજનાબેન રામાનંદીએ કર્યું હતું. ભોજન બાદના સત્રમાં જાણીતા સાહિત્યકાર જયંતિ જોષી 'શબાબ'એ કચ્છી લોકબોલીમાં 'પાની સબ મેં એક' વિષય પર અનેક કવિ - લેખકોના અવતરણો દ્વારા દિલની વાતો કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમણે શાયરાના અંદાજમાં કહ્યું હતું કે "તમે કરજો પ્રેમની વાતો, અને અમે કરશું પ્રેમ." આ પંક્તિ સાથે તેમણે કચ્છી, સિંધી અને સંસ્કૃતના ઉદાહરણો ટાંકીને ભાષાકીય વિવિધતામાં એકતાનો સંદેશ આપ્યો હતો. બીજી બેઠકનું સંચાલન ડો. ચૈતાલીબેન ઠક્કરે કર્યું હતું.

સમાપન સત્રમાં કાનજીભાઈ મહેશ્વરીએ 'મામઈ દેવની વાણી' અને ભારતીય જ્ઞાન પરંપરા પર પોતાના અનુભવો રજૂ કર્યા હતા. સંચાલન ડો. મેહુલ પટેલે કર્યું હતું. સમગ્ર પરિસંવાદ દરમિયાન કુલ ૧૫૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાંથી ૪૨ યુવા સંશોધકોએ ઉત્સાહ પૂર્વક શોધપત્ર વાંચન કર્યું હતું. સમગ્ર અહેવાલ ડૉ. રમજાન હસણીયાએ રજૂ કર્યો હતો અને સંચાલન ડો. હીનાબેન ગંગર અને ડો. ફાલ્ગુનીબેન પોમલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપ્યા હતા અને મહિલા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. હીનાબેન ગંગર દ્વારા આભારવિધિ સાથે કાર્યક્રમનું સફળ સમાપન કરવામાં આવ્યું હતું.

# કચ્છમાં અમુક વર્ગના મતદારોને લક્ષ્ય બનાવી લોકશાહીનું ખૂન કરવાનો નિષ્ફળ પ્રયાસ : વી.કે. હુંબલ



## મતદાર યાદીમાંથી નામો કમી કરવાનું ભાજપે ૭૨૦૦૦ ફોર્મનું વ્યવસ્થિત કાવતરું રચ્યું હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

ભુજ - કચ્છઉદય : કચ્છમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન ભાજપ દ્વારા આશરે ૭૨,૦૦૦ જેટલા ફોર્મ નંબર-૭ ભરીને મતદારોના નામો વ્યવસ્થિત રીતે કમી કરવાનું મોટું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આ કાવતરાનો મુખ્ય ઉદ્દેશ્ય લઘુમતી સમાજ, ઓબીસી, દલિત અને આદિવાસી મતદારોના નામો યાદીમાંથી દૂર કરવાનો હતો તેવો આક્ષેપ કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ વી.કે. હુંબલ દ્વારા પત્રકાર પરિષદમાં કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસના કાર્યકરોની સતર્કતા અને જાગૃતિને કારણે ભાજપનું આ આયોજન નિષ્ફળ ગયું છે અને ચૂંટણી પંચે આશરે ૨૯,૦૦૦ જેટલા વાંધા અરજીના ફોર્મ અમાન્ય ઠેરવ્યા છે.

વી.કે. હુંબલે વધુમાં વિગતો આપતા જણાવ્યું કે, એક જ વ્યક્તિ દ્વારા ૨૫ થી ૨૦૦ જેટલા ફોર્મ પર એકસરખી સહીઓ કરીને અથવા ખોટી સહીઓ કરીને ફોર્મ ભરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયામાં ડિજિટલ સોફ્ટવેરનો ઉપયોગ કરીને જથ્થાબંધ ફોર્મ જનરેટ કરવામાં આવ્યા હોવાનું પણ પ્રાથમિક પુરાવાઓથી સ્પષ્ટ જણાય છે. આ ફોર્મમાં મતદારોના મોબાઈલ નંબર પણ ખોટા લખવામાં આવ્યા હતા અને ભાજપના રાજકીય કાર્યકરોને ખોટા ઓબ્જેક્ટર તરીકે ઉભા કરવામાં આવ્યા હતા. આ પ્રકારની છેતરપિંડી દ્વારા ભારતના બંધારણની કલમ ૧૪, ૧૫ અને ૩૨૬ હેઠળ મળેલા મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા આ મામલે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો જેવી કે ગુનાહિત કાવતરું, છેતરપિંડી, ખોટા દસ્તાવેજો બનાવવા અને નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરવા હેઠળ ગુનો નોંધવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત રિપ્રેઝન્ટેશન ઓફ પીપલ એક્ટ ૧૯૫૦ હેઠળ પણ કડક કાર્યવાહી કરવાની માંગણી દોહરાવવામાં આવી છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે આટલી મોટી સંખ્યામાં ફોર્મ સીધા પ્રાંત અધિકારી અથવા ઈરો સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જે સીધો નિયમોનો ભંગ છે.

આ સમગ્ર કૌભાંડની ફોરેન્સિક તપાસ કરવાની અને જે પ્રિન્ટિંગ પ્રેસ કે સોફ્ટવેર દ્વારા આ ફોર્મ તૈયાર થયા છે તેની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. જે સરકારી કર્મચારીઓએ આ ખોટા ફોર્મ સ્વીકારવામાં મદદગારી કરી છે તેમની સામે પણ એફઆઈઆર નોંધવા માટે કોંગ્રેસે રજૂઆત કરી છે. વી.કે. હુંબલે અંતમાં જણાવ્યું હતું કે સામાન્ય જનતામાં આ બાબતે ભારે આક્રોશ છે અને લોકશાહીની ગરિમા જાળવવા માટે આ ષડયંત્રના મુખ્ય સૂત્રધારો સામે કાયદેસરની કાર્યવાહી થવી અનિવાર્ય છે.

આ પત્રકાર પરિષદમાં કચ્છ જિલ્લા કોંગ્રેસના કિશોરદાન ગઢવી, રામદેવસિંહ જાડેજા, અંજલિ ગોર, લાખાજી સોઢા, ગનીભાઈ કુંભાર, રાણુભા જાડેજા, રમેશભાઈ ગરવા વગેરે હાજર રહ્યા હતા.

# ભુજમાં પૂજારા પરિવાર દ્વારા બાળકોને પિચકારી અને ગુલાલનું વિતરણ કરાયું



ભુજ - કચ્છઉદય : સંસ્કારી નગરી ભુજમાં માનવતાની મહેક પ્રસરાવતા સેવાકાર્યો અવિરત ચાલુ રહે છે. ભુજના દાતા કલ્પેશભાઈ પુજારા અને પરેશભાઈ પુજારા દ્વારા વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ આ વર્ષે પણ હોળી - ધૂળેટીના પર્વને અનુલક્ષીને જરૂરિયાતમંદ બાળકો માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

દરેક તહેવારમાં વંચિત બાળકોના ચહેરા પર સ્મિત લાવવાના ઉમદા હેતુ સાથે, આ વખતે હોળીના પર્વ નિમિત્તે શહેરની અંધશાળા તથા અન્ય જરૂરિયાતમંદ વિસ્તારોના બાળકો માટે કલ્પેશભાઈ અને પરેશભાઈ તરફથી હોળીને અનુરૂપ સામગ્રી અર્પણ કરવામાં આવી હતી.

બાળકો ઉત્સાહભેર હોળી રમી શકે તે માટે રંગબેરંગી પિચકારીઓ અને શુદ્ધ ગુલાલનું વિતરણ કરવાનું નક્કી કરાયું હતું. સામગ્રીનું વિતરણ યોગ્ય બાળકો સુધી પહોંચે તે માટે જાણીતા સામાજિક કાર્યકર મિતેષભાઈ હીરાલાલ શાહને આ વસ્તુઓ સુપ્રત કરવામાં આવી હતી. મિતેષભાઈ શાહ દ્વારા આ સામગ્રી અંધશાળાના પ્રજ્ઞાચક્ષુ બાળકો અને જરૂરિયાત મંદો બાળકોમાં વહેંચવામાં આવશે, જેથી તેઓ પણ અન્ય બાળકોની જેમ રંગોના આ પર્વને ઉમંગ અને ઉત્સાહ સાથે ઉજવી શકે. કોઈ પણ તહેવાર ત્યારે જ સાર્થક ગણાય જ્યારે સમાજના છેવાડાના માનવીના ઘરમાં પણ તેનો આનંદ પહોંચે. આ ભાવના સાથે પુજારા પરિવાર દ્વારા કરવામાં આવેલા આ કાર્યને શહેરના અગ્રણીઓએ બિરદાવ્યું હતું.

# શ્રી વીર અબડા અડભંગ દાદાનો ૭૬૬મો જન્મોત્સવ ઉજવાશે

ભુજ - કચ્છઉદય : વાયોર અબડાસા વીરભુમી ભગવાન શ્રી કૃષ્ણના આઠમાં અંશ અવતાર મોડપીર દાદાના નાના ભાઈ જેના નામ પાછળ અબડાસા વીરભુમી ઓળખાય છે એવી ધીંગીધરાના મહાન વીર અડીખમ, ટેકધારી બલિદાન મૂર્ત સસમા ગૌ પ્રતિપાલ શરણાગત રક્ષક નોધારાના આધાર જાડેજા કુળના ઉદ્ધારક એવાં જાડેજા જખરાજી ઉર્ફે અબડા અડભંગ દાદાનો ૭૬૬મો જન્મોત્સવ નિમિત્તે તા. ૪-૩ના સવારે ૯ કલાકે પ્રતિમા પુજન, હારારોપણ અબડા દાદા સર્કલ સવારે ૧૦ કલાકે જાડેજા જયપાલસિંહ હકુમતસિહ જામ, જાડેજા કરણસિંહ રણજીતસિંહ રાજકોટના હસ્તે વીરપુજા શસ્ત્રપુજા શાસ્ત્રોક્ત વિધી સવારે ૧૧:૧૫ કલાકે દાદાના સ્થાનકે મોડ જાડેજા ભાયાત દ્વારા ધજા રોપણ કરવામાં આવશે. બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદ, ૪-૩ના રાત્રે ૧૦ કલાકે સંતોના આશીર્વચનો મહંત કલ્યાણદાસ બાપુ હિંગરીયા. મહંત હરિસંગજી દાદા ગુનેરી. મહંત પુરૂષોતમગીરી બાપુ પિંગલેશ્વર જાગીર, ભવ્ય સંતવાણી દેવરાજ ગઢવી નાનો ડેરો કચ્છ કોહીનુર. એચ વી સાઉન્ડ તથા સોનલ સ્ટુડિયોના સંગાથે યોજાશે. મુખ્ય મહેમાન તરીકે અબડાસા ધારાસભ્ય પ્રધ્યુમનસિંહ જાડેજા, તમામ રાજકીય અને સામાજિક આગેવાનો, કાર્યકારીઓ હાજરી આપશે. સ્વ. જાડેજા જુવાનસિહ હમીરજી પરિવાર, સ્વ. જામ નવઘણસિહજી પ્રાગજી પરિવાર, સ્વ. અબડા પાચુભા કાનજી પરિવાર, સ્વ. અબડા જખરાજી નારાણજી પરિવાર અબડા દાદાના પુજારી જંગમ શંકરદેરૂની યાદીમાં જણાવ્યું હતું.

# કચ્છમાં દીકરીઓને ગર્ભાશયના કેન્સર સામે સુરક્ષા કવચ આપવા નિ:શુલ્ક રસીકરણ અભિયાનનો પ્રારંભ





ભુજ - કચ્છઉદય : દેશભરમાં સ્ત્રીઓમાં વધતા જતા ગર્ભાશયના કેન્સરના જોખમને અટકાવવા માટે ભારત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ આરોગ્ય અભિયાન છેડવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગત ૨૮ ફેબ્રુઆરીના રોજ અજમેર ખાતેથી સમગ્ર દેશમાં હ્યુમન પેપિલોમા વાયરસ વેક્સિનનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું, જેના અનુસંધાને કચ્છ જિલ્લામાં પણ આ રસીકરણ ઝુંબેશનો પ્રારંભ થયો છે. ભુજ સ્થિત અર્બન હેલ્થ સેન્ટર-૩ ખાતે આયોજિત વિશેષ કેમ્પમાં મેડિકલ ઓફિસર ડો. વૈશાલીએ આ રસીના મહત્વ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

ડો. વૈશાલીએ જણાવ્યું હતું કે, ભારતમાં મહિલાઓમાં જોવા મળતા કેન્સરના પ્રકારોમાં સર્વાઈકલ કેન્સર બીજા ક્રમે છે, જે હ્યુમન પેપિલોમા વાયરસના કારણે થાય છે. આ ગંભીર બીમારીને નાથવા માટે ૧૪ થી ૧૫ વર્ષની વયની દીકરીઓને સુરક્ષિત કરવી અનિવાર્ય છે. અત્યાર સુધી આ રસી માત્ર ખાનગી હોસ્પિટલોમાં જ ઉપલબ્ધ હતી, જ્યાં તેનો એક ડોઝ અંદાજે ૪ થી ૫ હજાર રૂપિયા જેવી મોંઘી કિંમતે મળતો હતો. જોકે, હવે ભારત સરકાર દ્વારા આ વેક્સિન તમામ સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને શહેરી આરોગ્ય કેન્દ્રો પર તદ્દન નિ:શુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ભુજ નગરપાલિકાના પ્રમુખ રશ્મિબેન સોલંકી એ જણાવ્યું હતું કે, આ અભિયાન આગામી ત્રણ મહિના સુધી કાર્યરત રહેશે. આરોગ્ય વિભાગ દ્વારા જનતાને અપીલ કરવામાં આવી છે કે, ૧૪ થી ૧૫ વર્ષની તમામ દીકરીઓ નજીકના આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ આ રસી અચૂક મુકાવે. દીકરીઓના ઉજ્જવળ અને સ્વાસ્થ્યપ્રદ ભવિષ્ય માટે આ વેક્સિન એક સુરક્ષા કવચ સાબિત થશે, જે ભવિષ્યમાં ગર્ભાશયના કેન્સર જેવી જીવલેણ બીમારી સામે લડવામાં મદદરૂપ બનશે. આ પ્રસંગે મનુભા જાડેજા, જયંત ઠક્કર, મનિષાબેન સોલંકી, સાવિત્રીબેન જાટ, ભાવિનીબેન સોલંકી, વૈશાલી ડાભી, મંજૂબેન મેરીયા વગેરે હાજર રહ્યા હતા.

## ખાવડા મુરલી મનોહર મંદિર ભજનની રમઝટ



ખાવડામાં ૧૦૦ વર્ષ જુના પ્રાચીન મુરલી મનોહર મંદિરે આરાધીવાણી, ભજનનો કાર્યક્રમ યોજાયો હતો. ભક્તો માટે પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. દાતા તરીકે નરેન્દ્રભાઈ ગોવિંદ સોના રહ્યા હતા. આ વેળાએ મોહનભાઈ, સંદિપભાઈ, રોનકભાઈ, ઉમંગ સોનાગેલા, વિપુલ તન્ના, પૂજારી જીજ્ઞેશ મારાજ સહિતે સહયોગ આપયો હતો.

# સુખપરની શાળામાં કરાઈ હોળીની ઉજવણી

ભુજ - કચ્છઉદય : વિદ્યાભારતી સંલગ્ન શ્રી શ્યામ સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર સુખપરની શાળામાં હોળીની ઉજવણી કરાઈ હતી. પ્રથમ હોળીની ઉજવણી પાછળની પૌરાણિક કથાની લઘુ ફિલ્મ દેખાડીને માહિતી આપવામાં આવી હતી. મેદાનમાં ગાયના ગોબરની હોળી ગોઠવી બાળકો દ્વારા પૂજન કરીને પરંપરાગત રીતે પ્રગટાવવામાં આવી હતી. સૌ વિદ્યાર્થીઓએ ભક્તિ ભાવથી પરિક્રમા કરી અને સત્ય પર અસત્યની જીતનું પ્રતીક મનાતી આ પરંપરાને ઉજાગર કરી હતી. સાથે- સાથે ધુળેટી નિમિત્તે વિદ્યાર્થીઓએ એકબીજાને રંગ લગાવી શુભેચ્છાઓ આપી હતી. સમગ્ર ઉત્સવમાં આચાર્ય પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.





# EMIમાં સ્થગિત કસ્ટમ્સ ડ્યૂટીની ચુકવણી કરી શકાશે

નવી દિલ્હી : સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ વિભાગે રવિવારે જાહેરાત કરી કે હતી કે લાયક ધોરણો ધરાવતા ઉત્પાદકો અને યોગ્ય આયાતકારો માટેની ઈએમઆઈ યોજના ૧ એપ્રિલથી અમલમાં આવશે. આ યોજના હેઠળ અંતર્ગત લાયક ધોરણો ધરાવતા આયાતકારો આયાત કરેલા માલને ક્લીયરન્સ સમયે કસ્ટમ્સ ડ્યૂટી ચૂકવ્યા વગર છોડાવી શકશે. નાણાં મંત્રાલયે બહાર પાડેલાં નિવેદન મુજબ, કસ્ટમ્સ અને જીએસટીના નિયમોનું પાલન, ટર્નઓવર, આર્થિક સ્થિતિ અને અગાઉનો રેકોર્ડ જેવા નિર્ધારિત ધારા-ધોરણો અને શરતોનું પૂર્ણ રીતે પાલન કરનારને પેમેન્ટ મુલતવી રાખવાની સુવિધા મળશે. મંત્રાલયે જણાવ્યું કે "આ સુધારાથી વ્યવસાય કરવાની સરળતામાં એટલે કે ઇઝ ઓફ ડુઈંગ બીઝનેસમાં નોંધપાત્ર વધારો થશે, નિયમોનું યોગ્ય પાલન થશે અને દેશના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રને વેગ મળશે.

# અમેરિકાની CIAની મહિનાઓથી ખામેનેઈની હિલચાલ પર નજર હતી

તેલ અવીવ : અમેરિકાની કેન્દ્રીય ગુપ્તચર એજન્સી સીઆઈએ ઘણા મહિનાઓથી અયાતુલ્લા ખામેનેઈની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી. આ સમયમાં સીઆઈએ એ ખામેનેઈની દિનચર્યાની પેટર્ન સમજી લીધી હતી. સીઆઈએને જાણવા મળ્યું કે શનિવારની સવારે તેહરાનના મહત્વપૂર્ણ સંકુલમાં ઈરાનના ટોચના અધિકારીઓની બેઠક યોજાવાની છે અને તેમાં ખામેનેઈ પોતે હાજર રહેવાના હતા. આ ઈનપુટ સીઆઈએ દ્વારા ઈઝરાયેલને આપવામાં આવ્યો હતો. સીઆઈએની નજરમાં આ માહિતી 'સંપૂર્ણપણે સચોટ' હતી. મૂળ યોજના મુજબ, અમેરિકા અને ઈઝરાયેલ રાતના અંધારામાં હુમલો કરવાના હતા, પરંતુ જેવી સીઆઈએને 'સંપૂર્ણપણે સચોટ' બેઠકની માહિતી મળી, બંને દેશોએ સમય બદલવાનો નિર્ણય લીધો. ઈરાનના રાષ્ટ્રપતિ કાર્યાલય, સર્વોચ્ચ નેતાની ઓફિસ અને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ, ત્રણેય એક જ સંકુલમાં છે. તેથી હુમલાનો સમય બદલીને શનિવાર સવારનો કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલમાં સવારે લગભગ ૬ વાગ્યે લડાયક વિમાનોએ પોતાના મથકો પરથી ઉડાન ભરી હતી. હુમલામાં વિમાનોની સંખ્યા પ્રમાણમાં ઓછી હતી, પરંતુ તેઓ લાંબા અંતરની અને અત્યંત સચોટ મિસાઈલોથી સજ્જ હતા. વિમાનોના ઉડાન ભર્યાના બરાબર બે કલાક ને પાંચ મિનિટ પછી, તેહરાનના સમય મુજબ સવારે લગભગ ૯:૪૦ વાગ્યે, મિસાઈલો તે અત્યંત સુરક્ષિત સરકારી સંકુલ પર ત્રાટકી હતી. ઈઝરાયેલી સંરક્ષણ અધિકારીએ પાછળથી જણાવ્યું કે ઈરાને યુદ્ધની તૈયારી કરી રાખી હતી, તેમ છતાં ઈઝરાયેલ આ હુમલામાં 'ટેક્ટિકલ સરપ્રાઈઝ' મેળવવામાં સફળ રહ્યું. એક ઈમારતમાં ઈરાનના ટોચના રાષ્ટ્રીય સુરક્ષા અધિકારીઓ બેઠા હતા, જ્યારે ખામેનેઈ તે જ સંકુલની એક અલગ પણ નજીકની ઈમારતમાં હતા. અમેરિકન મીડિયાના રિપોર્ટ અનુસાર, ખામેનેઈના ઠેકાણાની ઓળખ થતા જ ઈઝરાયેલી યુદ્ધ વિમાનોએ તે સંકુલ પર ૩૦ બોમ્બ ફેંક્યા હતા. ગત વર્ષના ૧૨ દિવસના યુદ્ધમાંથી અમેરિકાએ જાણી લીધું કે દબાણની સ્થિતિમાં ખામેનેઈ અને આઈઆરજીસી કેવી રીતે સંવાદ સાધે છે અને કેવી રીતે હિલચાલ કરે છે. તેનો ઉપયોગ કરીને અમેરિકાએ ખામેનેઈની ગતિવિધિઓની દેખરેખ અને તેમના આગામી પગલાનું અનુમાન લગાવવાની ક્ષમતાને વધુ ધારદાર બનાવી. એટલે જ જૂન મહિનામાં પણ આ નેટવર્કના આધારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકા જાણે છે કે ખામેનેઈ ક્યાં છુપાયેલા છે. ત્યારથી આ માહિતી વધુ સચોટ બનતી ગઈ હતી. ઈરાનના ટોચના નેતાઓએ પોતાની જાતને બચાવવા માટે પૂરતી સાવચેતી નહોતી રાખી, જ્યારે ઈઝરાયેલ અને અમેરિકા બંનેએ અગાઉથી સ્પષ્ટ સંકેતો આપી દીધા હતા કે તેઓ યુદ્ધની તૈયારી કરી રહ્યા છે. આવા નાજુક સમયે આટલા વરિષ્ઠ અધિકારીઓનું એક જ જગ્યાએ એકત્ર થવું અને ખામેનેઈનું તે જ સંકુલમાં હાજર રહેવું એક ઘાતક વ્યૂહાત્મક ભૂલ સાબિત થઈ. મૂળ યોજના એવી હતી કે ખામેનેઈ શનિવારની સાંજે તેહરાનમાં આ બેઠક કરશે, પરંતુ ઈઝરાયેલી ગુપ્તચર એજન્સી મોસાદે પણ અંદાજો લગાવી લીધો કે બેઠકનો સમય બદલીને શનિવાર સવારનો કરી દેવામાં આવ્યો છે. આ એક માહિતી પૂરતી હતી. હુમલાનો આખો સમય આગળ લંબાવી દેવામાં આવ્યો અને તેહરાનને તે ફેરફારની જાણ પણ ન થઈ. ખામેનેઈએ કદાચ વિચાર્યું હશે કે સમય બદલવાથી તેઓ સુરક્ષિત રહેશે, પરંતુ એવું થયું નહીં.

# પંજાબમાં ધર્માંતરણ રોકવા સરકાર અને જનતા આગળ આવે: અમિત શાહની અપીલ

(એજન્સી દ્વારા)

નવી મુંબઈ: પંજાબમાં ધાર્મિક પરિવર્તન થઈ રહ્યું છે અને ભગવંત માન સરકાર અને સામાન્ય લોકોને "લોભ" દ્વારા પ્રેરિત આ પ્રથા બંધ કરવા માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે અપીલ કરી હતી. તેમણે નવી મુંબઈના ખારઘરમાં ગુરુ તેગ બહાદુરની ૩૫૦મી શહીદ જયંતી નિમિત્તે 'હિંદ-દી-ચાદર' સ્મૃતિ કાર્યક્રમને સંબોધિત કરતી વખતે ગુરુ તેગ બહાદુરના બલિદાનને યાદ કર્યું.

તેમણે કહ્યું કે એવું કહેવામાં આવે છે કે પંજાબમાં ધર્મ પરિવર્તન થઈ રહ્યું છે. ગુરુ તેગ બહાદુરે બીજાના ધર્મોને બચાવવા માટે પોતાનું બલિદાન આપ્યું. તેઓએ અત્યાચારોનો સામનો કર્યો, પરંતુ આપણે કોઈ લોભને કારણે ધર્મ પરિવર્તન કરવાનું પસંદ કરીએ, તો આપણે આપણા મહાન ગુરુઓના અનુયાયી કેવી રીતે કહેવાઈએ? તેમણે ઉમેર્યું કે, પંજાબ સરકાર, સમાજ અને તમામ ધર્મોના લોકોએ ત્યાં થઈ રહેલા ધાર્મિક ધર્મ પરિવર્તન બંધ કરાવવા જોઈએ.

શાહે કહ્યું કે, ગુરુ તેગ બહાદુરે કહ્યું હતું કે જો ઔરંગઝેબ મને ધર્માંતરિત કરી શકે, તો બધા લોકો ધર્મ પરિવર્તન કરશે. ઔરંગઝેબે પડકાર સ્વીકારીને અમાનુષી અત્યાચાર ગુજાર્યા અને ગુરુ તેગ બહાદુરના સાથીઓની હત્યા કરી, પરંતુ ગુરુ ક્યારેય પાછળ હટ્યા નહીં. અંતે, ગુરુ તેગ બહાદુરે પોતાનું બલિદાન આપ્યું. તેમના બલિદાનથી લોકોને ઔરંગઝેબ સામે લડવાની પ્રેરણા મળી.

જો ગુરુ તેગ બહાદુરે હિન્દુ ધર્મને બચાવવા માટે પોતાનું બલિદાન ન આપ્યું હોત, તો "દુનિયામાં એક પણ હિન્દુ બચ્યો ન હોત", એમ શાહે કહ્યું. તેમણે નોંધ્યું કે કેટલાક લોકોએ અગાઉ આ નિવેદન સામે વાંધો ઉઠાવ્યો હતો પરંતુ આગ્રહ કર્યો હતો કે "દરેક વ્યક્તિએ આ સત્ય સ્વીકારવું જોઈએ".

તેમણે દાવો કર્યો કે જ્યારે જમ્મુ અને કાશ્મીરમાં અત્યાચારો કરવામાં આવતા હતા, ત્યારે કાશ્મીરી પંડિતો ગુરુ પાસેથી રક્ષણ માંગતા હતા અને આજે પણ તેમને આદર આપે છે.

## લાલન કોલેજ ખાતે યોજાશે પ્લેસમેન્ટ ફેર

ભુજ - કચ્છઉદય : ૬ માર્ચના ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી અને શિક્ષણ વિભાગના નેજા હેઠળ દર વર્ષની જેમ ઝોન-૬ કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિધાર્થી માટેનો પ્લેસમેન્ટ કેમ્પ આર.આર. લાલન કૉલેજ ખાતે કરવામાં આવશે. જેમાં જિલ્લાની ઉચ્ચ શિક્ષણ અને ટેકનિકલ શિક્ષણની ૧૪ સરકારી અને ગ્રાન્ટેડ કોલેજના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા ૩૪૦૦ વિધાર્થીઓનું રજીસ્ટ્રેશન થયેલ છે. પ્લેસમેન્ટ કેમ્પમાં ગુજરાત અને કચ્છની નામાંકિત ૨૫ જેટલી કંપનીઓએ રજીટ્રેશન કરાવેલ છે. ૧૮૦૦ જેટલી જગ્યાઓ દર્શાવવામાં આવી છે. વિધાર્થીઓ પોતાનું સ્પોર્ટ રજીટ્રેશન કરાવી શકશે. ઉપરાંત જે તે કંપનીઓ પણ પોતાનું સ્પોર્ટ રજીસ્ટ્રેશન કરાવી આ પ્લેસમેન્ટ કેમ્પમાં ઉપસ્થિત રહી શકશે કેમ્પનો સમય સવારે ૯થી ૪ સુધીનો રહેશે.

# ઈરાનમાં ૨૦૦૦ કાશ્મીરી સહિત ૩૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ ફસાયા

નવી દિલ્હી : યુએસ-ઈઝરાયેલની સંયુક્ત સેનાએ શરૂ કરેલા હુમલામાં ઈરાનની હાલત કફોડી થઈ છે. સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ ખામેનેઇના મોત બાદ ઈરાનમાં અરાજકતા અને અજંપાનો માહોલ છે. ઈરાનમાં ચારે તરફ બોમ્બ ધડાકાના અવાજ સંભળાઈ રહ્યા છે ત્યારે ૩૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ અને પરિવારજનોના જીવ તાળવે ચોંટી ગયા છે. યુદ્ધગ્રસ્ત ઈરાનમાં ફસાયેલા વિદ્યાર્થીઓમાંથી ૨૦૦૦ કાશ્મીરના છે. ભારત સહિત અનેક દેશોએ ઈરાન, યુએઈ, ઈઝરાયેલ સહિતના અખાતી દેશોમાં વસતા પોતાના નાગરિકોને સાવચેતી રાખવા જણાવ્યું છે અને આ દેશોમાં હવાઈ સેવા સંપૂર્ણ ઠપ છે. ઈરાનમાં ફસાયેલા વિદ્યાર્થીઓમાંથી ૧૧૦૦-૧૨૦૦ જેટલા સૌથી વધુ પ્રભાવિત વિસ્તારમાં છે. જમ્મુ-કાશ્મીર વિદ્યાર્થી સંગઠનના નેશનલ કન્વીનર નાસિર ખુએહામીએ કહ્યું હતું કે, વિદ્યાર્થીઓને તાત્કાલિક ઉગારવા માટે વડાપ્રધાનને રજૂઆત કરવામાં આવી છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, હજારો ભારતીય વિદ્યાર્થીઓ અને નાગરિકો વર્ષોથી ઈરાનાં વસવાટ કરે છે. આ તમામ લોકો અને તેમના પરિવારજનો ચિંતામાં છે. ખાસ કરીને કાશ્મીર ખીણના લોકો અત્યંત ગભરાયેલા છે. કાશ્મીર ખીણના વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ છે. ફસાયેલા ૩૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓમાંથી ૨,૦૦૦ કાશ્મીરી છે. ૧૧૦૦-૧૨૦૦ વિદ્યાર્થી હજુ ત્યાં છે અને ઝડપથી બચાવી લેવા તેઓ માગણી કરે છે. તેમના માટે એવેક્યુશન ઓપરેશન તાત્કાલીક હાથ ધરવા વડાપ્રધાન મોદીને રજૂઆત કરી છે. ફસાયેલા વિદ્યાર્થીઓને ઉગારવા માટે રાજદ્વારી તથા અન્ય સ્તરે પ્રયાસો હાથ ધરવા માટે સરકાર સમક્ષ માગણી કરાઈ છે ત્યારે વિદેશ મંત્રાયલે ફસાયેલા વિદ્યાર્થીઓને બહાર નહીં નીકળવા અને સલામત સ્થળે ખસી જવા જણાવ્યું છે. ઈરાનમાં વસતી ભારતીય વિદ્યાર્થિની આયેશાએ કહ્યું હતું કે, દર ૧૫ મિનિટે બોમ્બ ધડાકા સંભળાય છે. એમ્બેસીએ ઈરાન છોડવા એડવાઈઝરી જારી કરી હતી, પરંતુ યુનિવર્સિટીએ સહકાર આપ્યો હતો.

# હાઈવે પરથી ઝડપાયેલ કોલસો અવ્યો કયાંથી? આટલી માત્ર તટસ્થ તપાસ થાય..!

# – તો કંડલા પોર્ટ પર વિદેશી કોલસાના કાળા– કારોબારના નેટવર્કનો થાય મોટો ભાંડાફોળ

**કંડલા પોર્ટમાંથી હલકી ગુણવતાના બદલે હાઈકવોલિટીનો કોલસો લઈને જતી ટ્રક પૂર્વ કચ્છ એલસીબીએ પકડતી વેળાએ સુચક લાલબત્તી : હવે તો અમુક ઈમ્પોર્ટસને જ મધ વાળી લાળ ચટાઈ ગયાની ચર્ચા.! : અમુક આયાતકાર અને ઠેકેદાર પાર્ટીની જ ગાલમેલની ફેલાઈ રહી છે ગંધ**

**વિદેશથી ઈન્ડોનેશીયા, આફ્રીકા, તાન્જાનીયા, યુએસએથી કોલસો મોટા પ્રમાણમાં આવે છે, યુએસ કોલ ભઠ્ઠામાં સૌથી પ્રથમ ડીમાન્ડમાં છે, તેના ભાવ છે ખુબ ઉંચા, યુએસથી આવેલા કોલસામાં રાત્રીના સમયે કોઈ ૧૦૦૦ ટન માલ કાઢી અને તેમાં તાન્જાનીયાથી આવેલો સસ્તો માલ ભેળવી જાય તો કયાં કોઈને ખબર પડવાની જ હતી? : આયાતકારના અમુક કોલસાચોર આજુબાજુમાં પડેલ બીજીકંપનીનો માલ પણ ઉઠાવી લે છે. કોને ખબર.પડવાની જ હતી.! માત્ર એક ચોકીદારને જ તો ફોડવાનો રહે..!**

ગાંધીધામ : પૂર્વ કચ્છ એલસીબી દ્વારા તાજેતરમાં જ કંડલાથી સામખીયાળી હાઈવે પરથી ઉચ્ચ ગુણવત્તા યુકત કોલસો આધાર-પુરાવા વિનાનો ઝડપી પાડયો છે. આવા સમયે જાણકારો દ્વારા સીધો જ સવાલ કરવામા આવી રહ્યો છે કે, ઝડપાયેલો કોલસો આવતો કયાંથી હતો? આ દીશામાં જો તટસ્થતાથી તપાસ ઝડપથી હાથ ધરવામાં આવશે તો કંડલા પોર્ટમાં જ વકરેલા વિદેશી કોલસાના કાળા કારોબારના એક મોટા નેટવર્કનો ભાંડાફોડ થવા પામી શકે છે તેવી આશંકા દર્શાવાઈ રહી છે.

દેશના મહાબંદર પૈકીના કંડલા-મુંદરા-તુણા જેવા બંદરો કચ્છમાં કાર્યરત છે. આ બંદરો પર ખાસ કરીને તુણા-કંડલામાં વિદેશથી કોલસાની મોટા પ્રમાણમાં આયત કરવામા આવી રહી છે. આ વિદેશી કોલસાનો જથ્થો એન્ડ યુઝર્સ સુધી પહોચે તે પહેલા જ તેમાં ગાલમેલ કરી અને ઉચ્ચ ગુણવત્તાવાળા કોલસામાં હલકી ગુણવત્તાનો કોલસો ભેળસેળ કરી દેવો અથવા તો તદન નકામી કાળી ભુક્કી જ ભરી દેવામાં આવતી હોવાની ફરીયાદો લાંબા સમયથી સામે આવતી રહેતી હતી. કચ્છથી આ કોલસો નીકળ્યા બાદ ઠેર ઠેર માલ હેરફેરનાઅગાઉ વાડાઅ ધમધમતા હતા જેના પર તો કાર્યવાહી પણ કરવામં આવી રહી હતી અને તેથી જ કદાચ હવે કોલસા ચોરોએ કંડલામાં આ કાળા કારોબારને ધમધમાવવા માટે નવો કારસો રચી અને એક નવુ નેટવર્ક કોલસાચોરીનું ઉભુ કરી લીધુ હોવાની વાત ચર્ચાય છે અને તેમાં મરો થઈ રહ્યો છે કોલસાનું પરીવહન કરનારા નિદોર્ષ ટ્રાન્સપોર્ટરોને કે જેઓને આ કૌભાંડથી કોઈ જ લેવા દેવા પણ ન હોય..!વાત કરીએ ઘટનાની પ્રથમ તો કંડલા પોર્ટમાંથીહાઈ ક્વોલિટીનો કોલસો ભરી ટ્રક નંબર આરજે ૦૭ જીઈ ૬૩૫૩ કંડલાથી સામખિયાળી જતી હોવાની બાતમીના આધારે એલસીબીની ટીમે ભચાઉ - સામખિયાળી હાઈવે પર ભચાઉ નજીક ઈન્ડિયન ઓઈલના પંપ પાસે ટ્રકને ઉભી રખાવાઈ હતી. આ ટ્રકમાં ૪૧.૪૧૦ મેટ્રીક ટન ઈમ્પોટેડ કોલસો રાખેલો હતો. જેની કિંમત ૪,૮૮,૬૩૮ આંકવામાં આવી છે. આ સાથે રાજસ્થાનના બે શખ્સોની અટક કરી લેવાઈ છે. પ્રાથમિક તબક્કે ચોરી કે છળકપટથી આ મુદામાલ મેળવેલ હોવાનું જણાઈ આવતા ભચાઉ પોલીસને આગળની તપાસ સોપવામાં આવી છે ત્યારે હવે જાણકારો કહે છે કે, ઉચ્ચ ગુણવત્તાનો આધાર પુરાવા વિનાનો વિદેશી કોલસાનો જથ્થો કયાંથી આવતો હતો? જો ડીપીએ કંડલા પોર્ટથી તેને કાઢવામા આવ્યો હોય તો આધાર પુરાવા વિના તે કેવી રીતે હાઈવે સુધી પહોચી ગયો? ડીપીએ-કંડલા પોર્ટ પર કોલસાની હેરફેર પર તટસ્થ મોનીટરીંગ રહી શકે તેવી કોઈ જ વ્યવસ્થાઓ નથી? જો એ વ્યવસ્થાઓ છે તો તેમને બાયપાસ કરીને આ ટ્રક હાઈવે પર કેમ દોડતી હતી? અનેકવિધ સવાલો સાથે જાણકાર વર્ગ કહે છે કે, ડીપીએ-કંડલા પોર્ટ વિસ્તારમાં જ હવે કોલસાના કાળાકારોબારીઓનું એક મોટું નેટવર્ક તેરી ભી ચુપ મેરી ભી ચુપના તાલે ધમધમી રહ્યુ છે. વિદેશથી આવતા કોલસાની ગુણવત્તામાં હેરફેર કરીને વાડાઓ બનાવીને મોટા પ્રમાણમાં ઉથલપાથલ કરવામાં આવતી હોવાના કારસ્તાનો તો અગાઉ બહુ જ સામે આવ્યાં, પરંતુ હવે તો તેરી ભી ચુપ મેરી ભી ચુપના તાલે પોર્ટ વિસ્તારમાં જ અંદર માલની ગુણવત્તામાં ફેરફારો કરનારી કોલસા ચોર ટોળકીનું નેટવર્ક મોટું બની ગયું હોવાની ચર્ચાય છે. આયાતકાર, તેની ઓથોરાઈઝડ લોડીંગ-અનલોડીંગ કરનાર એજન્સી, સીએચએ ઉપરાંત કોણ આ કોલસાના વિદેશ માલની કરે છે ચકાસણીઓ? કોઈ જ નહીં? તો પછી તો ખેડે એનું ખેતર જ બની ગયું કહેવાય ને...!

## પોર્ટ પ્રશાસન કડક બને, તો નિદોર્ષ ટ્રાન્સપોર્ટરોને પણ થાય મોટી રાહત

ગાંધીધામ : કરે કોઈક અને ભરે કોઈકનો તાલ હવે ગાંધીધામ વિસ્તારમાં કાર્યરત કોલસાના ટ્રાન્સપોર્ટરોને પણ થવા પામી રહ્યો છે. કોલસાની જે રીતે મિક્ષીંગ પોર્ટ એરીયામાં થતી હોવાની ચર્ચા આવી રહી છે, અને ત્યાથી જ હેરફેર કરી વાહનો બહાર નીકળે અને તે જયારે ગંતવ્ય સ્થળે પહોચે અને ખરીદનાર વેપારી તેની ચકાસણીઓ કરે ત્યારે માલમાં ઘટ્ટ આવે એટલે ઘર્ષણ ટ્રાન્સપોર્ટર સાથે જ કરવામા આવતુ હોય છે. ટ્રાન્સપોર્ટરે માલ વચ્ચે રસ્તામાં કાઢી લીધો તેમ કહી અને જે ઘટ્ટ આવે તેની ભરપાઈ પણ ટ્રાન્સપોર્ટરથી જ કરવામા આવી રહી છે. જયારે કે , હકીકતમાં પોર્ટ એરીયામાં જ પડેલા આ કોલસાના માલમાં હેરફેર-ગુણવત્તા બદલાવી નાખવામાં આવી રહ્યો હોવાનું ચર્ચાય છે. આવામાં ટ્રાન્સપોર્ટરો માટે ત કરે કોઈક અને ભરે કોઈનો જ તાલ થવા પામી રહ્યો છે. જો પોર્ટ પ્રશાસન કડક થાય, હકીકતથમાં પોર્ટ એરીયામાં જ કોલસા કૌભાંડ ચાલતુ હોય તો તેને ડામવા માટે કડકાઈ દાખવે તો નિદોર્ષ ટ્રાન્સપોર્ટરો કે જેમને ખોટા આર્થિક ફટકા પડી રહ્યા છે તેઓને પણ રાહત થવા પામી શકે છે.

## યુએસ કોલમાં તાન્જાનીયા કોલ ભેળવી દે? કોને પડશે ખબર?

ગાંધીધામ : કંડલામાં વિદેશથી કોલસો અલગ અલગ દેશોમા જુદી જુદી ગુણવત્તાનો આવે છે. આફ્રીકાથી આવે, ઈન્ડોનેશીયાથી આવે, તાન્જાનીયાથી આવે, અને યુએસથી પણ આવે છે. યુએસથી જે કોલસો આવે છે તેની ડીમાન્ડ ભઠ્ઠાવાળાઓમા વધારો હોવાથી તેનો ભાવ ઉંચો હોય છે. જયારે અન્યનો પ્રમાણમાં તેનાથી અડધો ભાવ હોય છે. હવે કોલસો જયારે પોર્ટ પર ઠલવાયા છે ત્યારે આયાત કરનારાઓ દ્વારા પોતાની જ લોડીગ અનલોડીગ કરનાર ઠેકેદાર પાર્ટી નીમેલી છે અને પોતાનો સીએચએ રાખેલો છે. આ નેટવર્કવાળાઓ જયા યુએસ કોલ આવ્યો છે અને પ્લોટમાં પડયો છે તેમાથી સારો માલ ઉપાડી અને તાન્જાનીયાનો હલકો માલ પોર્ટમાં અને પોર્ટમાં જ ભેળવી દેશે તો કોને ખબર પડશે?

## કચ્છના ડેમોની સલામતી પર જોખમ : મંજલ-રેલડીયા ડેમમાં ગંભીર ખામીઓ જણાતા તંત્ર હરકતમાં

**રાજ્યના બંધ સલામતી સંગઠનના રિપોર્ટમાં કચ્છ સહિત ગુજરાતના ૧૦ ડેમોની સ્થિતિ ચિંતાજનક હોવાનો ખુલાસો : ચોમાસા પૂર્વે મંજલ-રેલડીયા ડેમનું સમારકામ પૂર્ણ કરવા સરકારનો લક્ષ્યાંક**

ભુજ - કચ્છઉદય : કચ્છના જળસ્રોતો અને ડેમોની સલામતી હંમેશા જિલ્લાના નાગરિકો માટે સંવેદનશીલ વિષય રહ્યો છે, ત્યારે ગુજરાત રાજ્ય બંધ સલામતી સંગઠન દ્વારા વિધાનસભામાં રજૂ કરાયેલા તાજેતરના અહેવાલે કચ્છના વહીવટી તંત્ર અને લોકોની ચિંતામાં વધારો કર્યો છે. કેન્દ્ર સરકારની સૂચના મુજબ રાજ્યના ૫૨૪ ડેમોની તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં કચ્છ જિલ્લાના મંજલ-રેલડીયા ડેમ સહિત રાજ્યના ૧૦ ડેમોમાં ગંભીર ખામીઓ હોવાનું સત્તાવાર રીતે બહાર આવ્યું છે.

કચ્છની ભૌગોલિક સ્થિતિ અને ચોમાસાના અનિશ્ચિત પ્રવાહ વચ્ચે ડેમોની મજબૂતી અત્યંત અનિવાર્ય છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, મંજલ-રેલડીયા ડેમ સહિત જુદા જુદા ડેમમાં રિટેનિંગ વોલ ધોવાઈ જવી, દિવાલોમાં તિરાડો પડવી અને લિકેજ જેવી સુરક્ષાને સ્પર્શતી મહત્વની ક્ષતિઓ નોંધાઈ છે. ભૂસ્ખલનના કારણે ડેમની સંરક્ષણ દિવાલોને પણ નુકસાન પહોંચ્યું હોવાનું તપાસમાં ખુલ્યું છે. આ અહેવાલ બાદ સરકારે કચ્છના આ મહત્વના જળાશયની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આગામી ચોમાસામાં જળસંગ્રહ સમયે કોઈ દુર્ઘટના ન સર્જાય તે હેતુથી યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવા સૂચના આપી છે.

ઉલ્લેખનીય છે કે, મોરબીના મચ્છુ-૨ અને ડેમી-૩ જેવા પડોશી જિલ્લાના ડેમોની સાથે કચ્છના મંજલ-રેલડીયા ડેમનું નામ પણ આ ગંભીર યાદીમાં સામેલ થતા સ્થાનિક સ્તરે ફફડાટ વ્યાપ્યો છે. હાલમાં સરકાર દ્વારા આગામી ચોમાસું બેસે તે પૂર્વે જ તમામ મરામત કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેથી કચ્છના ખેડૂતો અને રહિવાશો નિર્ભય બની શકે.

**ઝોન ડીસીશ્રી પાટીલ-કસ્ટમ ડીસીશ્રી જૈનની લાલઆંખ**

## આધોઈ સોપારી કાંડ : કાસેઝમાં કસ્ટમના અમુક તત્વોને કરાયા સાઈડલાઈન : ફ..ફ..ડાટ.!

**સુરક્ષા વ્યવસ્થામાં કચાશ રાખનારા સામે કડક કાર્યવાહીનો દોર શરૂ: અમુક શંકાસ્પદ તત્વોને તાલીમમાં ધકેલાયા, પ્રમાણિક કર્મચારીઓનું મનોબળ વધ્યું : દોઢ કરોડની સોપારી આધોઈ પાસે પોલીસે પકડી પાડયા બાદ ઝોનમાં સુરક્ષા વ્યવસ્થાઓને લઈને જરા સહેજ પણ કચાશ નહી ચલાવી લેવાનો કડક સંદેશ થયો વહેતો : ભ્રષ્ટાચારીઓને દુર કરાતા ટ્રેડમાં પણ થઈ આશંકી રાહત**

**પોલીસ તો હજી ફીફા ખાંડે છે અને કસ્ટમે તો લાલઆંખ કરીને જવાબદારોને ધોળા દિવસે તારા દેખાડી દીધા...!**

ગાંધીધામ : કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (KASEZ) માં તાજેતરમાં ગાજેલા 'આધોઈ સોપારી કાંડ' બાદ વહીવટી તંત્ર પણ બરાબરનું સચેત નવા પામ્યુ છે. કાસેજના ઈન્ચાર્જ ડીસીશ્રી આ બાબતે કડકાઈથી કાર્યવાહી કરવાના મુડમાં હોય તેમ હલચલ જોવા મળી રહી છે. આ મામલે ચર્ચાતી વિગતો અનુસાર દોઢ કરોડની કિંમતની સોપારી આધોઈ પાસે પોલીસે ઝડપી પાડ્યા બાદ ઝોનની આંતરિક સુરક્ષા અને કસ્ટમ વિભાગની કામગીરી પર અનેક સવાલો ઉઠ્યા હતા. આ ઘટનાને ગંભીરતાથી લઈને ઝોન ડીસી શ્રી પાટીલ અને કસ્ટમ ડીસી શ્રી જૈને કડક વલણ અપનાવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ઝોનમાં ફરજ બજાવતા અને શંકાના દાયરામાં આવતા અમુક તત્વોને તાત્કાલિક અસરથી સાઈડલાઈન કરી દેવામાં આવ્યા છે, જયારે કેટલાકને ઝોનથી દૂર તાલીમ અર્થે મોકલી દઈ ક્લીનઅપ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હોવાનો વર્તારો જોવાઈ રહ્યો છે.

એકતરફ ઝોન ડીસીશ્રીએ સાફસફાઈ શરૂ કરી દીધી છે તો બીજીતરફ આધોઈ સોપારી કાંડમાં જે ઉચ્ચ અધિકારીઓની વિજિલન્સ કમિટી બની છે તેના પર કડક પડઘા અમુક ભ્રષ્ટ તત્વોમાં પડી રહ્યા હોવાનું ચર્ચાય છે. ઝોન DC દ્વારા આ સોપારી કાંડના મૂળ સુધી પહોંચવા માટે એક ખાસ તપાસ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીના અમદાવાદ સ્થિત ઉચ્ચ અધિકારીએ છેલ્લા કેટલાક દિવસોથી ઝોનમાં પડાવ નાખ્યો છે. તપાસનો ધમધમાટ એટલો તેજ છે કે શંકાસ્પદ યુનિટોના છેલ્લા ૪ થી ૬ મહિનાના તમામ 'કાચા-ચિઠ્ઠા' અને આયાત-નિકાસના રેકોર્ડ્સ ખંગાળવામાં આવી રહ્યા છે. અનેક કર્મચારીઓ અને સંબંધિત વ્યક્તિઓના નિવેદનો નોંધવાની પ્રક્રિયા શરૂ થતા ભ્રષ્ટ તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.આ તપાસના અંતે કેવા મોટા માથાઓના નામ બહાર આવે છે અને વહીવટી તંત્ર ભવિષ્યમાં આવી ઘટનાઓ રોકવા માટે કેવા નક્કર પગલાં ભરે છે, તેના પર સૌની મીટ મંડાયેલી છે. હાલ તો, ભ્રષ્ટાચારીઓને સાઈડલાઈન કરાતા પ્રમાણિક વેપારીઓ અને અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.


શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ દ્વારા

સ્વસ્થ મુન્દ્રા તંદુરસ્ત મુન્દ્રાના સંકલ્પ સાથે

મુન્દ્રા તાલુકાના ગામોમાં આર્મી, અર્ધલશ્કરી દળ,

પોલીસની તૈયારી કરી રહેલા યુવાનો તેમજ ક્રિકેટ ખેલાડીઓ માટે

રનિંગ મીટર માર્કિંગ ટ્રેક તથા ક્રિકેટ ગ્રાઉન્ડનું નિર્માણ

માનનીય વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીજી** ના 'Fit India' ના વિઝનને સાકાર કરવા **શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ** દ્વારા સ્વસ્થ મુન્દ્રા તંદુરસ્ત મુન્દ્રાના સંકલ્પ સાથે મુન્દ્રા તાલુકાના ગામોમાં આર્મી, અર્ધલશ્કરી દળ અને પોલીસની તૈયારી કરી રહેલા યુવાનોને તેમજ ક્રિકેટ ખેલાડીઓ માટે **રનિંગ મીટર માર્કિંગ ટ્રેક તથા ક્રિકેટ ગ્રાઉન્ડનું નિર્માણ** કરવાના શુભઆશયથી આ કાર્યનો અમે પ્રારંભ કરવા જઈ રહ્યા છીએ. ત્યારે મુન્દ્રા તાલુકાના ગામો પણ પોતાના ગામમાં યુવાધનના કૌશલ્ય માટે ગ્રાઉન્ડના નિર્માણ અર્થે સંપર્ક કરી આ અભિયાનમાં જોડાય.

**ક્રિકેટ ગ્રાઉન્ડ/રનિંગ ટ્રેક નિર્માણ કાર્ય**

- પીચ સેન્ટરથી 80 મીટરના સર્કલમાં ગ્રાઉન્ડની સાફ-સફાઈ જેસીબી અથવા લોડર દ્વારા કરાવવામાં આવશે.
- પીચના સર્કલથી 80 મીટર સર્કલમાં ગ્રાઉન્ડની લેવલીંગ કરવામાં આવશે.
- ગ્રાઉન્ડની બાઉન્ડરી લાઇન પર 8 થી 10 ફૂટના અંતરે બ્લોકની માર્કિંગ કરાશે .
- ગ્રાઉન્ડની ફરતે જરૂરિયાત મુજબ બેઠક વ્યવસ્થા કરવામાં આવશે
- બાઉન્ડ્રી લાઇન પર લાગેલ બ્લોક ઉપર 50, 100, 200, મીટરના માર્કિંગ કરવામાં આવશે અને આ લાઇનને જ રનિંગ ટ્રેક ગણવામાં આવશે.
- ગ્રાઉન્ડની ફરતે વૃક્ષારોપણ તથા વૃક્ષ ગાર્ડ લગાડવામાં આવશે.

**નોંધ:**

- આ કાર્ય સંપૂર્ણપણે સંસ્થાના નિયમ આધારિત રહેશે.
- ગામના યુવાનોને પણ આ કાર્યમાં શ્રમદાનમાં જોડાવવાનું રહેશે.
- સંસ્થા દ્વારા તૈયાર થયેલ ગ્રાઉન્ડ ની જાળવણીની જવાબદારી તેમજ કોઈપણ જાતની વહીવટી મંજૂરી, ગ્રામપંચાયતની મંજૂરીની જરૂર હોય તો તેની જવાબદારી જે તે ગામ તથા ગ્રાઉન્ડ કમિટીની રહેશે.

:: વધુ માહિતી માટે ::

જીગ્નેશભાઈ રાજગોર

કોલ - 8200066481 | વ્હોટસએપ - 8469536856

| મુકેશભાઈ ભટ્ટ | ભાવેન્દ્રસિંહ જાડેજા | હરેન્દ્રસિંહ જાડેજા | શંભુભાઈ આહીર | રામભાઈ ગઢવી |
|---|---|---|---|---|
| ૯૯૭૯૯ ૯૫૬૧૫ | ૯૮૨૫૮ ૩૭૭૦૪ | ૯૯૨૫૭ ૭૬૫૭૩ | ૮૩૨૦૮ ૨૯૮૨૬ | ૭૦૧૬૧ ૬૭૮૪૪ |

લિ. આપનો જ

જીગર તારાચંદભાઈ છેડા

પ્રમુખશ્રી સર્વ સેવા સંઘ (કચ્છ)ભુજ




## હમીરસર તળાવમાં ડૂબી જવાથી ભુજના ૮૧ વર્ષિય વૃદ્ધનું મોત

ભુજ - કચ્છઉદય : શહેરમાં હમીરસર તળાવમાં અવારનવાર ડૂબવાની ઘટના સામે આવે છે. તાજેતરમાં એક યુવતી પડી જતા સ્થાનીકોએ તેને બચાવી લીધી હતી. આ તરફ આજે સવારે રાજેન્દ્ર બાગ પાસેના તળાવમાંથી વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો હતો. ભુજ ફાયર બ્રિગેડને ફોન આવ્યો હતો કે હમીરસર તળાવમાં કોઈ અજાણી વ્યક્તિ પડી છે. કોલની ગંભીરતા લેતા ફાયર ઓફીસર સચિન પરમાર તેમજ સ્ટાફના જીગ્નેશ જેઠવા, ઈમ્તિયાઝ સમા, ઋષી ગોર, સંજયસિંહ સોઢા, રૂદ્ર જોશી સહિતના પહાચ્યા અને તળાવમાં બોડી બહાર કાઢવામાં આવી હતી. જી.કે.માં લઈ જતા તબીબે મૃત જાહેર કર્યા હતા. હોસ્પિટલ ચોકીએથી મળેલી વિગતો મુજબ જયનગરમાં રહેતા ૮૧ વર્ષિય મોડજી દાનસિંગજી ભાટી હમીરસર તળાવમાં ડુબી જતા મોત થયું હતું. બનાવથી અરેરાટી ફેલાઈ હતી. કેવા સંજોગોમાં વૃધ્ધ પડી ગયા તે બાબતે પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.


હાર્દિક અભિનંદન



શ્રી અવનીશ જે. ઠક્કર

ઉપપ્રમુખશ્રી, ગુજરાત રઘુવંશી લોહાણા સમાજ ફોરમ કચ્છ ઝોન

આપશ્રીની ઉપરોકત ગૌરવવંતા હોદા પર વરણી થતાં અમો હર્ષની લાગણી સાથે અભિનંદન પાઠવીએ છીએ. આપશ્રી સમાજના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ રહો તેવી શુભેચ્છા

- સુમરા રમજાનઅલી આમદ
- જાડેજા કિશોરસિંહ દાનુભા
- રામૈયા હેમલ સુભાષભાઈ


## અંજારની કંપનીમાં ક્રેન અને દિવાલ વચ્ચે દબાઈ જતા યુવાનનું મોત

**ક્રેનમાં ચડતી વખતે અચાનક ચાલુ થઈ જતા બની કરૂણ ઘટના : કામદારોમાં અરેરાટી ફેલાઈ**

અંજાર - કચ્છઉદય : અહીં વરસામેડી ખાતે આવેલ કંપનીમાં ક્રેન અને દિવાલ વચ્ચે દબાઈ જવાના કારણે યુવાનનું મોત થતા કામદારોમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી.

આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ૧ માર્ચના બપોરે ૩.૩૦ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. હતભાગી સાગર સોસાયટીમાં રહેતા ૩૩ વર્ષિય સત્યમકુમાર શ્રીમેન દિક્ષીત ક્રેનમાં ચડવા જતા હતા ત્યારે અચાનક ક્રેન ચાલુ થઈ જતા ક્રેન અને દિવાલ વચ્ચે દબાઈ જવાના કારણે શરીરે ગંભીર ઈજાઓ થતા મોત થયું હતું. આ બનાવથી કર્મચારીઓમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. અંજાર પોલીસે આ બનાવમાં હાલ તબક્કે અકસ્માત મોતની નોંધ દાખલ કરી છે, પરંતુ આવી ઘટનાઓમાં કેમેરા તપાસી બેદરકાર લોકો સામે ગુનો દાખલ કરી યુવાનને ન્યાય અપાવવો જોઈએ. કારણ કે મોત માત્ર વ્યક્તિનું નથી થતું તેની પાછળ કોઈનો દિકરો, કોઈના પિતા, કોઈના જીવનસાથી અને કમાવનાર વ્યક્તિનું મોત થાય છે. આ બનાવથી પરિવાર ઘેરા આઘાતમાં છે. જવાબદારો સામે કાર્યવાહી થવી જોઈએ.

આ ઉપરાંત પૂર્વ કચ્છના ખાનગી એકમોમાં વારંવાર આ રીતે શ્રમીકોના ઔદ્યોગીક ઘટનાઓમાં મોત થાય છે. પરંતુ સેફટી બાબતે દરકાર લેવામાં આવતી નથી. શ્રમીક એટલે નાનો વર્ગ માની જિંદગીની કિંમત નક્કી કરી દેવામાં આવે છે પરંતુ તેના પણ સપના હોય, પરિવાર હોય, આશાઓ હોય ત્યારે ખરેખર આદીપુરમાં આવેલી લેબર સેફટી કમીશનરની કચેરી સામે પણ સવાલો ઉઠયા છે. પૂર્વ કચ્છમાં કામદારોને કામના સ્થળે યોગ્ય સુરક્ષા અને સેફટીના સાધનો ન મળવા પાછળ તંત્ર તો લાપરવાહ છે પરંતુ આ ક્ષેત્રમાં અવાજ ઉપાડતી સંસ્થાઓ અને સંગઠનો પણ મૌન સેવીને બેઠા છે, જે ઘણું બધું કહી જાય છે.